ઈજીપ્તનો ઉદ્ધારક

અથવા

મુસ્તફા કામેલ પાશાનું જીવન ચરિત્ર.

લખનાર—



ક્ર ૨૦૫૪
૨૩૩

તથા બીજા લેખો

૧. પ્રેમા પટેલનો લોભ (વાર્તા)
૨. આફ્રીકાનો સત્યાગ્રહ
૩. જીવનદોરી (વાર્તા)

} ઈંડીઅન ઓપીનીયનમાંથી

પરવાનગીથી પ્રગટકર્તા—

ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત

તરફથી, વ્યવસ્થાપક

ઈશ્વરલાલ વીમાવાળા

ગાંડીવ-સદન કેળાપીઠ, સુરત.

સંવત ૧૯૭૮] મૂલ્ય ૬ આના. [સને ૧૯૨૨

Gandhi Heritage Portal

અગત્યના બોલ.

ગાંધી ગ્રંથમાળાના ત્રીજા મણકા તરીકે આ પુસ્તક જનસમાજની સમક્ષ રજૂ કરવામાં આવે છે. આશા છે કે ગુજરાતી વાંચક જગત તેને આવકાર આપશે.

આ પુસ્તક જોઇને વાંચનારની ખાત્રી થશે કે અમે ધીમે ધીમે અમારાં પુસ્તકોને જેમ બને તેમ સસ્તા બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. ગાંધી ગ્રંથમાળાના પહેલા મણકા ઉપર કીંમત કાંઇ વધારે પડતી મૂકાઈ છે એ અમે કબૂલ કરીએ છીએ. એનાં કારણ અમારી કેટલીક મુશ્કેલીઓ, પુસ્તક પ્રગટ કરવાની ઉતાવળ, અનુભવની ખામી વગેરે હતાં. છતાં સદ્‌ભાગ્યે પડેલા મણકાની લગભગ બધી નકલો હવે ખપી ગઇ છે અને થોડા વખતમાંજ નવી આવૃત્તિ છપાવવામાં આવશે તેની કીંમત પણ સસ્તીજ રાખવામાં આવશે.

અમારે દિલગીરી સાથે જણાવવું પડે છે કે ગાંધી ગ્રંથમાળાના ગ્રાહકોની સંખ્યા હજુ બહુજ ઓછી છે; જો પુસ્તક એકી વખતે મોટી સંખ્યામાં છપાય તો તેની કીંમતમાં બહુ સારો ઘટાડો કરી શકાય છે પરંતુ આંગળીને વેઢે ગણી જવાય એટલી ગ્રાહકોની સંખ્યા હોવાને લીધે અમે એકી વખતે ઝાઝો મત કઢાવવાની

Gandhi Heritage Portal

હિંમત કરી શકતા નથી. આપણી સમાજમાં વાંચન શોખ થોડો છે એવું કાંઇ નથી. પરંતુ વાંચક વર્ગમાં બે મોટી આમીઓ રહેલી છે. એક તો પુસ્તકો બીજા પાસે માંગી માંગીને વાંચવાની. અને બીજી લાયબ્રેરીઓમાંથી પુસ્તક મેળવવાની. આ બીજી ખામી કંઇ દરેક વાંચકને દુષણરૂપ નથી. ગરીબ અથવા સામાન્ય સ્થિતિના વાંચકો લાયબ્રેરી-ઓનાં પુસ્તક વાંચે એ તો ઠીક. પણ જ્યારે મોટા મોટા શ્રીમાનો અને સારી સ્થિતિવાળા મનુષ્યો પણ લાયબ્રેરી-ઓમાંથી પુસ્તક લઇ વાંચે ત્યારે એથી સાહિત્યની પ્રગતિ થવાને બદલે અવગતિ થાય છે. લાયબ્રેરીઓ ધર્મશાળારૂપ છે. સામાન્ય વર્ગ તેનો ઉપયોગ કરે એ સમજાય એવું છે. પણ જો શ્રીમાનો પણ ધર્મશાળા વાપરે તો ઘર કોણ બંધાવશે? આ સંબંધે વિશેષ લખવું ઉપયોગનું નથી. પરંતુ ઉપર્યુક્ત બે આમીઓને લીધે ગુર્જર સાહિત્યનો વિકાસ બહુજ ઓછો થાય છે એ વાત દરેક વાંચકે લક્ષમાં રાખવી ઘટે છે. **જો પોતાનામાં પુસ્તક ખરીદવાની શક્તિ હોય તો તે ઉછીનું લઇ વાંચવું એ પાપ છે એ હંમેશ યાદ રાખવું.**

અંતમાં એટલીજ વિનતિ છે કે આ પુસ્તકને વાંચનાર દરેક ભાઈ ગાંધી ગ્રંથમાળાનો ગ્રાહક થવા તેમજ બીજાઓને ગ્રાહક બનાવવા પ્રયત્ન કરશે.

ઇશ્વરલાલ વીમાવાળા.

Gandhi Heritage Portal

ઇજીપ્તના ઉદ્ધારક

મુસ્તફા કામેલ પાશા

નું

જીવન ચરિત્ર.

લેખક–મહાત્મા ગાંધી.

ઇજીપ્તના નામીચા આગેવાન મુસ્તફા કામેલ પાશા ગયા ફેબ્રુવારીમાં કેરો ખાતે ૩૩ વરસની નાની વયે ગુજરી ગએલ છે. તેમનું ટુંક જીવનચરિત્ર ઇજીપ્તના છાપા ઉપરથી અમે નીચે આપીએ છીએ.

તેમનો જન્મ ૧૮૭૪માં થયો હતો. ૬ વરસની ઉમરે તેમણે અભ્યાસ શરૂ કરેલ. થોડાજ વરસના અભ્યાસ બાદ તેઓ કેરોમાં નામીચા અબાસ પાશાની યાદગીરીમાં સ્થપાએલ સ્કુલમાં દાખલ થયા. તે વખતે તેમના પિતા અલી એફેંદી મહમદ મરણ પામ્યા, જેઓ સરકારી ખાતામાં મુખ્ય એન્જીનીયર હતા. મુસ્તફા કામેલ પાશાએ ૧૦ વરસની ઉમરે પ્રાથમિક કેળવણીની પરીક્ષા પહેલે નંબરે પસાર કરી. પછીના ચાર વરસમાં તેમણે મધ્યમ કેળવણીની પરીક્ષા પસાર કરી. જેમાં તેમણે એક ચાલાક અને બુદ્ધિશાળી વિદ્યાર્થી તરીકે નામ કાઢયું. પંદરમે વરસે કાયદાનો અને ફ્રેંચનો અભ્યાસ કરવા માંડયો. તે વખતે તેમની રાજદ્વારી

Gandhi Heritage Portal

જીંદગીનું બીજ રોપાયું. થોડી મુદ્દતમાં તેઓ અભ્યાસ માટે ફ્રાન્સ ગયા, અને ૧૯ વરસની ઉમરે કાયદાની પરીક્ષા પસાર કરી ડીગ્રી મેળવી.

પોતાના કાયદાના જ્ઞાનના બળવડે તેટલી ઉમરે તેમણે બહાદુરીથી રાજદ્વારી બાબતોમાં ઝંપલાવ્યું; અને એક મહાન લડત શરૂ કરી. તે માટે ભાષણોથી અને લખાણોથી મહેનત કરવામાં પોતાના મરણ સુધી મથ્યા. કેરોમાં કેટલીક મંડળીઓમાં જોડાયા અને ભાષણોથી તેના મેંબરોને રાજદ્વારી હીલચાલ માટે ઉત્સાહી બનાવ્યા. ફ્રાન્સના ટુલુસ શહેરના ફ્રેંચ ચેંબરને તેમણે એક કાગળ લખ્યો. તે તેમની રાજદ્વારી જીંદગીનું પહેલું અને એક જાણવા લાયક પગથીઉં હતું. તે કાગળમાં તેમણે ઇજીપ્તની હાડમારીઓ અને સંકટોનું વર્ણન કર્યું હતું. આ હિંમતવાન અને બુદ્ધિશાળી પગલાથી તેમને રાજદ્વારી વિષય પર જાહેરમાં બોલવા પહેલી તક મળી. ટુલુસના નામીચા રાજદ્વારીઓ આગળ ભાષણ કરવાને તેમને આમંત્રણ થએલું.

મુસ્તફા કામેલ પાશા પોતાના વાકચાતુર્યથી સાંભળનારાઓને કેવા છક કરી નાખતા તેનો ખ્યાલ જેણે તેમને બોલતાં સાંભળેલ હોય તેનેજ આવી શકે. જાહેર અથવા તો અાનગી વાતચીતમાં ને ખાસ કરીને પોતાના દેશની સ્થિતિ વિષે તેમને બોલતા સાંભળનારાઓને બહુજ રસ પડતો. જાહેર ભાષણમાં લોકોને જુસ્સો ચડાવી ઘેલાતુર

Gandhi Heritage Portal

બનાવી દેતા, અને પોતાના દેશાભિમાનની લાગણી વડે તેમના મન હરી લેતા. તેમની રાજનીતિ એકદમ પ્રજાપક્ષી (નેશનેલીસ્ટ, અથવા હિંદમાંની એકસ્ટ્રીમીસ્ટોની પદ્ધતિને મળતી) હતી. રાયથી તે રંક સુધી દરેક વર્ગના લોક તેમના ભાષણ સાંભળવા ઉભરાઇ જતા; અને તે દરેકને મુસ્તફા કામેલ પાશા પ્રજાકીય ભાઇચારાનો બોધ આપતા. કેરો અને આલેકઝાંડ્રીઆના લોકોમાં ૧૮૯૫ થી ૧૯૦૭ સુધી તેમણે પોતાનાં ભાષણો ફેલાવ્યા. તે ભાષણો તેઓ અત્યંત બુદ્ધિપૂર્વક અને સુંદર રીતે ઘડી કાઢી તૈયાર કરતા, અને હમેશાં તે ફતેહમંદ ઉતર્યા છે.

મુસ્તફા કામેલ પાશાને લોકો પોતાનો રખેવાળ અને ઉદ્ધારક ગણતા. લોકોનો તેમના પર કેટલો પ્યાર હતો તે વિષે ઘણી લાગણી ભરેલી વાતોઓ છે. જ્યારે જ્યારે કોઇ કોમને (અંગ્રેજ) સરકાર સામે ફરિયાદ હોય ત્યારે તેઓ મુસ્તફા કામેલ પાશાના છાપાની ઓફીસને ઘેરી લેતા, અને વચ્ચે પડવા અથવા રસ્તો બતાવવા પાશા આગળ પોકાર કરતા. તે વખતે તેમને કેમ વર્તવું તેની પાશા શિખામણ આપતા, અને કહેતા કે દ્રઢતા અને હિંમતથી કામ લ્યો. સત્ય અને ફરજને અડગ રીતે વળગી રહેજો. આ સદગુણોને લીધે પાશાએ પોતે નામ કાઢયું હતું.

લોકો તમને કેટલા પ્યારથી ચાહતા તેનો એક દાખલો પાશા મગરૂરી સાથે કહેતા. એક વખત ભાષણ

Gandhi Heritage Portal

આપવાના હોલમાં જવા માટે તેઓ "અરબાગી" ભાડે કરીને હોલમાં ગયા. પછી હાંકનારને કલાક કરતાં વધુ વખત સુધી બેઠી કરી મૂક્યો. ભાષણ કરી આવીને પાશાએ ભાડું આપવા માંડતાં હાંકનારે હઠ કરી પૈસા લેવા ચોખ્ખી ના પાડી, અને જણાવ્યું કે લોકના આગેવાનની સેવા કરવા માટે મને બહુ આનંદ અને મગરૂરી થાય છે. તેઓ લોકોમાં કેટલા ચહેવાતા તેની આવી ઘણી સાબીતીઓ મળી આવે છે. લોકો તેના બોલ સાંભળી ઝનુની બની જતા, અને ફરજ બજાવવા તથા ઇજીપ્તની ઉન્નતિ કરવા આતુર હતા.

વિદ્યાર્થી વર્ગમાં તેમની લોકપ્રિયતા બેહદ હતી. એક વિદ્વાન માણસે કહ્યું હતું કે ઇજીપ્તમાં કાયદાનો અભ્યાસ કરનારા બધાએ વિદ્યાર્થીઓ પાશાના પક્ષકારો હતા. જ્યારે પાશા યુરોપમાંથી પાછા ફર્યા ત્યારે તેમના માનમાં વિદ્યાર્થીઓ અને લોકોનું જેવડું સરઘસ નીકળ્યું હતું, તેવું એકે ઇજીપ્શીઅનના માનમાં અગાઉ કદિ નીકળ્યું નહોતું.

મુસ્તફા કામેલ પાશા એક ઉત્તમ ભાષણકર્તા હતા તે ઉપરાંત એક સરસ લેખક પણ હતા. ઇંગ્લાંડના 'ડેલી ન્યુસ' પત્રના જણાવવા પ્રમાણે દુનિઆના મુસલમાનોમાં તેઓ એક બાહોશ છાપાકાર હતા. નિશાળે જતા તે અરસામાં તેમણે 'રોમન ગુલામગીરી' પર પુસ્તક લખ્યું હતું, તથા 'પ્રજાઓની જીંદગી' એ વિષય ઉપર એક ગ્રંથ

Gandhi Heritage Portal

રચેલો. કેટલીક કવિતા લખી હતી તે ઉપરાંત 'એન્ડેલુશીયાની જીત' એ વિષય ઉપર ઐતિહાસિક નવલકથા બનાવી હતી. તેમની કલ્પનાશક્તિ અને ખંત અખુટ હતાં; પુરી વીસ વરસની ઉમર નહોતી થઇ તે વખતે તેમણે 'અલ મદ્રેસા' નામનું માસિક કાઢયું; જે તેમનાં લખાણોની તીખાશ અને નવીનપણા માટે પ્રસિદ્ધ થએલ. ૧૯૦૦ ની સાલમાં તેમણે 'લીવા' પત્ર કાઢયું. તે પહેલાં તેઓ ઇજીપ્શીઅન અને પરદેશી માસિક પત્રોમાં તથા છાપાઓમાં લખાણો કરતા. ફ્રેંચ ભાષાનું તેમનું જ્ઞાન સંપૂર્ણ હોવાથી યુરોપી લોકો આગળ ઇજીપ્તનો સવાલ મૂકવાની તેમને કિંમતી તકો મળેલી. આગળ ચાલતાં તેમના પર કામનો અત્યંત બોજો વધેલો, છતાં પણ વખત બચાવી તેમણે જાપાન વિષે એક પુસ્તક લખ્યું, તથા પૂર્વના સવાલ ઉપર એક ગ્રંથ બનાવ્યો.

તેમના ઘણાખરા ગોરા મિત્રો ફ્રેંચ લોકોમાં હતા; જેઓમાં પાશાના મરણના દુઃખદાયક સાંભળીને હાહાકાર થયા વગર રહેશે નહિ. તેમના સદગુણોને લીધે ઘણા લોકો તેમના તરફ ખેંચાતા. તેમની રીતભાત અને વાતચીતની મીઠાસથી લોકોનાં મન હરાઇ જતાં અને તેઓ મુસ્તફા કામેલ પાશાના (નેશનાલીસ્ટ) પક્ષમાં જોડાતા. મેડમ જુલીએટ એડમ જે તેમનાં જીંદગી સુધીનાં મિત્ર હતાં તેમણે મુસ્તફા કામેલ પાશાના ભાષણોની ફ્રેંચ આવૃતિની પ્રસ્તાવનામાં લખ્યું છે કે " મુસ્તફા કામેલ પાશાએ આખા

Gandhi Heritage Portal

યુરોપની મુસાફરી કરી છે, જે દરમ્યાન રાજદ્વારી અને છાપાંના નામીચા માણસો સાથે તેમણે દોસ્તી બાંધી છે. એ દોસ્તી પોતાના દેશના હિત માટે તેમને કામ લાગેલી.

બ્રિટીશ રાજનો અમલ થયા પછી ઇજીપ્શીઅન સામે તિરસ્કાર અને આંધળાપણું બતાવવાનું જે પૂર શરૂ થએલું તેને અટકાવી દેવા માટે મુસ્તફા કામેલ પાશાનો મહાન પ્રવાસ હતો. તેમાં તેમને ફતેહ મળેલી એ વાતની કોઈ ના પાડશે નહિ. આજે ફ્રેંચ લોકો બધી જગ્યાએ ઇજીપ્શીઅન વિષે ઉંચો મત ધરાવે છે, અને તેમના તરફ ઘણી દિલસોજી બતાવે છે તે મુસ્તફા કામેલ પાશાએ આદરેલી મહાન લડતને લીધે છે. ભાષણો, સંવાદો, અને લખાણો વડે તેમણે બતાવી આપ્યું હતું કે દેશોન્નતિ માટે ગમે તેટલી મહેનત કરતાં પણ તેઓ થાકે તેમ નહોતું. તેમનાં લખાણો અને ભાષણોમાંથી ઇટાલીના મહાન દેશ ભક્ત માઝીનીનાં સિદ્ધાંતો મળી આવે છે. સત્ય અને ન્યાયનો અંતે જય છે એવો માઝીનીને જે વિશ્વાસ હતો તે પાશાનાં ભાષણો અને લખાણોમાં બહુ જોવામાં આવે છે. બેદરકારી, સ્વદેશાભિમાનની ખામી, અને કાયરતા, એટલા દુર્ગુણને તેઓ ઇજીપ્તના દુશ્મન બરાબર ગણતા, અને તેથી તેને દૂર કરવા મોટી તકરારોમાં ઉતરતા.

પશ્ચિમના અક્કલમંદીનાં સાધનો વગર ઇજીપ્તની બરી ઉન્નતિ થશે નહિ એમ તેમને ચોકસ ઠસી ગયું હતું. પશ્ચિમ

Gandhi Heritage Portal

અને પૂર્વના લોકોનો સંબંધ વધુ ઘાડો હોવાની જરૂર વિષે બોલવામાં તેમણે બાકી રાખ્યું નહોતું. છતાં ઇસ્લામી તરીકે તેઓ ચુસ્ત હતા. ધાર્મિક સુધારાની બાબતમાં તેમનો ઉત્સાહ બેહદ વધી જતો. તુર્કી સાથેનો સંબંધ બહુ જાણીતો હતો. તેથી બીજાઈને કેટલાક ગોરાઓએ તેમને 'ટરકોફાઇલ' એવું નામ આપેલું. ઇજીપ્તની સ્વતંત્રતાની આડે તુર્કી આવે નહિ એવી તેમની રાજનીતિની માન્યતા હતી. ના. સુલતાન તેમના રાજદ્વારી વિચારો માટે તેમને માન આપતા, અને તેમને 'બીજા વર્ગના મજીદીઆ' તથા 'ફતબા-ઉલ-મુફ્તાની' એવા બેતાબો તેમણે બક્ષેલા.

તેમની જીંદગીનાં છેલ્લાં વરસોના કામથી આખું ઇજીપ્ત સારીપેઠે વાકેફગાર બનેલું. પોતાની ઉમર વધતી ગઈ તેમ તેમ તેમણે વધુ કામો કરવા માંડેલાં. કશાથી તેઓ ડરે તેવા નહોતા, કે પોતાની હીલચાલને તજે તેવા નહોતા. સુદાનનો કબજો ઇંગ્લાંડે લીધો એ વગેરે બનાવોથી ઇજીપ્તના લોકોની સ્વતંત્રતા પર નિર્દય ફટકા લાગ્યા પણ તેવી કોઇ કમનશીબીથી પાશા એક પણ ક્ષણ નાઉમેદ નહિ થએલા. જેમ જેમ તેમના ટેકો દેનારાઓ બસી જતા ગયા, અને બીજા બીકણ દોસ્તો ઇજીપ્તની હિમાયત તજી દેતા ગયા, તેમ તેમ મુસ્તફા કામેલ પાશાની હિંમત વધુ જોર પકડતી ગઈ, ને તેમણે વધારે ને વધારે મહેનત લેવા માંડી.

૧૯૦૬ના ડીસેંબર માસમાં તેમણે ઇજીપ્તના 'નેશ-

Gandhi Heritage Portal

નલ' પક્ષની સ્થાપના કરી. તે તેમનું છેલ્લું મહાન કાર્ય હતું. તે દિવસે મોતના બીછાનેથી ઉઠીને તેમણે જે ભાષણ આપ્યું તેથી હજારો લોકો લાગણીના આવેશમાં ગાંડા જેવા બની ગયા. અને તાળીઓની મોટી ગર્જના કરી મુકી. તેમના (નેશનાલીસ્ટ) પક્ષના સિદ્ધાંતો પાળવા તેઓએ જે વચનો આપેલાં તે મરતી વખતે પોતાના સ્વદેશી ભાઇઓને માટે મુસ્તફા કામેલ પાશાએ મુકેલા વારસા બરાબર ગણાશે.

પોતાના પક્ષની સ્થાપનાના કામ માટે પડેલી અથાગ મહેનતને લીધે તેમની નાજુક તબીયતને ધોકો પહોંચ્યો, કે જેથી તે ફરીથી ઉઠયા નહિ. મરણને બીછાને સુતાં સુતાં પોતાની લડત જારી રાખી, અને વડા પ્રધાન પર, તથા સર એડવર્ડ ગ્રેપર લખાણો કર્યાં અને ઇજીપ્શીઅનો સ્વરાજ્ય ભોગવવા લાયક નથી એવા આરોપનો સખત જવાબ વાળ્યો. ત્યારપછી ૬ ઠે દિવસે તેમની જીંદગીનો અંત આવ્યો, અને ફેબ્રુવારીની ૧૦ મી તારીખે તેમણે દેહ છોડયો.

મુસ્તફા કામેલ પાશાના મરણના અબર જાહેર થતાં ફેલાએલી ગમગીની વિષે તથા તેમના પાયદસ્ત સંબંધમાં ઇજીપ્તના છાપામાં નીચે મુજબ બ્યાન છેઃ—

મુસ્તફા કામેલ પાશાના મરણના અબર ફેલાતાં મોટી ગમગીની ફેલાઇ અને અસંખ્યાત લોકો 'લીવા' પત્રની ઓફીસે ભરાવા લાગ્યા. વૃદ્ધ માણસો નાના બાળકની પેઠે

Gandhi Heritage Portal

પોકેપોક મૂકીને રડતા હતા. પુરૂષો અને યુવાનો મોટેથી રૂદન કરી વિલાપ કરતા હતા; અને એવો શોકજનક દેખાવ થઇ રહ્યો હતો કે પત્થર જેવું કઠણ હૈયું પણ પીગળી ગયા વગર રહે નહિ.

આખો દિવસ લોકોની ઠઠ 'લીવા' પત્રની ઓફીસ આગળ જામેલીજ રહી હતી. ત્યાં આગળ ઉભો કરેલો તંબુ શોકમાં ડૂબેલા લોકોથી ગીચ ભરાઇ ગયો હતો. મુસ્તફા કામેલ પાશાના ઘરમાંથી જનાજો નીકળ્યો તે વખતની રડારોળ બ્યાન ન થઇ શકે તેવી હતી. કઠણ છાતીના દેખાતા મરદોની આંખોમાંથી ચોધાર આંસુઓ વહેવા લાગ્યાં. સ્ત્રીઓ તથા બીજાઓના રૂદનથી મોટો કોલાહલ થઇ રહ્યો. જનાજા પર ઇજીપ્તનો વાવટો લપેટેલો જણાવવામાં આવે છે. રસ્તા પર પહોંચતાં કેટલીક વારે લોકો એક સરઘસના આકારમાં ગોઠવાઇને ચાલવા લાગ્યા. મુસ્તફા કામેલ પાશાની નિશાળના વિદ્યાર્થીઓ મોખરે ચાલતા હતા. ખેદીવની કાયદાની તથા દાક્તરી નીશાળોના વિદ્યાર્થીઓ હાથમાં કાળો વાવટો લઇ ચાલતા હતા. બીજી નિશાળોના વિદ્યાર્થીઓએ પણ જુદાં જુદાં શોકનાં ચિન્હો હાથમાં લઈને સરઘસમાં ભાગ લીધો હતો. બીજા હાજર માણસો મળી સરઘસમાં ભળેલાની સંખ્યા એક લાખ ઉપર હતી. આ જંગી સરઘસ ત્રણ ત્રણ માઇલની લંબાઇપર પથરાએલું જણાવવામાં આવે છે.

લોકની મેદનીને લીધે સરઘસના રસ્તા પર ગાડી વગેરે વાહનની આવજાવ સાવ બંધ કરવામાં આવી હતી.

Gandhi Heritage Portal

કેટલેક ઠેકાણે એટલી ભીડ થતી હતી કે લોકોને ચાલવાનું પણ મુશ્કેલ પડતું હતું. અકસ્માત ન થવા માટે, તથા વ્યવસ્થા રાખવા માટે ફરતા પોલીસના માણસોમાંના કેટલાકની આંખમાંથી આંસુ ટપકતાં હતાં. રસ્તા ઉપર બારીએ બારી અને અગાસીએ અગાસી સ્ત્રી તથા પુરૂષોથી ભરાયેલી હતી અને ઠામ ઠામ સ્ત્રીઓ તથા પુરૂષો તથા છોકરાંઓ પોતાના પ્યારા આગેવાન માટે પોકેપોક રડતા સંભળાતા હતા, તથા જોવામાં આવતાં હતાં. તે વખતનો દેખાવ કાળજું ચીરી નાંખે તેવો હતો.

આસ્તે આસ્તે ચાલતાં સરઘસ "કેસા ઊનની" મસ્જીદે પહોંચ્યું, જ્યાં ૨૦ મીનીટ બંદગીમાં ગુજર્યા પછી ફરીથી તે આગળ વધ્યું. જે વખતે તે અવલમંજીલ પહોંચ્યું તે વખતે સમુદ્રનાં મોજાંની પેઠે શોકમાં ડુબેલાં માણસો ચારે દિશામાંથી આવતાં જણાતાં હતાં. શબને કબરમાં મૂકતાં લોકો અચકાવાથી કેટલોક વખત ગયો હતો. પાયદસ્તની ક્રિયા વખતે ઇસ્માઈલ પાશા સબરી જેમણે એક વખત ન્યાયખાતાના વડાનો હોદ્દો ભોગવેલ હતો તેમણે બનાવેલ મરશીયા પઢવામાં આવ્યા હતા, જે સાંભળી લોકો લાગણીને લીધે હૈયું ભરાઇ આવતાં ડુસ્કે ડુસ્કે રડતાં હતાં.

મરશીઆની કેટલીક કડીઓ નીચે મુજબ છે:—

"ઓ કબર, તારા મહેમાનને તું માનપૂર્વક આવકાર દે. આખી દુનીઆની પ્રજાની આશા તેનાપર હતી.

Gandhi Heritage Portal

ભર જુવાનીમાં તમારા જેવો દેશદાઝક, અને અમીર દિલનો નર મરણ પામ્યો છે તે દુઃખ અમે સહન કરી શકતા નથી. ફતેહનો રસ્તો તમે અમને બતાવ્યો છે. દેશોન્નતિની જે ઈમારત તમે ઉભી કરેલી છે તેનું અમે રક્ષણ કરશું. તમે રડવાને કદિ ઉત્તેજન આપ્યું નથી, પણ આજે એક દિવસ શોકમાં પડવાની અમને છુટ્ટી આપજો. કાલ સવારથી તમે છોડેલું કામ અમે ખડકની જેમ મજબૂત થઈ ઉપાડી લઇશું."

પાયદસ્તની ક્રિયામાં ભાગ લેનારાઓમાં ઘણા નામાંકિત માણસોએ હાજરી આપી હતી.

ઈજીપ્ત માટે સ્વતંત્રતા મેળવવાની આશા રાખનારાઓમાં ૧૦મી ફેબ્રુઆરી નો દિવસ મોટા શોકનો હતો. કેરો શહેરના ઈતિહાસમાં તેવા શોકનો દાખલો અગાઉ કદિ જોવામાં આવ્યો નહોતો. અને જેમણે એમની પાયદસ્તનું સરઘસ જોએલું હશે તેઓ લાંબા વખત સુધી એ દિવસને ભૂલશે નહિ એવું જણાવવામાં આવે છે.

મુસ્તફા કામે. પાશાએ સ્થાપેલા નેશનાલીસ્ટ પક્ષ વિષે કેટલીક હકીકત નીચે મુજબ છે:—

નેશનલ પાર્ટીની સ્થાપના કરવાને એ પક્ષના ૧૦૦૦ જેટલા મેંબરોની એક ગંજાવર મીટીંગ ગયા ડીસેંબરમાં મળી હતી. તે વખતના ઠરાવોમાં પહેલો કાનૂન એવો છે કે મુસ્તફા કામેલ પાશા જીંદગી સુધી એ પક્ષના આગેવાન ગણાશે. તેમના મરણ પછી ૧૦ દિવસ મીટીંગ ભરી નવા આગેવાનને

Gandhi Heritage Portal

ચૂંટી કાઢવો. નેશનાલીસ્ટ પક્ષના મેમ્બરોની એક કોંગ્રેસ દર સાલ ભરવી તેમાં ચૂંટણી કરીને કારોબારી કમીટી નીમવી. તેમાંના આઠની કમિટીની દર અઠવાડીએ મીટીંગ ભરવી.

નાઇલ નદીના આખા પ્રદેશમાં એ પક્ષના વિચારોનો છાપાદ્વારા તથા ભાષણોદ્વારા ફેલાવો થયો છે. એ પક્ષના ધનાઢ્ય મેંબરોએ પોતાને ખરચે કેટલીક નિશાળો કાઢી છે. જે વડે એ પક્ષના સિદ્ધાંતોનો દિવસે દિવસે બહોળો પ્રચાર થતો જાય છે. તે પક્ષનો ઉદ્દેશ ઈજીપ્ત માટે પાર્લામેંટ સ્થાપવાનો છે, તે મળતાં સુધી નેશનાલીસ્ટ પક્ષની કોંગ્રેસ દર સાલ મળતી રહેશે, અને લોકોને પોતાના હક જાળવવા માટે લાયક બનાવવા, તથા તેમનો ઉદ્ધાર કરવા બનતું કરશે.

નેશનાલીસ્ટ પક્ષની લડતમાં બ્રિટીશ સરકાર આડે આવી શકતી નથી, કારણ કે એ પક્ષ ડહાપણ વાપરી હુલ્લડખોર વર્તણુંકને ઉત્તેજન દેવાનો ઇન્કાર કરે છે.

આ સંબંધમાં ૬૦૦૦ માણસની એક ગંજાવર મીટીંગ આગળ મુસ્તફા કામેલ પાશાએ જણાવ્યું હતું કે 'ઇજીપ્તના લોકોને હાલની સ્થિતિથી જાગૃત કરવાનો, પ્રજાકીય જુસ્સો પેદા કરવાનો, પ્રજાની બે કોમો વચ્ચે એકસંપી અને સુલેહ ફેલાવવાનો રસ્તો આ પક્ષ ગ્રહણ કરશે. તેનો મુખ્ય ઉદ્દેશ એવો છે કે છેવટે ઇજીપ્તમાં પ્રજાના પ્રતિનિધિઓને રાજ કારભાર મળવો જોઇએ, તથા તેમની ઉપર યુરોપની પાર્લા મેંટોના જેવી પાર્લામેંટની સર્વોપરી સત્તા ગણાય; અને ઇજીપ્તને અંદરના વહિવટ માટે સંપૂર્ણ સ્વતંત્રતા (ઇંગ્લાંડના કાબુવગરની) મળે.

Gandhi Heritage Portal

પ્રેમા પટેલનો લોભ

અથવા

માણસ કેટલી જમીનનો માલિક હોઇ શકે?

પ્રકરણ ૧ લું.

એક ગામડિયા બ્હેનને તેની મોટી શહેરી બ્હેન એક દહાડો મળવાને આવી. મોટી બ્હેન એક શહેરી દુકાનદારને અને નાની બ્હેન એક ખેડૂતને પરણી હતી. બંને બ્હેનો એક દિવસ વાળુ કરતી કરતી વાતે ચઢી. મોટી બ્હેન શહેરની જીંદગીની બડાઇ કરવા લાગી. પોતે કેવી સારી રીતે રહે છે, રહેવાને કેવું સારૂં મકાન છે, છોકરાંને અને પોતાને કેવાં મજાનાં કપડાં પહેરવાને મળે છે, કેવું કેવું ખાવાનું મળે છે, વરા, જમણવાર, નાટક, મેળા વિગેરેમાં જતાં કેવી મોજ પડે છે. એ બધું તેણે રસથી કહી સંભળાવ્યું.

નાની બ્હેનને આથી ચટકો લાગ્યો. તે વેપારી જીંદગી વખોડવા લાગી અને ખેડૂતની જીંદગીને વખાણવા લાગી. *તે બોલી કે "હું તો આ જીંદગીને છોડીને તારી જીંદગી ભોગવવાનું પસંદ કરૂં નહિ.

---

* મૂળમાં "તેણી" છે તે અમે સુધાર્યું છે. વ્ય. ગાં. સા. મં.

Gandhi Heritage Portal

અમે ગરીબ ભલે રહ્યાં, પણ અમારે કાંઇ વ્યાધિ નથી. તમે વધારે ઠાઠથી રહેતાં હશો. પણ તેથી ઝાઝું કમાવાની હાયવોય તમારે કરવી પડતી હશે. અને ઝાઝું કમાવા જતાં ઝાઝું ખોઇ પણ બેસો. આજે તમે શાહુકાર થઇ ફરો, પણ કાલે તમારે ભીખ માંગવી પડે એવો અવસર પણ આવે. અમે કદિ ધનાઢય નહિ થઇએ તે બરોબર; પણ અમને પેટ પૂરતું રોજ મળી રહેશે."

"પેટ પૂરતું મળી રહેશે?" મોટી બ્હેન બોલી ઉઠી. "ચાલો તેમાં તે શું સંભળાવ્યું? કૂતરાં ભીંદડાંને જેમ મળી રહે છે તેમ તમને પણ મળે; પણ નહિ તમે નાતના કે જાતના, નહિ રીતના કે ભાતના. તારો ધણી બિચારો ગમે તેટલી મહેનત કરશે છતાં તમે રહેવાના ઉકરડામાં અને મરવાના પણ ઉકરડામાં; અને તમારા છોકરાંઓનું પણ તેમજ."

"તેમાં શું થઇ ગયું?" નાની બ્હેને હિમ્મતથી જવાબ વાળ્યો. "અમે ભલે તેવાં રહ્યાં, પણ અમારે નિરાંત છે. અમારે નથી કોઇની પાસે વાંકા વળવાનું, કે નથી કોઇની દહેશત. તમને શહેરના રહેવાસીઓને ઘણાએ લાલસા હોય છે. આજે તારી હાલત સારી છે, અને કાલે તારા ધણીના મગજમાં ભૂત ભરાય, તો જૂગાર દારૂ કે સ્ત્રીના ફંદામાં ફસાઇ બધું ગુમાવી દે. કેમ બરૂં કે નહિ?"

પ્રેમો પટેલ (નાનીનો ધણી) ઓટલા પર પડ્યો બધું સાંભળતો હતો. તે વિચાર કરવા લાગ્યો કે "આ વાત બરી છે. જે માણસ બાળપણથી મહેનત કરતાં અને ધરતીનાં ઢેફાં ભાંગતાં શીખ્યો હોય તો પછી તેના મગજમાં ભૂત ભરાતું નથી. પણ મારે મુસ્કેલી એ છે કે પૂરતી જમીન મારી પાસે નથી. જે મારે જોઇએ તેટલી જમીન હોય તો પછી હું બાજરા ભૂતનીયે પરવા ન કરું."

Gandhi Heritage Portal

બંને બ્હેનો વાળુ કરી પરવારી રહી ગઇ. પણ ડહેલીએથી બાજરો ભૂત પસાર થતો હતો તેણે પ્રેમા પટેલના વિચાર જાણ્યા અને મનમાં બોલ્યો કે "આ પટેલને મારી સાથે મેદાન પડવાનો ગર્વ થયો છે. ઠીક છે, હું તેને જોઇએ તેટલી જમીન આપીશ અને પછી જોઇશ કે તે શું કરે છે.'

પ્રકરણ બીજું.

ગામડાંની નજીકમાં આશરે ૩૦૦ એકર જેટલી જમીન એક શેઠીઆના તાબામાં હતી. તે શેઠીઓ આસપાસના ખેડૂઓ સાથે સારી રીતે રહેતો હતો. પણ તેણે એક નવો કારકુન રાખેલો તે બધા પાડોશીઓને બહુ સતાવવા લાગ્યો. કોઇનાં ઢોર છૂટી તેની જમીનમાં આવે તો દંડ કરાવતો. પ્રેમો પટેલ બહુ સંભાળીને રહેતો છતાં તે તેના સપાટામાં આવી જતો. આથી તે બહુ કંટાળી ગયો હતો. તેવામાં તેને ખબર મળ્યા કે પેલા ૩૦૦ એકર વેચવામાં આવનાર છે અને કોઇ જમીનદાર તેને ખરીદી લેવા માંગે છે આથી ખેડૂઓ બધા ચિંતામાં પડ્યા. તેઓ વિચારવા લાગ્યા, કે "આ તો ઉલામાંથી ચૂલમાં પડવા જેવું થશે. નવો જમીનદાર આપણાં લોહી ચુસી જશે. આપણાથી બીજે કયાંય ચાલ્યું જવાશે નહિ."

આથી ગામના બધા ખેડુતો મળી શેઠીઆ પાસે ગયા, અને તેને વિનંતિ કરી કે તે જમીનદારને પેતી જમીન વેચવાને બદલે તેઓનેજ વેચે. તેઓ વધારે કિમ્મત આપવા તૈયાર થયા. શેઠીઆએ તે વાતની હા

Gandhi Heritage Portal

કહી. પછી ખેડૂઓ બધા સાથે મળીને તે જમીન ખરીદી લેવાનો વિચાર કરવા એકઠા થયા. ઘણીએ મસલત કરી, પણ પૈસો આગળ તેઓને વધવી પાડતો, એટલે તેઓ કાંઈ નીવેડા પર આવી શકયા નહિ. આખરે એવું નકકી થયું, કે સૌ પોતપોતાને માટે ગમે તેટલી જમીન ખરીદે. આ વાત પણ શેઠિયાએ કબૂલ રાખી. પ્રેમા પટેલે સાંભળ્યું કે તેમાં એક પાડોશીએ સાઠ એકર જમીન ખરીદી લીધી છે, અને શેઠિયાએ અરધોઅરધ પૈસા બે વરસ મુદ્દતમાં ભરી દેવાનાં કાંધા પણ તેને કરી દીધાં છે. પ્રેમા પટેલનાં મનમાં થયું કે આ તો બધા જમીન ખરીદી લેશે અને હું રહી જઈશ. આથી તેણે પટલાણીને બોલાવી કહ્યું :

"આ બધી જમીન ખરીદવા મંડયા છે. આપણે પણ ત્રીસેક એકર ખરીદીએ. એ વિના છૂટકો નથી. કોઇ જમીનદારને પનારે પડયા તો દંડ ભરીનો ડૂચો નીકળી જશે." બંનેએ જમીન લેવી એવો ઠરાવ કર્યો, સોએક રૂપિયા તેઓએ સંધરી રાખ્યા હતા. બાકી વાછડો વેચ્યો, કંઠક દાણો વેચ્યો, છોકરાને નોકરીએ રખાવ્યો, અને એમ કરીને થોડાક વધુ રૂપિયા ભેગા કર્યા. આમ જમીનની અડધી કિમ્મત તો ભેગી કરી. પછી પ્રેમા પટેલે સારી, થોડી ઝાડીવાળી પચાસેક એકર જેટલી જમીન પસંદ કરી અને શેઠિયા પાસે સોદો કરવા ગયો અને બાકીના પૈસા લઇ અંત બનાવ્યાં, અને બાકીના પૈસાના કાંધા કરી બે વરસે પૂરા કરવાની શરત કરી આપી.

પ્રેમા પટેલ હવે પોતીકી જમીન ઉપર રહેવા લાગ્યા. બીયાં ઉછીના લઇ નવી જમીનમાં વાવેતર કર્યું અને મજાનો પાક ઉતાર્યો. એકજ વરસમાં તેણે દેવું બધું ખલાસ કર્યું, અને પોતે જમીનદાર થઇ બેઠો, ઢોરાંને પણ પોતાની જમીનમાં ચરાવવા લઈ ગયો ઘાસ

Gandhi Heritage Portal

વધતું, તેની ગંજી બદકવા લાગ્યો. બળતણ પણ બીજે કયાંયથી લાવવાનું ન રહ્યું, પોતાનું બેતર, પોતાની વાડી, એ બધું જોઇને પટેલનાં કાળજાં ટાઢાં થયાં. જમીન તેના હાથમાં આવ્યા પછી તેનો રંગ બોર થઇ ગયો.

પ્રકરણ બીજું.

પ્રેમા પટેલ હવે સુખે રહેવા લાગ્યા. માત્ર બે આડોશી પાડોશીઓનાં ઢોરઢાંખર જમીનમાં દાખલ થઇ તેને પજવતાં ન હોત તો તેના જેવો સુખિયો કોઇ નહોતો. તેણે બધાંને બહુ ચેતવણી આપી; પણ તેની કનડગત અટકી નહિ. કોઇ દહાડો કોઇની ગાય તો કોઇ દિ કોઇનું ઘોડું જમીનમાં દાખલ થઇ જાય. અને ઘઉં વિગેરેનો કચ્ચરઘાણ વાળી નાંખે. પ્રેમા પટેલે બહુએ વાર તેના પાડોશીઓને ચેતવણી આપી જવા દીધા. પણ અંતે તે કામર થયો. તેથી કોરટે ચઢવાનું તેણે ધાર્યું. તે જાણતો હતો કે કોઈ જાણી જોઇને ઢોરને છોડી મૂકતું નથી; છતાં તેણે વિચાર કર્યો, કે "દરરોજ આવું કેમ પાલવે? એમને એમ ચલાવવા દઉં તો મારો બધો પાક ખલાસ થાય, માટે તેમને શીખ દીધા વિના ચાલે તેમ નથી"

આથી તેણે હવે દરવેળા કોર્ટે ચઢવાનું શરૂ કર્યું. ઘણાએ બેડૂઓને—એક વખત, બે વખત અને પછી તો ઘણીએ વાર દંડ કરાવ્યા. આથી બેડૂઓ બધા ચિઢાયા, અને પ્રેમા પટેલને ઘરાહાર હરકત કરવા લાગ્યા. એક રાત્રે એકે તેની જમીનમાં આવી બધાંએ બાવળનાં ઝાડ પાડી નાંખ્યાં અને તેની છાલ લઇને ચાલતો થયો. પ્રેમા પટેલે સવારે ઉઠી ફરતાં ફરતાં જોયું તો એકે બાવળનું ઝાડ

Gandhi Heritage Portal

રહ્યું નથી. તેના ગુસ્સાનો પાર રહ્યો નહિ. તે મનમાં બબડ્યો કે "જો હું આ ચોરને જાણું તો પછી તેના પૂરા હાલ કરું."

પટેલ વિચારવા લાગ્યા, કે "આ તે કોણ હશે?" આખરે તેને સૂઝી આવ્યું કે તે કામ પેલા જસા પટેલનું જ છે. તે જસાના વાડા આગળ ગયો, આમ તેમ ડોકિયું કર્યું, પણ છાલ ક્યાંય નજરે ચઢી નહિ; છતાંએ લેવાદેવા વિના જસા સાથે વઢી પડ્યો. જસાએજ આ કામ કર્યું એવી તેને વધુ ખાતરી થઇ, અને ફરિયાદ માંડી. કોર્ટે ખૂબ તપાસ કરી પણ પૂરાવે નહિ મળતાં તેને છોડી મૂક્યો. પ્રેમો પટેલ તો ગુસ્સાથી બેબાકળો બની ગયો, અને પોલિસ પટેલ, ન્યાયાધિશ, બધાની સાથે તકરાર કરી પડ્યો. તે ધમકાવવા લાગ્યો, કે "તમે બધા ચોરની રક્ષા કરો છો, જો તમે પ્રમાણિકપણે રહેતા હો તો તેને જતો કરોજ નહિ" આમ પ્રેમો પટેલ તેના આડોશી-પાડોશી અમલદારો એ બધાંની સાથે કજીયો કરી બેઠો. પાડોશીઓ તો એટલા ચિઢાયા કે તેનું ઘર તથા વાડો વિગેરે બાળી નાંખવાની ધમકી દેવા લાગ્યા. નવી જમીન ખરીદવાથી પ્રેમાને જમીનમાં તો ઘણોએ માર્ગ થયો, પણ તેને માટે દુનિયામાં ક્યાંય માર્ગ ન રહ્યો.

આમ ચાલતું હતું, તેવામાં એવી વાત ફેલાઈ* કે બધા માણસો નવી જગ્યા ઉપર રહેવા જતા છે. પ્રેમાએ આ વાત સાંભળી. તેણે વિચાર્યું, કે "આપણે તો આ જમીન છોડવીજ નહિ. આસપાસના લોકો જો અહિંથી નીકળે તો પીડા ઓછી થાય. હું તેઓની જમીન ખરીદી લઉં અને પછી સુખે રહું."

એક દિવસ પ્રેમા પટેલ ઘેર હતા ત્યાં કોઇ એક મહેમાન ચઢી આવ્યો. તેની તેણે પરોણાગત કરી અને રાત રહેવા આગ્રહ કર્યો.

---

* મૂળમાં "ફેલાણી" છે.

Gandhi Heritage Portal

રાત્રે બંને વાતો કરવા બેઠા. કયાં રહેવું, કયાંથી આવો છો વિગેરે સવાલો પ્રેમાએ પૂછ્યા. વાતમાં ને વાતમાં તે મુસાફરે કહ્યું કે "હું દક્ષિણમાંથી આવું છું. તે હજુ વસતુંજ જાય છે. ત્યાં જમીન બહુજ સોંઘી મળે છે. અને એટલી તો રસાળ છે કે જો અજાણતાં દાણો જમીન પર પડયો હોય તો તે પણ ઉગી નીકળે છે. અને એક ડૂંડામાંથી બેબા જેટલું અનાજ નીકળે છે. ત્યાં હમણાં એક સ્હાવ નિર્ધન બેડૂત આવ્યો હતો તેણે એક વરસ બરોબર મહેનત કરી તેમાં તો તે થોડી જમીન અને કેટલાંક ઢોરો પણ બરીદી શકયો."

પટેલ આ સાંભળી બૂશબૂશ થઇ ગયા, અને વિચારવા લાગ્યા, કે: "જો સોંઘી જમીન મળતી હોય તો આપણે આવી બિચોબીચ વસ્તીમાં શા માટે રહેવું ? હું મારાં ઘરબાર વેચી નાંબીશ અને ત્યાં જઇને નવાં ઘરબાર બનાવીશ અહિં રોજ વસ્તી વધતી જાય છે, અને તેથી મારે દિવસે દિવસે વધારે મુસ્કેલીઓ વેઠવી પડશે. માટે ચાલ પહેલાં તો તે જગ્યા જોઇ આવું."

હવે જ્યારે મહા મહિનો આવ્યો ત્યારે તે નવી જમીન જોવાને ચાલી નીકળ્યો. થોડેક સુધી ગાડી, થોડેક સુધી પગે એમ મુસાફરી કરતાં કરતાં દોઢસોક ગાઉ કાપ્યા, ત્યારે પેલા મ્હેમાને કહેલી જગાએ તે પહોંચ્યો.

અહિં આવી તેણે જોયું, તો જેવું વર્ણન સાંભળ્યું હતું તેવુંજ બધું દેખાયું બેડૂત આનંદથી રહેતા હતા અને કલ્લોલ કરતા હતા. દરેકને ત્રીસત્રીસ એકર જેટલી જમીન આપવામાં આવી હતી. જે કોઇ નવું રહેવા આવતું તેને લોકો બહુ આવકાર આપતા. ત્રીસ એકર કરતાં વધુ જમીન જો કોઇ માણસ લેવા ધારે તો તે દોઢ રૂપિયે એકર લેખે બરીદી શકતો.

Gandhi Heritage Portal

પ્રેમાએ તમામ તપાસ કરી લીધી. તે બહુજ ખૂશી થઇ ગયો, અને ઘેર જઇ બધું આટોપી એકદમ પાછું આવવા ધાર્યું. બીજે વરસે બધું સંકેલી પેલા નવા દેશમાં જવા નીકળ્યો.

પ્રકરણ ચોથું.

પ્રેમા પટેલ નવી જમીન પર પહોંચ્યા, એટલે પહેલાં તો તેણે બધા પટેલોને જમાડયા. ત્રીસ એકર ઉપરાંત દોઢસોક એકર બીજી જમીન તેણે ખરીદી. ઘર બાંધ્યું. રહેવા લાગ્યા. નવાં ઢોર પણ લીધાં જમીન બહુ રસાળ હોવાથી થોડો વખતમાં તો તે પૈસાવાળો થઇ ગયો, અને સુખચેનમાં રહેવા લાગ્યો.

તે જ્યારે રહેવા આવ્યો ત્યારે તેણે ધાર્યું હતું કે અહિં વસ્તી બહુ થોડી છે તેથી આપણને ઠીક પડશે. પણ પ્રેમા પટેલને નશીબે થોડા વખત પછી ત્યાં પણ માણસો આવવા લાગ્યાં.

પહેલે વરસે તેણે ઘઉં વાવ્યા અને ઘણોજ સારો પાક મળ્યો આથી તે લોભમાં પડયો. વધારે જમીન હોય તો વધારે પૈસા મળે એમ વિચારી તેણે વધુ જમીન લેવા ધાર્યું. પણ જમીન મળે નહિ કેમકે બધી વેચાઇ ગઇ હતી.

જે માણસો પોતાની જમીન ખેડી શકે એવા નહોતા તે ભાડે આપતા. આવી કોઇ જમીન ભાડે લેવા પ્રેમાને વિચાર થયો તેથી તે વેપારી પાસે ગયો, અને થોડી જમીન એક વરસ માટે લઇ આવ્યો. થોડા દિવસ પછી તે વધારે જમીન પોતાને નામે કેમ લેવાય તેના વિચારમાં પડયો.

Gandhi Heritage Portal

આમ ને આમ ત્રણ વરસ ચાલ્યાં ગયાં. દરેક વરસે તે વધુ જમીન ભાડે લેતો અને તેમાં વાવેતર કરતો. દિવસે દિવસે તેની પાસે પૈસો ભેગો થવા લાગ્યો થોડો વખત તેને નિરાંત વળી પણ પછી જમીન ભાડે લેવાનો તેને કંટાળો ઉપજવા લાગ્યો.

જ્યે કોઇ જમીન વેચતું તો બધાએ ત્યાં દોડી જતા, અને એકદમ ખરીદી લેતા. તેથી પટેલનો લાગ ફાવતો નહિ. આખરે તેણે એક વેપારી સાથે ભાગ રાખી એક વાડી ખરીદી અને તેમાં વાવેતર કર્યું. પણ જ્યારે ભાગ પાડવાનો વખત આવ્યો, ત્યારે કજીયો થયો. પટેલે વિચાર્યું, કે "આ જમીન મારા એકલાની હોય તો કેવું સારું! મારે કોઇના ઓશિયાળા રહેવું ન પડે." આથી તે જમીન લેવાની તજવીજમાં રહેવા લાગ્યો.

એક દિવસ તેને ખબર મળ્યા કે કોઇ બેડૂત મુસ્કેલીમાં હોવાથી પોતાની ૧૫૦૦ એકર જેટલી જમીન બહુ સોંઘામાં વેચી નાંખે છે એકદમ પેલા બેડૂત પાસે ગયો અને કાંધા કરી જમીન લખાવી લીધી. પ્રેમા પટેલનાં મનનું ધાર્યું થયું અને તેને ટાઢક વળી.

એવામાં કોઇ એક વેપારી મુસાફર તે ગામમાં આવી ચઢ્યો. તે પ્રેમા પટેલને ત્યાંજ ઉતર્યો એટલે બંને વાતો કરવા બેઠા. પટેલે પૂછ્યું, "તમે કયાંથી આવો છે?" તે વેપારીએ કહ્યું કે "હું એવી જગ્યાએથી આવું છું કે જ્યાંના લોકો તદ્દન ભોળા અને ભલા છે. ત્યાં જમીન પાણીને મોલે વેચાય છે, મેં હજુ હમણાંજ એક હજાર રૂપિયામાં પાંચ હજાર એકર જેટલી જમીન લીધી."

આ સાંભળી પટેલનું મન પાણીપાણી થઇ ગયું. તેણે પૂછ્યું કે "તમે તે જમીન શી રીતે ખરીદી?" વેપારીએ જવાબ આપ્યો: "પહેલાં તો મુખીને વીસ પચીસ રૂપિયાની કિમ્મતનાં કપડાં વિગેરે

Gandhi Heritage Portal

લઇ ગયો હતો તેનું નજરાણું આપ્યું. આથી તે ખૂશખૂશ થઇ ગયો. પછી જમીન માંગી. તે મોંઢેમાંગ્યે ભાવે આપી. મારી જમીન નદીના કાંઠા ઉપરજ છે. તેથી બહુજ સારો પાક મને મળશે" એટલું કહી તેણે ત્યાંના લોકો વિષે વાત કરવા માંડી.

તેણે કહ્યું, "ત્યાનાં માણસો ગાડર જેવાં ભોળાં છે તમે જાઓ તો તમે પણ મારી માફક સોંઘામાં જેટલી જમીન મેળવી શકો. ત્યાં જમીનનો પારજ નથી. એમ કહી તેણે લીધેલી જમીનનો દસ્તાવેજ બતાવ્યો. પટેલે બધું ધ્યાન દઇને સાંભળ્યું. તેને વિચાર થયો કે "આમ છે તો પછી મારે શામાટે ત્રમણાં ચોગણાં નાણાં ખરચવા અને વળી ગળે દેણું લટકાવવું !"

પ્રકરણ પાંચમું.

પ્રેમા પટેલ તે વેપારી મુસાફરને ત્યાં જવાનો રસ્તો પૂછી પોતાનાં બાયડી છોકરાંને પોતાની માલમત્તાની તપાસ રાખવા મૂકી લાંબી મુસાફરીએ નીકળી પડયો. શહેરમાંથી ભાતું લીધું. નજરાણા જોગી ચીજો પણ ખરીદી લીધી. અને પેલા વેપારીએ કહ્યું હતું તેમ મજલ દરમજલ કરતાં સાત દિવસે ત્રણસોક માઇલની લાંબી મુસાફરી કરી ધારેલી જગાએ આવી પહોંચ્યો.

તે દેશના લોકો ઝુંપડાં બાંધી નદીને કાંઠે રહેતા હતા. કોઇ કંઇ ખેતી કરતું નહિ હતું. પટેલે ત્યાં જઇ જોયું તો ગાયો, ઘોડા અને બકરાંનાં મોટાં ટોળાં ચરતાં હતાં. લોકોનો ખોરાક દહિં દૂધ, માંસાદિ હતો. આખો દિવસ તેઓ પોતાની વાંસળી વગાડવામાં અને તીર કામઠું લઇ શિકાર કરવામાંજ ગાળતા. તેઓ મુખ્યત્વે

Gandhi Heritage Portal

કરી ભીલની જાતના હતા. પરોણાચાકરીને તેઓ મોટો ધર્મ સમજતા હતા. જેવા પટેલ તેઓની નજરે પડયા તેવા તેઓ બહુ ખૂશી થઈ ગયા અને બધા તેની આસપાસ વિંટળાઈ વળ્યા. બધા કુંડાળું વળી બેઠા. પહેલાં તો પટેલે પોતાની પાસેથી તેઓને ખાવા આપ્યું. સૌ ખાઈ રહ્યા પછી પોતે જે ચીજો લાવ્યો હતો તે લોકોને વહેંચી આપી. લોકો રાજીરાજી થઈ ગયા. આ લોકોની ભાષા જુદીજ હતી. તેઓમાંથી એક પટેલની ભાષા થોડી ઘણી સમજતો હતો તે બધાના કહેવાથી આગળ આવ્યો, અને બધા વતી પટેલનો તેણે આભાર માન્યો. આ સખ્સને દુભાષિઓ નિમવામાં આવ્યો, અને તેની મારફત પટેલ તથા ત્યાંના લોકો અરસપરસ વાતો કરવા લાગ્યા.

દુભાષિયો લોકોના વતી પટેલને કહેવા લાગ્યો, કે "અમે બહુ ખૂશી થયા છીએ. અને તમારે શું જોઇએ છે તે અમને કહો જેથી અમે તમારે માટે બનતું કરીએ."

પટેલે કહ્યું: "મારે અહિં સરસમાં સરસ જમીન જોઇએ છીએ અમારા દેશમાં બહુ થોડી જમીન છે, અને છે તેમાં બહુ મહેનત કરવી પડે છે."

દુભાષિયાએ આ વાત લોકોને કહી સંભળાવી. એ સાંભળી આ જંગલી લોકો ખૂબ બરાડા પાડવા મંડી પડયા. પ્રેમા પટેલનાં તો હાંજાંજ ગગડી ગયાં. તે એમજ સમજ્યો, કે આ લોકો તેના ઉપર ગુસ્સે થઈ ગયા છે. પણ તેટલામાં તેઓને પાછા હસતા જોયા. એટલે પટેલના પેટમાં જીવ આવ્યો. થોડી વારમાં તેઓ શાંત થયા એટલે પેલા માણસે કહ્યું, કે " આ લોકો બહુ ખૂશી થયા છે, અને કહે છે કે તમારે જોઇએ એટલી જમીન તમે લેજો, તમે ફકત અમને હાથેથી બતાવશો કે કયી જમીન તમારે જોઇએ છીએ."

Gandhi Heritage Portal

થોડીવારમાં પાછા તેઓ અન્દર અન્દર વઢવા લાગ્યા. પટેલે પૂછ્યું તો તેને માલમ પડ્યું, કે કેટલાક મુખીને પૂછ્યા વિના જમીન ન અપાય એમ કહેતા હતા, અને કેટલાક પૂછવાની કંઇ જરૂર નથી એમ કહેતા હતા.

પ્રકરણ છઠું.

આ વાતો ચાલતી હતી ત્યાં કંઇક સારા દેખાવનો એક માણસ છેટેથી આવતો જણાયો તેને જોઇ બધા ચૂપ થઇ ગયા. પેલા દુભાષિયાએ પટેલને જણાવ્યું કે તે ત્યાંનો મુખી હતો.

મુખી આવ્યો, એટલે બધા લોકોએ ઉભા થઇને તેને માન આપ્યું. પટેલે તરતજ પોતાનો સામાન ખોલી એક સરસ ચીજ કાઢી તેને ભેટ આપી. મુખીએ તે વિનયથી સ્વીકારી અને પોતાને લાયક સ્થળે બેઠો, લોકોએ બધી વાત તેને કહી અને મુખીએ તે શાંતિથી સાંભળી. પછી તે ગ્રેમા પટેલની સામે જોઇ કહેવા લાગ્યોઃ

"ભલે તમારી મરજી પડે ત્યાંથી જોઇએ તેટલી જમીન તમે લઇ લો. અમારી પાસે પુષ્કળ જમીન છે."

પટેલ વિચારવા લાગ્યાઃ "એમ કેમ લઇ લઉં ? કાંઇ ખત તો જોઇએ, નહિં તો આજ આપે અને કાલ લઇ લે તો હું શું કરું ?"

પછી તે બોલ્યોઃ "હું" તમારો ઉપકાર માનું છું. તમારે જમીન છે તે ખરું, પણ મારે તો થોડીજ જોઇએ છે. માત્ર એટલું જ જાણવા માગું છું કે તમે મને કયી જમીન આપશો, અને જે આપશો તેના કાયદેસર ખત કરી આપવાના કે નહિ ? આપણી જીવતદોરી મોટા

Gandhi Heritage Portal

ધણીના હાથમાં છે; તમે પોતે માયાળુ છો, પણ મારાં છોકરાં પાસેથી તમારાં છોકરાં કદાચ તે જમીન પાછી ન લઇ લે તેની ખાતરી શું ?"

મુખીએ જવાબ આપ્યોઃ "તમે કહો છો તે બરાબર છે. તમોને ખત કરી આપીશું."

પટેલે તો બોલવું ચાલુ રાખ્યુંઃ "મેં સાંભળ્યું છે કે એક વેપારી અહિં આવ્યો હતો, અને તેને જમીન આપી તમે દસ્તાવેજ કરી આપ્યો હતો. મારે પણ તેવોજ દસ્તાવેજ જોઇએ."

મુખી તરતજ સમજી ગયો અને બોલ્યો કે " હા બધું તમે કહેશો તેમ થઇ રહેશે. અમારા કામદાર આવે, એટલે તેને લઇ શહેરમાં જઇને તમને ખત કરી આપીશું."

પટેલે પૂછ્યું, " તમે શા ભાવે જમીન આપો છો ?"

મુખીએ કહ્યુંઃ "એકજ દામ છે. હજાર રૂપિયે દિવસ."

પટેલ સમજ્યા નહિ. તેણે પૂછ્યું, "એક દિવસ તે કેવું માપ ? કેટલા એકરનો દિવસ ?"

મુખી બોલ્યો. "અમે જમીન માપવાની બીજી રીત જાણતા નથી. દિવસને હિસાબે વેચીએ છીએ. એક દિવસમાં તમે જેટલી જમીનની આસપાસ ફરી વળો તેટલી તમારી."

પટેલ અચંબામાં પડી ગયા. અને બોલી ઉઠ્યા, કે "આ તો ઘણું સારૂં. એક દિવસમાં તો ઘણું ચલાય."

મુખી હસ્યો, અને કહ્યુંઃ "હા, તેટલી બધી જમીન તમારી થશે પણ એક શરત છે. જ્યાંથી તમે નીકળો ત્યાંજ પાછા સૂરજ આથમતા સુધીમાં ન આવી પહોંચો તો તમારા પૈસા નકામા જાય."

પટેલે કહ્યું "પણ હું કયે કયે ઠેકાણે જઈ આવ્યો છું એ તમે કેમ જાણી શકશો ?"

Gandhi Heritage Portal

મુખીએ જવાબ આપ્યો; "તમે જ્યાંથી ચાલવાનું શરૂ કરશો ત્યાં અમે બેસી રહીશું. તમે ચાલતાં ચાલતાં કોદાળીથી જમીન ઉપર નિશાની કરતા જજો. પછી અમે તે નિશાનીને આધારે એક લીંટી દોરી આપીશું. તમારાથી જેટલી લેવાય તેટલી લેજો, પણ એટલું ધ્યાનમાં રાખજો, કે સૂર્યાસ્ત સુધીમાં પાછું આવતા રહેવાનું છે."

પટેલ તો રાજીના રેડ થઇ ગયા. બીજે દિવસ રવિવારના વહેલા નીકળવું એમ તેણે નક્કી કર્યું. રાત પડતાં ખાઇ પીને આનંદ કરી સૌ સૂવા ગયા. પટેલને સૂવાની સારી સગવડ કરી આપી, રવિવારે વહેલા તૈયાર થવાનું કહી બધા ત્યાંથી વિદાય થયા.

પ્રકરણ સાતમું.

પ્રે મા પટેલ પથારીમાં પડયા, પણ ઉંઘ કેમેય આવી નહિ. તેના મગજમાં જમીનનાજ વિચાર ઘૂમ્યા કરતા હતા તેને વિચાર આવ્યો. "જેટલી જમીનની આસપાસ હું ફરી વળીશ તેટલી લઇ લઇશ. ચાલવામાં જરા પણ ખામી નહિ આવવા દઉં. દિવસો લાંબા છે તેથી વીશેક ગાઉ તો હું ખૂશીથી ચાલી શકીશ. તેટલા ચક્કરમાં કેટલા એકર માય તેની ગણતરી પણ હું તો કરી નથી શકતો. જમીનમાં કોઇ ભાગ ખરાબ હશે તો હું વેચી નાંખીશ, અથવા ભાડે આપી દઇશ. અને સરસમાં સરસ ભાગ હશે તે ખેડીશ. પછી ઘણાં ઢોર પણ ખરીદીશું. જમીન ઘણી હશે એટલે ઢોરનું ખરચ જરા પણ માથે નહિ પડે."

આવા આવા વિચારોમાં લગભગ આખી રાત પટેલને નિંદર આવી નહિ. છેક પરોઢિએ જરા ઝોકું આવ્યું, હજી તો સહેજ આંખ

Gandhi Heritage Portal

મિંચાઇ ત્યાં તેને સ્વપ્નું આવ્યું: "મુખી જાણે હસતો હસતો પોતા બણી આવે છેઃ જરા નજીક આવ્યો એટલે જણાયું કે તે તો પેલો વેપારી, જે તેને ત્યાં મહેમાન હતો તેજ, બીજું કોઇ નહિ. વળી જરા પાસે આવ્યો, એટલે તેને લાગ્યું, મુખી કે વેપારી કોઇ નહિ, પણ તે તો વિકરાળ બાબરો છે. તે આકૃતિ થોડીવારમાં તેની પાસે આવી એટલે પટેલે નિહાળીને જોયું તો બાબરાનું શરીર તેને બહુજ ભયંકર લાગ્યું, અને તેની પડખે એક મૂડદું દેખાયું. મૂડદાને તપાસ્યું તો તે કોઇનું નહિ, પણ પોતાનુંજ જણાયું, આ જોઇ તે એકદમ હેબતાઇ ઉઠયો.

જાગીને વિચારવા લાગ્યો; "આનો અર્થ શું હશે?" પાછો વળી વિચાર આવ્યો, "અરે કંઇ નહિ, એ તો માત્ર સ્વપ્નુંજ!" પછી ઓઢવાનું ઉંચું કરી જોયું તો સવારનું ઝાંખુ અજવાળું જણાયું. પ્હો ફાટયું જાણી પટેલ પથારીમાંથી ઉભા થઇ ગયા. હાથમોંડું ધોઇ તૈયાર થયા. પછી પોતાના ગાડીવાળાને ઉઠાડી કોદાળી લઇ મુકરર કરેલી જગાએ પહોંચ્યા. ત્યાં બધા માણસોને જગાડયા. તેઓ બધા હાથમોંડું ધોઇ નાસ્તો કરવા બેઠા, પટેલને પણ જરા નાસ્તો કરી લેવા કહ્યું. પણ તેણે તો નાજ પાડી, અને કહ્યું કે "હવે વખત થયો છે. ચાલો ઝટ કામ શરૂ કરી દઇએ."

પ્રકરણ આઠમું.

કો બધા તૈયાર થઇ ગયા. બરાબર સૂર્યોદયને વખતે જે જગાએથી ચાલવાનું શરૂ કરવાનું હતું ત્યાં સૌ જઇ પહોંચ્યા. એક ટેકરી ઉપર બધા ચઢયા. મુખી પ્રેમા પટેલ પાસે આવ્યો, અને ચારે તરફ હાથ

Gandhi Heritage Portal

બતાવી કહ્યું: " આ જ્યાં સુધી નજર પહોંચે છે. ત્યાં સુધીની બધી જમીન અમારી છે. તમને ગમે તેટલી લઇ લેજો."

પટેલ તો બહુજ ખૂશી થઇ ગયા. જમીન તેને ઘણી સારી લાગી. તેની માટી કાળી અને અને ખાતરાળ હતી. કોઇ કોઇ ઠેકાણે છાતી સમું ઘાસ ઉભું હતું.

મુખીએ નિશાની કરી પટેલને કહ્યું, " અહિં આવો, જુઓ, તમારે અહિંથી ચાલવાનુ શરૂ કરવું, અને સૂર્યાસ્ત સુધીમાં પાછું અહિંજ પહોંચવું. જેટલી જમીનની આસપાસ ફરી વળશો એટલી તમારી"

પટેલે કપડાં કસ્યાં, અને કોદાળી ખભે નાંખી. એકાદ રોટલો પછેડીમાં નાંખી ભેડમાં બાંધ્યો. પાણીની નાની શિરોઇ પણ ખભે લટકાવી લીધી. અને તૈયાર થઇ ઉભા. પહેલાં તો કયી દિશાએ જવું એ મુઝવણ થઇ. પણ ઉગમણી દિશાએ જવું એવું તરત નકકી કર્યું. સુરજની વાટ જોવા લાગ્યા.

જેવી સૂરજની કોર દેખાઇ, કે તરતજ પટેલ છૂટયા. મનમાં વિચાર્યું, કે "એક ક્ષણ પણ ગુમાવવાની નથી. ટાઢા પહોરમાં ઘૂમ ચલાશે."

પહેલાં તો સાધારણ ઝડપથી ચાલવું શરૂ કર્યું, બે એક ખેતરવાં ચાલ્યા અને કોદાળીથી નિશાની કરી. એમ ચાલતા ગયા અને નિશાની કરતા ગયા. હળવે હળવે તેની ચાલ વધવા લાગી.

કેટલુંક ચાલ્યા પછી પટેલે જરા પાછું, વળી જોયું તો ટેકરી ઉપરના લોકો ચોકખા દેખાતા હતા, અને ગાડાંનાં જડોયાં પણ સૂરજનાં તેજથી ચળકતા હતાં. તેણે વિચાર્યું કે ત્રણ સાડાત્રણ ગાઉ ચલાયું હશે. હવે તેને જરા પસીનો થવા લાગ્યો, એટલે કેડીયું કાઢી ખભે

Gandhi Heritage Portal

કરી અને છેવટે સ્થિતિ એવી થઇ કે વડી સરકારને વચ્ચે પડવું પડયું. કમીશન તો નીમાયું પણ તેથી દાદ મળે એવી બહુ આશા રાખી શકાય તેમ નહતું; કેમકે તેમાંના ત્રણમાંથી બે ગ્રહસ્થો હિંદી વિરૂદ્ધની લાગણી બતાવનારા હતા એવું હિંદીઓએ અગાઉના અનુભવે જોયેલું હતું. આ વખતેજ સરકારે હિંદી આગેવાનોને જેલની મુદત પૂરી થયા પહેલાં છોડી મૂકયા. તેમણે પણ કમીશન કબુલ ન રાખી શકાય એવું છે તેમ સલાહ આપી. અને સંતોષકારક દાદ ન મળે તો ૧૯૧૪ ના નવા વર્ષની પ્રભાતે ડર્બનથી મોટી કુચ ઉપાડવાની ગોઠવણો થઈ, અને સરકારને તેની અગર પણ અપાઈ ગઈ. પણ તેવામાં હિંદુસ્થાનથી મી. એંડરૂસ અને પીઅર્સન નીકળી ચુકયાના અગર મળેલા અને વાઇસરોયના પ્રતિનિધિ સર બેંજામીન રોબર્ટસન મુંબઇથી બાસ સ્ટીમરમાં ઉપડયા. તેઓ ડર્બન આવે ત્યાં સુધી માર્ચ શરૂ કરવાનું કામ થોભાવવાનું નક્કી થયું. તેઓ આવ્યા અને વિષ્ટિનું કામ શરૂ થયું. કમીશને પણ પોતાનું કામ શરૂ કર્યું, પણ હિંદીઓ પોતે લીધેલા સોગનથી કેમ ચળી શકે? કમીશન સન્મુખ જુબાની આપવાની તેઓએ ચોખ્ખી ના પાડી. આ અરસામાં બધા સત્યાગ્રહી કેદીઓ યુનીઅનની જુદી જુદી જેલોમાંથી છુટયા. તેમાંથી એક, બેન વાલીઆમા જે તા. ૨૨ મી ડીસેમ્બરે પોતાની માતા સાથે ત્રણ માસની

Gandhi Heritage Portal

જેલમાં હતી તે જેલમાંથી લાવેલી માંદગીને લીધે છુટી થયા પછી તુરતજ મરણ પામી. છેવટની વિધિ હજી ચાલતી હતી તેવામાં રેલ્વેની મહાન હડતાલ પડી. આથી વળી પાછી ઢીલ થઈ. પણ હિંદી આગેવાનોએ ત્રીજી લડત શરૂ થઇ તે પહેલાં જેમ સબુરી પકડી હતી તેમ આ વખતે પણ સબુરી પકડી. હડતાલ થોડા વખત પછી શાંત પડી અને કેપટાઉનમાં તુરતજ પાર્લામેંટ મળી. આ વેળા મી. એન્ડરૂસ કેપટાઉનમાંજ હતા. મી. ગાંધી પણ ત્યાં ગયા. આ પ્રસંગે જાહેરમત કેળવવાના જે સંજોગો ભેળા થયા હતા તે અગાઉ કદિ આવ્યા ન હતા, અને તેમાં મી. એન્ડરૂસનું સીટી હોલનું ભાષણ કે જેમાં લોર્ડ ગ્લેડસ્ટને હાજરી આપી હતી અને મેયરે પ્રમુખપદ લીધું હતું તેથી હિંદી આદર્શો વધારે પ્રકાશમાં આવ્યા.

કમીશનનો રીપોર્ટ અને નવો કાયદો

આ વખતે કમીશનનો રીપોર્ટ બહાર પડયો. તેણે સત્યાગ્રહીઓની બધી માંગણી વાજબી જણાવી દાદ આપવાની સરકારને ભલામણ કરી. થોડાં અઠવાડીઆં પછી 'રીલીફ બીલ' નામનો કાયદો બહાર પડયો. પાર્લામેંટમાંથી તે પાસ કરાવવાને સરકારે જે દ્રઢતા અને ઇંતેજારી બતાવી હતી તેની છાપ કોના ઉપર નહિ પડી હોય? પા. ૩ નો કર ગયો. લગ્નના સવાલનો સંતોષકારક ફડચો થયો અને કાયદામાંથી જાતિભેદ દૂર થયો. આટલું તો બહુ ઉંડા

Gandhi Heritage Portal

ઉતર્યા સિવાય નજરે આવી શકે તેમ છે. પરંતુ તેથી પણ-

વધારે અગત્યનો એક લાભ

થયો છે. જેમ જેમ સત્યાગ્રહની લડત મજબુત અને પવિત્ર થતી ગઇ તેમ તેમ હિંદી અને યુરોપીઅન પ્રજા વચ્ચે ગાઢો સંબંધ બંધાતો ગયો. તેઓ એક બીજા સાથે વધુ નજીક આવતા ગયા. લડતના દરેક નવા દેખાવ સમયે નવી કૃતેહ અને નવા મિત્રો મળતા ગયા. હિંદીઓ તરફ ધિક્કાર અને અવિશ્વાસ બતાવવામાં આવતાં હતાં–આવી વર્તણુંક સામે જે લાગણી બતાવવા ખાતર લડતની શરૂઆત થઈ હતી, તે અવિશ્વાસ અને ધિક્કાર આજે વિશ્વાસ અને માનના રૂપમાં ફેરવાયાં છે. હિંદીઓના ભલાંની વાત હોય યા તેમને લાગૂ પડતી કોઇ બીના હોય તો આજે તેઓના આગેવાનોની સાથે પ્રથમ મસલત કરવામાં આવે છે. અને સત્યાગ્રહ એ એક એવું હથિઆર સાબીત થયું કે જેની મદદથી ટુંક સમયમાં કોમે વોટથી મેળવી શકાય તેથી પણ વિશેષ મેળવ્યું છે. ૧૯૦૭ નો કાયદો રદ કરાવવો ત્યાંથી પ્રથમ હિલચાલ શરુ થઈ. તે કાયદો રદ થયો અને તેનાજ જેવા કાયદા બીજા કોલોનીમાં થશે એવી જે ધાસ્તી રહેતી હતી તે પણ દૂર થઇ. શરુઆતમાં કોલોનીઓમાંથી હિંદીઓની જડમૂળ કાઢી નાંખવા જાતિ લેહવાળા કાયદા ઘડાવાની હમેશાં ધાસ્તી રાખવામાં આવતી હતી· આ સમાધાનથી આખા સામ્રાજ્યમાં જાતિ લેહવાળા કાયદા

Gandhi Heritage Portal

થાય એવો સંભવ નથી. હિંદુસ્તાનમાંથી આવતી ગીરમી-
ટીઆ મજુરીનો દ. આફ્રિકામાં અટકાવ થયો છે. આવા
અનેક લાભો કોમે સત્યાગ્રહ ધારણ કરવાથી મેળવ્યા છે.

પૂર્ણાહૂતિ.

અમારે જણાવવું જોઇએ કે જે લાભો ઉપર ગણાવ્યા તેથી પણ ઉત્તમ લાભ હિંદી પ્રજાએ એ ઉઠાવ્યો છે કે સત્યાગ્રહીઓએ ભોગવેલાં દુઃખો, તેમણે વેઠેલી અનેક હાડમારીઓ, અને તેઓએ આપેલા મહાન આત્મભોગથી શાંતરૂપી નવીન જુસ્સો સર્વત્ર પ્રસરી રહ્યો છે. કાયદેસર પ્રજાકીય સમાનતાનો વાવટો ઉડતો રાખવામાં આવ્યો છે, અને હવે કબુલ રાખવામાં આવ્યું છે કે હિંદી પ્રજા પણ ઉચ્ચ સ્થાને લાયક છે, અને તેની અવગણના થઇ શકે એમ નથી. સત્યાગ્રહની લડતે સાબીત કરી દર્શાવી આપ્યું છે કે શારિરીક બળ કરતાં આત્મિક બળ સર્વોત્તમ છે, તિરસ્કાર ના કરતાં પ્યાર એ ઉત્તમ છે અને બળના કરતાં હક એ સરસ વસ્તુ છે. જગતની પ્રજાઓમાં હિંદુસ્તાનનો દરજ્જો વધ્યો છે. તેનાં બાળકો દ. આફ્રિકામાં પ્રતિષ્ઠા મેળવી શકયાં છે. સુલેહ અને શાંતિના માર્ગે તેઓ હવે પોતાની ઉન્નતિ કરે અને દ. આફ્રિકામાં જે નવીન મહાન પ્રજા હાલ ઉછરે છે તેને ખીલવવામાં દરેક જણ પોતપોતાનો ફાળો આપે એવી અંતની પ્રાર્થના ×. અસ્તુ.

Gandhi Heritage Portal

જીવનદોરી

મહાત્મા ટોલ્સ્ટોયની એક રસીલી વાર્તા પરથી

દ. આફ્રિકાના ઇંડિયન ઓપિનિયનમાં

ગુજરાતીમાં લખનાર:– રા. પ્રાગજી ખંડુભાઇ દેસાઇ.

પ્રકરણ ૧લું.

એક શહેરમાં નથુ નામે મોચી રહેતો હતો. તે ગરીબ સ્થિતિનો હતો. શહેરમાં એક ઘર ભાડે રાખી તે પોતાની સ્ત્રી તથા છોકરાંઓ સાથે રહેતો હતો. પોતાના ધંધામાંથી જે કંઇ પેદાશ થતી તેમાંથી ભાગ્યેજ પોતાના કુટુંબનું તે પોષણ કરી શકતો. શહેરની અંદર મજૂરી અત્યંત સસ્તી હતી, અને કામ ઘણુંજ થોડું મળતું હતું. વળી શહેરમાં મોંઘવારી પુષ્કળ હોવાથી પોતાના કુટુંબનું પોષણ કરવું તે મહા મુશીબતનું કામ હતું પોતાને તથા પોતાની સ્ત્રી અને છોકરાંઓને માટે ભાગ્યેજ પૂરતાં કપડાં પહેરવાનાં પણ ખરીદી શકતો. જ્યાં ખાવાનાજ વાંધા પડે ત્યાં બચવડનું પૂછવુંજ શું ?

પોતાની પાસે એક જૂની બંડી–લગભગ ત્રણ વરસની હતી, ને હવે તદ્દન ફાટી ગઇ હતી. તે બીજી ખરીદવાના વિચારમાં હતો કારણ કે શિયાળાની ઋતુ આવી પહોંચી હતી. શિયાળાની ઋતુ

Gandhi Heritage Portal

નજીક આવતી હોવાથી પોતાને માટે તથા પોતાની સ્ત્રી તથા છોકરા તથા છોકરીઓ માટે કપડાં ખરીદવા વાસ્તે તેણે અગાઉથીજ પૈસાનો સંગ્રહ કરવાનો નિશ્ચય કરેલો હતો. અને તે નિશ્ચય પ્રમાણે તે થોડા-ઘણા પૈસા મહા મુશીબતે એકઠા કરી શકયો હતો. પરંતુ તે કપડાં લેવા માટે પૂરતા તો નજ હતા.

શહેરની અંદર એક બે ઘરાકો પાસે તે પૈસા માંગતો હતો, જેથી તેણે વિચાર કર્યો કે જો હું ઉઘરાણી લઇ શકું તો પૂરતા કપડાં ખરીદી શકીશ. આમ વિચાર કરી તે પોતાના ઘરાકોમાં ઉઘરાણી કરવા માટે નીકળ્યો. તેની સ્ત્રીએ સવારમાં આવવાનું કરી તેને પોતાને માટે તથા છોકરાઓ માટે શું શું કપડાં લેવા તેની યાદિ કરી આપી તેમજ પૈસાનો કપડાં લેવા સિવાય બીજા કોઇ પણ કામમાં ઉપયોગ ન કરવો, એ વિષે સખત સૂચના કરી. કારણ કે નથુ મોચીને દારૂ પીવાની ટેવ હતી; અને શિયાળામાં દારૂના વ્યસનીઓ તે વિશેષ પીએ છે. નથુ પોતાની સ્ત્રીની સલાહ સ્વીકારી શહેરમાં ઉઘરાણી કરવા નીકળી પડયો.

પ્રથમ એક ઘરાકને ઘેર ગયો. ત્યાં ઘરનો ધણી હાજર ન હતો. પરંતુ તેની સ્ત્રી ઘરમાં હતી. તેણે કહ્યું કે આવતા અઠવાડીઆમાં પૈસા મોકલી આપશે. એટલે ત્યાંથી નિરાશ થઇ બીજા ઘરાક પાસે ગયો. તેણે સોગનપૂર્વક કહ્યું કે તેની પાસે તે વખતે એક કુડી બદામ પણ નહતી. નથુએ તેને ઘણોએ સમજાવ્યો કે પોતાને કપડાં લેવાં છે. પણ ઘરાકે લાચારી બતાવી.

આ ઉપરથી નથુ તદ્દન નિરાશ થઈ ઘરાકને ત્યાંથી ચાલી નીકળ્યો. કોઇ વેપારી ઉધાર માલ આપે એવું પણ નહતું. કપડાં ખરીદવાનો મુખ્ય આધાર ઉઘરાણીના પૈસા પર હતો. પણ ઉઘરાણી

Gandhi Heritage Portal

બીલકુલ ન મળવાથી તે નિરાશ થઇ ગયો. અને રસ્તે ચાલતાં વિચાર કરવા લાગ્યો કે હવે મારે શું કરવું? તે ચાલતાં ચાલતાં પોતાના ભાગ્યને દોષ દેવા લાગ્યો. ને એક દારૂના પીઠા આગળ આવી પહોંચ્યો.

કપડાં ખરીદવાને પાસે પૂરતા પૈસા ન હોવાથી વિચારવા લાગ્યોઃ—મારી પાસે પૈસા છે એ જૂજ છે, અને એમાંથી કપડાં ખરીદી શકાય એમ છેજ નહિ. માટે ઉત્તમ રસ્તો તો એજ છે કે પીઠામાં જઇ દારૂ પી ઘેર પાછા ચાલ્યા જઇએ અને એમ વિચાર કરી પોતાની પાસે જે જૂજ પૈસા હતા, તે દારૂ પીવામાં વાપરી દીધા અને ઘર તરફ પાછું ચાલવા માંડયું.

ઠંડી અત્યંત જોસથી પડતી હતી. પરંતુ દારૂ લેવાથી હવે તો શરીરમાં ગરમી આવતી હતી, જેથી નથુએ મનમાં ખ્યાલ કર્યો, કે "હવે કપડાંની શી જરૂર છે? હવે ઠંડી સિવાય ગરમી થાય છે. માટે એજ ઉત્તમ રસ્તો છે કે વિશેષ ઠંડી હોય તે દિવસે દારૂ પી લેવો, એટલે કપડાંની જરૂર રહેશે નહિ. હવે તો આખી જીંદગી કપડા સિવાય હું સુખ શાંતિમાં ગાળી શકીશ. ફકત ઘરમાં સ્ત્રી છે, એ જરા મ્હોં મરડશે પણ તેને તો દબાવી દઇશું. સ્ત્રીઓ એ બાબતમાં શું સમજે? કમાવા વાળા તો આપણેજ છીએ ને?"

નથુ દારૂની ધૂનમાં આવા વિચારો કરતો કરતો રસ્તામાં એક ગલીની અંદર આવી પહોંચ્યો, અંધારૂં થવા આવ્યું હતું. અને ગલીમાં બત્તીનાં કોઇ પણ જાતનાં સાધન ન હોવાથી ત્યા બધે અંધકાર હતો. ત્યાં આગળ તેણે કેટલેક છેટે દિવાલની નજીક હવેલી પાસે કંઇક સફેદ આકૃતિ જોઇ. નથુ આગળ વધતો અટકી બારીકાઇથી જોવા લાગ્યો. પરંતુ તે શું છે તે જાણી શક્યો નહિ. પરિચયવાળો હોવાથી

Gandhi Heritage Portal

વિચાર કરવા લાગ્યો કે-"આ જગ્યાએ કંઈ પત્થર જેવું તો દિવસે જોવામાં આવતું નથી. તો આ શું છે? કાંઇ જાનવર છે? એ તો કંઇ લાગતું નથી. મસ્તક તો મનુષ્યના જેવું લાગે છે. પરંતુ આ સમયે આવા અંધકારમાં અત્રે મનુષ્ય શા માટે આવે?"

નથુ ચાલતો ચાલતો હવે તો છેક નજીક આવી પહોંચ્યો, અને ચોકખી રીતે જોઇ શકતો હતો. હવે તેની ચોકખી ખાત્રી થઇ કે એ તો નક્કી કોઇ મનુષ્યજ છે. પછી મરી ગયેલું હોય કે જીવતું, વળી તે જોઇ શક્યો કે તેના શરીર પર બીલકુલ વસ્ત્ર પણ નથી. અને તદ્દન નગ્નાવસ્થામાં છે. અને તે માણસ ભીંતને ટેકવીને સ્તબ્ધ ઉભો રહ્યો છે. આ વિચિત્રતા જોઇ નથુ મનમાં ગભરાયો અને વિચાર કરવા લાગ્યો કે કોઇએ આ માણસને મારી નાંખી ભીંત સાથે ટેકવી ઉભો રાખ્યો છે.

ઘણાએ વિચાર કરીને નથુ આખરે ત્યાંથી ચાલવા લાગ્યો. અને થોડેક છેટે ગયા બાદ પાછું ફરી જોયું, તો તે માણસને એસી અને આમતેમ હાલતો જોયો નથુ જરા નજીક પાછો આવીને જોવા લાગ્યો તો તે માણસ પોતાના તરફ તાકીને જોતો માલૂમ પડયો. નથુ અગાઉના કરતાં વધું બ્હીવા લાગ્યો. એણે વિચાર્યું કે-"શું હું અહીંથી ચાલ્યો જાઉં? કે આ મનુષ્યની સાથે કાંઇ બોલું! હું એની પાસે જાઉં તો એ શું કરશે? પરમાત્મા જાણે કે એ કોણ છે? અને અત્રે આવા અંધકારમાં બેસીને શું કરે છે? હું ધારું છું કે હું અહીંઆથી ચાલ્યોજ જાઉં. આવા નગ્ન ભિખારી જેવા પાસે જઇ મારે શું કરવું?"

આમ વિચાર કરી તે પાછો ચાલવા લાગ્યો અને થોડેક છેટે ગયા બાદ પાછો ઉભો રહ્યો. અને પોતાના અંતઃકરણ સાથે વિચાર કરવા લાગ્યોઃ-"અરે, હું શું કરું છું? એક તદ્દન નગ્નાવસ્થામાં

Gandhi Heritage Portal

પડેલાં અને ગરીબ ભિખારી નિરાધાર મનુષ્યની પાસે થઈને કંઈ પણ લાગણી સિવાય શું હું ચાલ્યો જાઉં? શું મનુષ્ય જાતિને માટે મારા અંતઃકરણમાં કંઈજ લાગણી નથી? ગરીબ અને નિરાધારને મદદ કરવી એ શું મનુષ્ય કર્તવ્ય નથી? ને એ મનુષ્યની દરજ્જે હોય તો મારી ફરજ છે કે તે મનુષ્ય પાસે જઈ તેને પૂછવું કે તે કોણ છે? એ શું કરે છે?"

નથુનું અંતઃકરણ તે મનુષ્યની આવી સ્થિતિ જોઈ પ્રેમ અને દયાથી ઉભરાઈ આવ્યું. અને હિંમત ધરી તે માણસ ભણી ચાલવા લાગ્યો.

પ્રકરણ ૨ જું.

નથુ હવે તે માણસની તદ્દન નજીક આવી પહોંચ્યો અને તેને બારીકાઈથી જોવા લાગ્યો. તે મનુષ્ય તદ્દન યુવાન અને મજબૂત બાંધાનો હતો. તેના શરીર ઉપર કંઈ પણ ઘા જેવું લાગતું નહોતું. ફકત તે ભયભીત થયેલો અને ઠંડીથી અકડાઈ ગયેલો લાગતો હતો. તે નથુના તરફ દૃષ્ટિ પણ કરતો ન હતો. કેમ જાણે કે પોતાની આંખ ઉઘાડવાને પણ અશકત હોય! નથુ તેની એકદમ નજીક આવ્યો, અને એકાએક તે મનુષ્યને નગ્ન થઈ ગયેલો અને ગંભીરતાથી પોતાના તરફ જોતો જોયો.

નથુના અંતઃકરણમાં તેને પોતાના તરફ અમીદૃષ્ટિથી જોતો જોઈ અત્યંત સ્નેહ ઉપજી આવ્યો. પોતે પહેરે લો" જૂની બંડી ઉતારી નાંખી; પગમાંથી જોડા ઉતારી નાંખ્યા અને કહ્યું:-" કંઈ પણ

Gandhi Heritage Portal

વ્યર્થ વાતમાં વખત ગુમાવવો એ નકામું છે. માટે જલદી કરો અને આ બંડી અને પગરખાં પહેરી લો." નથુએ તેનું નામ પૂછતાં તેણે જણાવ્યું કે "મારૂ નામ દેવદૂત છે."

નથુએ તેને ઉઠાડવામાં મદદ કરી અને જોડા તથા બંડી પહેરાવ્યાં. દેવદૂતની મુખાકૃતિ અત્યંત તેજસ્વી હતી. અને શરીર પણ મજબૂત બાંધાનું હતું. તેને જોતાંજ નથુના અંત:કરણમાં અત્યંત સ્નેહ થઇ આવ્યો. નથુએ તેને પોતાનાં કપડાં, બૂટ પહેરાવ્યાં પછી કહ્યું:-"ભાઇ દેવદૂત, હવે તારે કોઇ પણ જાતની ચિંતા રાખવી નહિ તું મારી સાથે ચાલી શકશે?" નથુનું બોલવું દેવદૂત હવે સમજી શકયો અને એક પણ શબ્દ બોલ્યા વિના તેની સાથે ચાલવા લાગ્યો.

બંનેએ નથુના ઘર તરફનો રસ્તો લીધો

નથુએ તેને પૂછ્યું:-"ભાઇ દેવદૂત, તું કેમ કંઇ બોલતો નથી? આપણે હવે ઘેર જઇએ છીએ, જો તારાથી ચાલી ન શકાતું હોય તો આ લાકડી લે અને એના ટેકાથી ધીમે ધીમે ચાલ."

દેવદૂત લાકડી હાથમાં લઇ ધીમે ધીમે ચાલવા લાગ્યો. રસ્તે ચાલતાં નથુએ પૂછ્યું:-"વ્હાલાભાઇ દેવદૂત, તું કયાં આગળથી આવે છે?"

દેવદૂતે જણાવ્યું:-"હું આ ભાગોમાંથી આવ્યો નથી."

નથુએ કહ્યું:-"હા. આટલામાં તો હું બધાને ઓળખું છું. પણ પ્રથમ તું મારા જોવામાં કદી આવ્યો ન હતો. આ ગલીની અંદર હવેલી આગળ તું કેવી રીતે આવી ચઢયો?"

દેવદૂતે કહ્યું:-"તે હું કહી શકતો નથી."

નથુએ કહ્યું:-"હું ધારૂં છું કે તને કોઇએ ઇજા કરી છે."

દેવદૂતતે કહ્યું:-"કોઇ પણ મનુષ્યે મને ઇજા કરી નથી, પરંતુ પરમાત્માએ મને શિક્ષા કરી છે."

Gandhi Heritage Portal

નથુએ કહ્યું:-"હા. મનુષ્યની સ્થિતિ પોતાના કર્તવ્ય અનુ સારજ મળે છે અને પરમાત્મા હંમેશાં ન્યાયી અને દયાળુ છે. તારૂં જીવન હવે તું કેમ ગાળવા માંગે છે? અને તું કયાં જવા ધારે છે?"

દેવદૂતે જણાવ્યું:-"મને બધું સરખું જ છે." નથુ જરા આશ્ચર્ય પામ્યો અને પોતાના અંતઃકરણ સાથે વિચારવા લાગ્યો કે-"આ મનુષ્ય કોઇ પણ પ્રકારે દુરાચારી લાગતો નથી. એનું બોલવું તદ્દન શાંતિભરેલું છે. પરંતુ પોતાની હકીકત કહેતાં એ ડરે છે. હશે, ગમે એ હોય. હું એને મારે ઘેર તો તેડીજ જઇશ." એમ વિચારી દેવદૂતને કહ્યું:-" ભાઇ તું મારી સાથે મારે ઘેર ચાલ. અને ઠંડીથી તું અકળાઇ ગયેલો છે માટે અગ્નિ પાસે બેસી જરા આરામ લે. પછી તારે જે કહેવા કરવાનું હોય તે નિરાંતે મને કહેજે. "

હવે નથુનું ઘર નજીક આવવા લાગ્યું એટલે તેને પોતાની સ્ત્રી સાંભરી આવી. તે મનમાં વિચાર કરવા લાગ્યો:-" સ્ત્રીને છોકરાં માટે હું કપડાં ખરીદવા ગયો કમભાગ્યે પૈસા ન મળવાથી કપડાં લઇ ન શકયો, અને પાસે જે જૂજ પૈસા હતા તેનો આવી ઠંડીમાં દારૂ પી લીધો. રસ્તે ચાલતાં આ નગ્ન ભિખારીને સાથે ઉપાડી લાવ્યો. ઘરમાં ખાવાનું પણ પૂરતું નહિ હોય. એટલે સ્ત્રી ગુસ્સો તો કરવાનીજ. હરિ! હરિ!! જે બને તે ખરૂં."

નથુ જ્યારે જ્યારે દેવદૂતના મોંઢા સામું જોતો એટલે તેના અંતઃકરણમાં કુદરતી પ્રેમ ઉત્પન્ન થઇ આવતો હતો. તેથી બધા વિચારો તે ભૂલી જતો હતો. આવી રીતે વિચારમાં ચાલતાં ચાલતાં દેવદૂત આવે નથુ ઘરની નજીક આવી પહોંચ્યો.

Gandhi Heritage Portal

પ્રકરણ ૩ જું.

નથુની બીએ ઘરનું સર્વે કામકાજ આટોપી લીધું હતું. પોતે બળતણ પાણી વગેરે લઇ આવી હતી. અને છોકરાંઓને બહરાવી કામકાજમાંથી પરવારી હતી. પોતે પણ થોડુંક બાઇને વિચાર કરતી બેઠી હતીઃ-"નથુ ગામમાં ગયેલ છે એટલે ગમે તે જગ્યાએ બાઇનેજ આવશે. એટલે તેના ભાગનું બાવાનું બાકી રહેશે તેથી આવતી કાલે બધાંને ચાલી રહે એટલું બાવાનું તો છે."

આમ વિચારી કરી તે પોતાના ધણીનું એક જૂનું કુડતું જે તદન ફાટી ગયું હતું તે સીવવા બેઠી. અને તરંગો કરવા લાગીઃ- "મારો ધણી હમણાં આવશે અને મારે સારૂ તેમજ છોકરાંઓને સારૂં કપડાં લઇ આવશે. હું ધારૂં છું કે ઉધરાણી મળી હશે. અને જરૂર કપડાં લઇ આવશે. પહેરવાનાં કપડાં ન હોવાથી મારાથી તેમજ છોકરાંઓથી બહાર પણ નીકળાતું નથી. જો ઉધરાણી નહિ મળી હોય તો પાસે જે જૂજ પૈસા છે તે ધારૂ પીવામાં તો ન ઉડાડી દે! આટલીજ મને ધાસ્તી છે."

આમ બોડા દોડાવતી હતી તેવામાં બારણે ઓટલા ઉપર પગલાંનો અવાજ સંભળાયો. તે કુડતું એક બાજુએ મૂકી ઉઠી, એટલે નથુને એક માણસ સાથે બારણાંમાં પેસતો જોયો પોતાના ધણીના જોડા અને અંગરખું પણ તે પુરૂષે પહેરેલા જોઇને તે વિચાર વમળમાં પડી. પોતાના ધણીની પાસે ઉભી રહેતાં તુરતજ તેને દારૂની વાસ આવી વળી નાથુની પાસે કંઇ પણ સામાન નહિ જોયો તેનો ચહેરો

Gandhi Heritage Portal

દિલાસીન અને ફિક્કો પડી ગયેલો જોઇ વિચાર્યું કે પોતાની પાસેના પૈસાનો દારૂ પી ગયો છે. અને સાથે આ રસ્તે ચાલતા ભિખારી દારૂડીઆને પણ ઉપાડી લાવ્યો છે!

નથુ અને દેવદૂત આગળ ઓરડા તરફ ચાલવા લાગ્યા. અને સ્ત્રી પણ પાછળ વિચાર કરતી ચાલીઃ-"એણે પોતાનું અંગરખું આને પહેરાવ્યું છે અને એની પાસે નીચે કુડતું પણ દેખાતું નથી. એને માથા પર ટોપી પણ નથી." દેવદૂત ઓરડામાં પેઠો કે એક જગ્યાએ હાલ્યા ચાલ્યા સિવાય ફકત નીચી નજર રાખી ઉભો રહ્યો. નથુની સ્ત્રીએ વિચર્યું કે એ સારો માણસ નથી અને બીવેલા જેવો લાગે છે. એમ વિચાર બાંધી પોતે રસોડામાં ગઇ અને શું વાતચિત થાય છે તે સાંભળવા લાગી.

નથુ પોતાની ટોપી ઉતારી બાંકડા પર બેસી ગયો તે સમજ્યા કે ઘરમાં સ્ત્રીનો મિજાસ ગયો છે. થોડી વાર ગઇ પોતાની સ્ત્રીને કહ્યુંઃ-"અમને હવે કંઇ ખાવાનું તું આપશે?" પણ તેણે સાંભળ્યું જ ન હોય તેમ તે બરબડી અને રસોડામાંથી ચૂલા પાસેથી ઉઠીજ નહિ. તે તો પોતાના ધણી તરફ જોઇ નિઃશ્વાસ નાંખ્યા કરતી હતી.

નથુએ આ બાબત કંઇ ધ્યાન પરજ લીધી નહિ. તે દેવદૂત પાસે જઇ કહેવા લાગ્યોઃ-"ભાઇ, અહીં એક બાજુએ શું કામ ઉભો રહ્યો છે? આવ, અને આ ગુણીઆ પર બેસ. આપણે હવે વાળુ કરીશું." પોતાની સ્ત્રીને પૂછવા લાગ્યોઃ-"કેમ આજે કંઇ રાંધ્યું છે કે નહિ?"

સ્ત્રીએ કહ્યુંઃ-"રાંધ્યું છે. પરંતુ તમારે માટે તે નથી. દારૂ પી પીને તમે તમારી બુદ્ધિજ ગુમાવી છે! તમે શહેરમાં મારે સારૂ તથા છોકરાંઓ સારૂ કપડાં લેવા ગયા તે ન લાવતાં દારૂ પીને રસ્તે

Gandhi Heritage Portal

ચાલતા આ નગ્ન રખડતા ભિખારીને સાથે ઉપાડી લાવ્યા. તમને કંઇ શરમ નથી આવતી ? તમારા જેવા પીધેલને માટે મારી પાસે આવાનું નથી."

નથુ જરા ગુસ્સાના આવેશમાં બોલ્યોઃ-"હવે એટલું બસ થશે. જરા જીભને ટુંકી કર. પ્રથમ તું પૂછ તો ખરી કે એ કેવો માણસ છે ?"

સ્ત્રીએ કહ્યુંઃ-"તમે તે પૈસાનું શું કર્યું તે તો કહો !" દારૂ પીતાં થોડા પૈસા બાકી રહ્યા હતા તે નથુએ તેના તરફ ફેંકી દીધા. અને જણાવ્યું કેઃ-"ઉધરાણી બીલકુલ મળી નહિ. આવતા અઠવાડીઆમાં વાયદો કર્યો છે. ત્યારે કપડાં વિષે જોઇશું."

આ સાંભળી સ્ત્રી વધુ ગુસ્સે થઇ અને એક નગ્ન ભિખારીને ઘરમાં આણેલો જોઇ તે નથુ પર ગાળો વરસાવવા લાગી. પાસે પડેલા પૈસા લઇ તે નથુને કહેવા લાગીઃ-"મારી પાસે આવાનું નથી. આવા રઝળતા ભિખારીઓને તમે ઘરમાં લાવ્યા કરશો અને હું આવાનું કયાંથી આપીશ ?"

નથુએ ગુસ્સાથી કહ્યુંઃ-"તું એકદમ ચૂપ રહે.. અને મારે જે કહેવાનું છેઃ તે સાંભળ."

સ્ત્રી કહેવા લાગી કે "તમારા જેવા પીધેલ એવકૂફ પાસેથી શું અક્કલની વાત સાંભળવી હતી ? પૈસા લઇ કપડાં લેવા ગયા અને તેનો દારૂ પી રસ્તામાંથી રઝળતા ભિખારીને ઉપાડી લઇ ઘેર આવ્યા; અને હવે માફું કર અને મારા પુનીઆનું પણ કર !! આ તમારી કુટેવો હું સહન કરી શકતી નથી." અત્યંત ગુસ્સાના આવેશથી તે સળગી ઉઠી હતી, અને જેટલાં વેણ કહેવાય તેટલાં બધાં કહ્યાં.

Gandhi Heritage Portal

નથુ આ સર્વ શાંત ચિત્તથી સાંભળી રહ્યો, કારણ કે આ દેખાવ કંઈ તેને નવો ન હતો. ગુસ્સામાં ને ગુસ્સામાં સ્ત્રીએ ત્યાંથી ચાલી જવાનો વિચાર કર્યો. પરંતુ આ અજાણ્યો પુરૂષ કોણ હતો તે જાણવાની તેને ઘણી ઉત્કંઠા હતી તેથી તે રસોડામાંજ બેઠી.

પ્રકરણ ૪ થું.

નથુ તથા દેવદૂત બાંકડા ઉપર બોલ્યા ચાલ્યા સિવાય બેસી રહ્યા હતા. સ્ત્રીએ પોતાના મનનો ઉભરો વચનબાણ વડે ખાલી કર્યો, અને આખરે થોડોક સમય વીત્યા બાદ તે શાંત પડી અને નથુને કહેવા લાગી કે "જો આ ભલો મનુષ્ય હોય તો આવી નગ્નાવસ્થા અને અધમાવસ્થામાં કેમ હોય? પાસે પહેરવાનું એક પહેરણ પણ નથી. આવું ઉત્તમ પુરૂષરત્ન તમે ક્યાંથી શોધી લાવ્યા?"

નથુ બોલ્યો–"હું તને પ્રથમથીજ આ મનુષ્ય વિષે કહેવાની કોશીષમાં હતો. પરંતુ તારો ઉભરો ખાલી કર્યા સિવાય તું કોઇનું સાંભળે એમ ક્યાં છે? હું સામે છેડની ગલીમાં થઇને અંધારામાંથી ચાલ્યો આવતો હતો ત્યાં આગળ પેલા દેવળ નજદીક ભીંતને અઢેલી તદ્દન નગ્નવસ્થામાં બેઠેલા આ માણસને મેં જોયો. ઠંડીથી એ તદ્દન અકડાઇ ગયેલો હતો. પ્રથમ તો મને આવી સ્થિતિમાં મનુષ્યને જોઇ ધાસ્તી લાગી અને હું ઘર તરફ ચાલ્યો આવવા લાગ્યો.

"પરંતુ પરમાત્માએ મને પ્રેરણા કરી કે એક દુઃખી મનુષ્યને આવી સ્થિતિમાં જોઇ તેના વિષે કંઈ પણ તજવીજ કર્યા સિવાય ચાલી જવાયજ નહિ. તેથી હું પાછો ફર્યો અને તેના પાસે ગયો.

Gandhi Heritage Portal

ઈશ્વરેજ મને એની પાસે મોકલ્યો. નહિ તો એ ઠંડીમાં અકડાઇને મરી જાત. આપણે કેવી રીતે કલ્પના કરી શકીએ કે એની ઉપર શું મહાન કષ્ટ ઉતરી પડયું છે? જેથી મેં એને મારૂં અંગરખું અને પગરખાં પહેરાવ્યાં. અને અહીંઆ લઇ આવ્યો. હવે તારા અંતઃકરણમાં જરા દયા રાખ. આપણે સર્વને એક વખત મરવું તો છેજ. તો પાપાચરણ કરતાં તરત અટકવું જોઇએ."

આ સાંભળી સ્ત્રીના અંતઃકરણમાં પાછો ઠપકો દેવાનું મન થઇ આવતું હતું. પરંતુ તેણે નવા આવેલા શખ્સની સામે જોયું. અને કંઇ બોલી નહિ દેવદૂત બાંકડાના એક ખૂણા ઉપર આંખો મિંચી મસ્તક નીચું રાખી હાલ્યા ચાલ્યા સિવાય ઉંડા વિચારમાં નિમગ્ન થઇ બેઠેલો હતો. નથુની સ્ત્રી પણ શાંત થઇને બોલ્યા ચાલ્યા સિવાય ઉભી રહી હતી.

નથુએ કહ્યું:-" શું તારા અંતઃકરણમાં ઇશ્વરનો વાસ નથી?" આ શબ્દોથી સ્ત્રીનું અંતઃકરણ એકાએક નરમ થઇ ગયું. અને તે દેવદૂતના તરફ જોવા લાગી. તેને તેના તરફ પ્રેમવૃત્તિ ઉત્પન્ન થઇ. તે તરતજ રસોડામાં ગઇ અને બંનેને માટે ખાવાનું લઇ આવી નથુએ દેવદૂતને પાસે બોલાવ્યો. અને રોટલી ખાવા આપી અને બંને જણા સાથે બેસી ખાવા લાગ્યા.

નથુની સ્ત્રી પણ એક બાજુ ઉભી રહી દેવદુતને બારીકાઇથી જોવા લાગી. એને તેને માટે દિલમાં સદ્‌ભાવ ઉત્પન્ન થયો. એકાએક દેવદૂતના મ્હોં ઉપર પ્રકાશ ઉત્પન્ન થયો. તેની આંખો ચળકવા લાગી અને તે સ્ત્રીને જોઇ તેણે મ્હોં મલકાવ્યું. નથુ તથા તેની સ્ત્રી બંને આશ્ચર્ય પામ્યાં, દેવદુત અને નથુ બંને જમી રહ્યા પછી સ્ત્રીએ વાસણ ધોયાં. અને તે પછી દેવદૂત પાસે આવીને પૂછવા લાગી:-" ભાઇ, તમે કયાંથી આવો છો?

Gandhi Heritage Portal

" હું આ વિભાગમાં વસતો નથી. " દેવદૂતે કહ્યું.

" તમે આ રસ્તા ઉપર ક્યાંથી આવી ચઢયા ? "

દેવદુત–" હું તે કહી શકતો નથી. "

સ્ત્રી–" શું આપને કોઇએ લૂંટી લીધા છે ? "

દેવદૂત–" પરમાત્માએ મને શિક્ષા કરી છે. "

સ્ત્રી–" શું આપ ત્યાં આગળ છેક નગ્નાવસ્થામાં, બેભાન સ્થિતિમાં પડયા હતા ? "

દેવદૂત–" હા, હું તદ્દન નગ્નાવસ્થામાં જતો હતો. અને ઠંડીથી અત્યંત અકડાઇ ગયો હતો. તમારા ઉદાર અને પરોપકારી ધણીએ મારા ઉપર દયા કરી; અને પોતાનો કોટ મને પહેરાવી અહીં લઇ આવ્યા. અને તમે પણ સ્વાદિષ્ટ ભોજન આપી સંતોષ્યો. અને મારા ઉપર દયા કરી. પરમ દયાળુ પ્રભુ એનો બદલો તમને અવશ્ય આપશે. "

નથુની સ્ત્રીએ પોતાના ધણીનું જે જૂનું પહેરણ સાંધ્યું હતું તે દેવદૂતને પહેરવા આપ્યું. અને એક જૂની ઇજાર પણ આપી. અને કહ્યું કે–" આપને માટે હું રસોડામાં ચૂલાની નજીક પથારી કરું છું ત્યાં સૂઇ જાઓ. રસોડામાં ગરમી હોવાથી આપને રાત્રે ઠંડી લાગશે નહિ. "

દેવદૂત કપડાં પહેરી રસોડામાં સૂઇ ગયો. નથુ અને તેની સ્ત્રી પણ સૂઇ ગયાં. નથુની સ્ત્રી સૂઇ ગઇ પણ તેને બીલકુલ નિદ્રા આવી નહિ. દેવદૂત વિષેના વિચાર તેના મનમાંથી બીલકુલ ખસતા નહોતા. વળી તેને આવતી કાલની ચિંતા થઇ કારણ કે ઘરમાં રોટલી બીલકુલ રહી નહોતી. વળી પોતાના ધણીની ઇજાર અને પહેરણ પણ દેવદૂતને આપી દીધાં હતાં. આથી તે નિરાશ થઇ. પરંતુ દેવદૂતની

Gandhi Heritage Portal

દયામણી સ્થિતિ જોઇ તેના દિલમાં લાગણી પણ ઉત્પન્ન થઇ આવતી. આવા વિચારમાં ને વિચારમાં તે મોડી રાત સુધી ઉંઘી નહિ. તેણે પોતાના ધણીને પણ જાગતો જોયો. નથુએ પૂછ્યું:-"કેમ ? તું પણ જાગે છે કે ? "

સ્ત્રીએ કહ્યું:-" હા તમે બંને જણાએ બધી રોટલી અલ્લાસ કરી છે. તેથી હવે કાલે શું કરીશું તેના વિચારમાં હું પડી છું. હું ધારું છું કે કાલે પાડોશીને ત્યાંથી રોટલી ઉછિની લાવવી પડશે તે સિવાય બીજો રસ્તો નથી. "

નથુએ કહ્યું:—"જ્યાં સુધી આપણે જીવીએ છીએ ત્યાં સુધીની આપણી ફિકર તે પરમ દયાળુ પિતાનેજ છે. 'કીડીને કણ અને હાથીને મણ.' એમ સૌ સૌની જરૂરીઆત પ્રમાણે તે આપે છે. તો તારી અને મારી ચિંતા શું કામની ?"

સ્ત્રી આ સાંભળી શાંત થઇ અને થોડી વાર પછી પૂછવા લાગી:—"આ દેવદૂત ભલો માણસ દેખાય છે. પરંતુ એ પોતાના વિષેની હકીકત કેમ આપણને જણાવતો નથી ?"

નથુએ કહ્યું:—"એ નહિ જણાવી શકે એવી સ્થિતિમાં હશે. એટલે આપણે જાણવાની શી જરૂર છે ?"

સ્ત્રીએ કહ્યું:-" એ તો ઠીક. પરંતુ આપણે બીજાઓને આપણી સ્થિતિ પ્રમાણે મદદ આપીએ છીએ. ત્યારે આપણને કેમ કોઇ આપતું નથી ? "

નથુને આ પ્રશ્નનો જવાબ શું આપવો, એ સૂઝયું નહિ. તેથી કહ્યું:-" બસ હવે વાતો બંધ કર, અને સૂઇ જા. મને ઉંઘ આવે છે. " એમ કહી નથુ બોલતો બંધ પડયો; અને થોડી વારમાં સૌ નિદ્રાવશ થયાં.

Gandhi Heritage Portal

પ્રકરણ ૫ મું.

નથુ સવારના પહોરમાં જલદી ઉઠ્યો. તેની સ્ત્રી પાડોશીને ત્યાંથી ઉછીની રોટલી લેવા ગઇ. દેવદૂત ઉઠીને મ્હોં વગેરે ધોઇ બાંકડા ઉપર બેઠો હતો. તેનો ચહેરો આજે ઘણોજ તેજવાન લાગતો હતો. નથુએ પૂછ્યું:–" વહાલા ભાઈ દેવદૂત, આપણાં પેટ ખાવાનું માંગશે અને શરીર પહેરવાનાં કપડાં માંગશે. માટે તમારે તે સાધનો મેળવવા કામ કરવું પડશે. તમો શું કામ કરી શકો એમ છો ?"

" હું કંઇ પણ જાણતો નથી. " દેવદૂતે કહ્યું.

નથુ અજાયબ થયો. પણ કહ્યું, કે " તમો કંઇ જાણતા નથી એ ઠીક, પરંતુ મનુષ્ય પોતાની દૃઢ ઇચ્છાથી બધું શીખી શકે છે. "

" બીજા કરે છે તેમ હું પણ કરીશ " દેવદૂતે કહ્યું.

" ભાઇ દેવદૂત, તું તારી કોઇ પણ હકીકત કહેતો નથી એ તારી મરજી. પરંતુ તારી જાત નિભાવવા માટે—તારી જીંદગીનાં સાધન મેળવવા માટે–તારે કમાવું જોઇશે. હું જેમ બતાવીશ એમ તું કામ કરશે તો હું તને મારે ત્યાંજ રાખીશ. "

" ઇશ્વર તમને તેનો બદલો આપશે. હું કામ કરીશ. મારે શું કરવું તે મને બતાવો. "

નથુએ દોરી લીધી અને પોતાની આંગણી વચ્ચે રાખી તેને મીણ કેમ લગાડવું તે બતાવ્યું. દેવદૂત અત્યંત ચાલાક માણસ હતો. કોઇ પણ કામ તેને એક વખત બતાવ્યું કે તે તરતજ ધ્યાનમાં

Gandhi Heritage Portal

લઇ શીખી જતો હતો. નથુએ તેને જોડાનાં તળીઆં કેમ સીવવાં, ચુંકો કેમ મારવી, વગેરે બતાવ્યું. અને દેવદૂત તે તરતજ શિખી ગયો. ત્રણ દિવસમાં તો એક હુશીયાર મોચીની સાથે હરિફાઇ કરી શકે એટલું તેને આવડી ગયું. નથુ તેની ચાલાકી જોઇ અત્યંત રાજી થયો.

હવે દેવદૂત આરામ લીધા સિવાય અત્યંત ઉલટથી કામ કરવા લાગ્યો. એને ખાવાનું પણ તદ્દન થોડુંજ જોઇતું હતું. જ્યારે કામ બલાસ થતું, ત્યારે તે તદ્દન શાંત થઇ બેસતો અને આકાશ તરફ જોયા કરતો. તે કવચિતજ ઘરમાંથી બહાર રસ્તા ઉપર નીકળ્યો હશે. જરૂર હોય તેનાથી કદી વધુ વાત કરી નથી. કદી હસ્યો પણ નથી. કે કદી કોઇની મશ્કરી કરી નથી. નથુ અને તેની સ્ત્રીએ ફકત એકજ વખત તેને હસતો જોયો હતો. અને તે જ્યારે પહેલવહેલે દિવસે નથુ સાથે રાતના આવ્યો અને તેની સ્ત્રીએ જ્યારે પ્રથમ આવાનું આપ્યું ત્યારેજ.

પ્રકરણ ૬ ઠું.

દિવસ ઉપર દિવસ, અઠવાડીઆં ઉપર અઠવાડીઆં એમ પસાર થવા લાગ્યાં. અને દેવદૂત નથુને ત્યાંજ રહેતો, ખાતો અને કામ કરતો. દેવદૂતના આવ્યા પછી નથુના કાર્યની ખ્યાતિ શહેર બહાર પણ પ્રસરવા લાગી. લોકો વાત કરવા લાગ્યા કે નથુ મોચીના જેવા જોડા બીજું કોઇ બનાવી શકે એમ નથી. કામ ઘણુંજ મજબૂત ટકાઉ અને ચોકખું થાય છે. અને એને લીધે પાડોશના

Gandhi Heritage Portal

શહેર ગામડામાંથી પણ નથુને પગરખાં વગેરે બનાવવાની વરદી દિન પ્રતિદિન વધુને વધુ મળવા લાગી.

એક દિવસ નથુ અને દેવદૂત પોતાના કામમાં બેઠા હતા. ત્યાં આગળ એક ગાડું આવીને ઉભું રહ્યું. તેમણે બારીમાંથી બહાર જોયું તો ગાડું પોતાનાજ ઘર આગળ ઉભું રહેતું જોયું. ગાડામાંથી એક માણસ નીચે ઉતર્યો એટલે ભારે કપડાં પહેરેલ એક શેઠીઓ બહાર નીકળ્યો. નથુ બારણું ઉઘાડી સામો ઉતાવળથી ગયો. અને તે શેઠીઓ નીચો વળી બારણામાં પેઠો. પોતે શરીરે હૃષ્ટપુષ્ટ હતો. બાંકડા ઉપર બેઠો. અને પૂછ્યું:-"દુકાનનો ધણી કોણ છે?"

નથુ આવકાર સહિત બોલ્યો:-"હું છું; મહેરબાન, કાંઇ હુકમ?"

શેઠીઆએ પોતાના નોકરને બોલાવ્યો અને ગાડીમાંથી ચામડું લઈ આવવાની આજ્ઞા કરી. નોકર તે લઇ આવ્યો. અને શેઠીએ તે છોડી નથુને આપ્યું, અને કહ્યું:-"આ ચામડું તેં જોયું? તું સમજે છે કે એ કઇ જાતનું ચામડું છે?"

નથુએ કહ્યું:—સાહેબ, બહુજ સુંદર ચામડું છે."

શેઠીઆએ કહ્યું:—"તારી જીંદગીમાં પણ આવું ચામડું તેં જોયું નહિ હોય. એ બહુજ કીંમતી છે. હવે આમાંથી તું મારે માટે જોડા બનાવી શકશે?"

નથુએ કહ્યું:-"હા સાહેબ."

શેઠીઓ બોલ્યો:-આટલું તારે બરાબર યાદ રાખવાનું છે કે તું કેવા સરસ ચામડામાંથી અને કોને સારૂ જોડા બનાવવાનો છે. તારે એવા સરસ જોડા બનાવવા પડશે કે તે એક વરસ સુધી ઘાટ બદલાયા સિવાય ચાલે. તારાથી એવી રીતે બનતું હોય તોજ ચામડું કાપજે; નહિ તો રહેવા દેજે. હું બીજી જગ્યાએ આપીશ. જો એક

Gandhi Heritage Portal

વરસની મુદતમાં જોડા ફાટી ગયા, કે આકાર બદલાયો તો હું તને જેલમાં મોકલીશ. એ ધ્યાનમાં રાખીને જોડા બનાવવાનું માથે લેજે. અને જો એક વરસ સુધી આકાર બદલાયા વિના ચાલશે તો તેને માટે તને બમણું દામ આપીશ."

નથુ તો આથી ગભરાઇ ગયો. તે દેવદૂત પાસે જઇ કાનમાં કહેવા લાગ્યો કે " કેમ, આ કામ લઇએને ? "

દેવદૂતે હા પાડી એટલે નથુએ શેઠીઆને કહ્યું:-"તમારી શરત મુજબ જોડા બનાવી શકીશ." શેઠીએ પગનું માપ લેવાનું કહ્યું. નથુ માપ લેતો હતો એટલામાં તે શેઠીઆએ દેવદૂત ભણી નજર નાંખી પૂછ્યું:-"આ કોણ છે ?" નથુએ જણાવ્યું, કે " મારો નોકર છે. " શેઠીએ કહ્યું, કે "એવા સરસ જોડા બનાવજે કે એક વરસ સુધી ચાલે."

દેવદૂતે સાંભળ્યા કર્યું. તેની નજર શેઠીઆની ઉપર હતી. અને કેટલીક વખત તે તેના માથાની ઉપર ઉંચે જોયાં કરતો હતો. કેટલોક વખત એમ જોયા પછી તે હસી પડયો. અને તેનો આખો ચહેરો પ્રકાશમાન જણાવા લાગ્યો.

શેઠીએ દેવદૂતને કહ્યું:-"તું શું હસે છે ? કંઇ જંગલી જેવો લાગે છે. એટલું બરોબર ધ્યાન રાખજે કે વખતસર જોડા તૈયાર કરવાના છે."

દેવદૂતે કહ્યું:-"આપને જ્યારે જોઇએ ત્યારે હું હાજર કરીશ."

શેઠીઆએ બીજી આપવા જેવી સૂચના આપી અને પછી પોતાના માર્ગમાં બેસી ત્યાંથી વિદાય થયો.

Gandhi Heritage Portal

પ્રકરણ ૭ મું.

ન્યુએ દેવદૂતને જણાવ્યું, કે " જો આપણે આ કામ હાથમાં લીધું છે, પરંતુ એવા સરસ જોડા બનાવવા જોઇએ કે આપણે કાંઇ હરકતમાં આવી ન પડીએ. આ ચામડું ઘણુંજ ઉત્તમ છે. અને શેડીઓ ઘણોજ કડક મગજનો લાગે છે. કોઇ પણ જાતની ભૂલ ન થાય એને માટે અત્યંત કાળજી રાખવાની છે. તું મારા કરતાં વિશેષ હુશીઆર છે માટે એ કામ તુંજ હાથમાં લે. "

દેવદૂતે સરસ જોડા બનાવવાનું કામ પોતાના ઉપર લીધું; અને ચામડું લઈ તેને નરમ બનાવવા લાગ્યો. પછી તેને કાપવાનું શરૂ કીધું. નથુની સ્ત્રી તેની પાસે આવીને બેઠી, અને દેવદૂત શું કરે છે તે જોવા લાગી. અને અજાયબ થઇ કે દેવદૂત કેવી રીતે કાપે છે ! કારણકે નથુની સ્ત્રીને પણ તે કામનો કંઇક મહાવરો હતો. તે જોઇ શકી કે દેવદૂતે તે જોડાને માટે ચામડું કાપવાનું મૂકી સપાટ બનાવવાના કકડા કાપ્યા. છતાં તેણે વિચાર કર્યો કે કદાચ મરદના જોડા કેવી રીતે બનાવવા તેની મને ખબર ન હશે. દેવદૂત અમારા બધા કરતાં હુશીઆર છે માટે જેમ એની મરજીમાં આવે તેમ કરવા દેવું.

હવે દેવદૂત સપાટને માટે ચામડું કાપી રહ્યો. અને એકવડા દોરાથી તે સીવવા લાગ્યો. નથુની સ્ત્રી ફરી અજાયબ થઈ. કારણ કે તે જાણતી હતી કે જોડા બનાવવા માટે તો બેવડો દોરો વાપરવો પડે છે. પરંતુ હજી પણ તે ચૂપ બેસી રહીને દેવદૂત શું કરે છે તે

Gandhi Heritage Portal

જોવા લાગી. થોડીવાર પછી નથુ આવ્યો અને તેણે જોયું કે તે શેઠીઆના ચામડામાંથી જોડા બનાવવાનું મૂકો દેવદૂત સપાટ બનાવે છે!

નથુ એકદમ દીલગીર થઈ ગયો અને વિચાર્યું કે દેવદૂત એક વર્ષ થયા કામ કરે છે અને કોઇ દિવસ કાંઇ પણ ભૂલ કરી નથી અને આજે આ શું કરે છે? તે શેઠીઆએ જોડા બનાવવાનું કહ્યું છે ને આ તો સપાટ બનાવે છે. હવે તો એણે ચામડું પણ કાપીને બગાડયું છે! અને હું તે શેઠીઆને શું જવાબ દઇશ? એમ મોટી ફીકરમાં પડયો. કારણ કે એવું ચામડું બીજી જગ્યાએથી મળી શકે એમ પણ ન હતું.

અત્યંત શોકાતુર થઈ તેણે દેવદૂતને કહ્યું:-"મારા દોસ્તદાર, આ તેં શું કર્યું? તેં મારા સર્વસ્વનો હવે નાશ કર્યો છે. તે શેઠીઆએ જોડા બનાવવાનો હુકમ આપ્યો છે અને તેં તો સપાટ બનાવ્યા. હવે હું શું કરીશ? તે શેઠીઓ કોઇ મોટો પુરૂષ છે; અને તે મને કેદમાં નાંખશે. મારાં બાયડી છોકરાંનું શું થશે?..."

નથુ આમ વાતચિત કરે છે એટલામાંજ બારણે કોઇનો અવાજ સંભળાયો. બારીમાંથી નથુએ બહાર જોયું. તો કોઇ ઘોડા ઉપરથી ઉતરીદુકાનમાં આવે છે. તેણે જઇ બારણું ઉઘાડયું તો તજ શેઠીઆનો નોકર આવ્યો. તે કહેવા લાગ્યો કે-"મારી શેઠાણીએ જોડા વિષે કંઇ સૂચના કરવા મને મોકલ્યો છે."

નથુએ પૂછ્યું:—"શું છે?"

નોકરે કહ્યું:—"શેઠ તે દિવસે આવ્યા હતા, તેને માટે જોડા બનાવવાના હતા. પરંતુ તે એકાએક ગુજરી ગયા છે."

નથુએ કહ્યું:—"એવું તું શું બોલે છે?"

Gandhi Heritage Portal

નોકરે કહ્યું:—"શેઠ ગાડીમાં બેસી તારે ઘેરથી ગયા કે રસ્તા-માંજ ગાંડામાં તેઓ એકાએક ગુજરી ગયા. ગાડું ઘર આગળ પહોંચ્યું, ત્યારે હું પાસે ગયો અને જોઉં છું તો શેઠ ચત્તાપાટ પડેલા અને શ્વાસ પણ બંધ થઇ ગયેલો ! અમોએ ગાડામાંથી નીચે ઉતાર્યા. પરંતુ તેમનામાં જીવ નહોતો. આ આશ્ચર્યકારક તેમજ ખેદકારક બનાવ છે. મારી શેઠાણીએ તરતજ મને કહ્યું કે 'મોચીને ત્યાં પાછો જા. અને જોડા બનાવવાનો હુકમ આપ્યો છે તેને બદલે તેજ ચામડા-માંથી શબને વાસ્તે સપાટ બનાવવાનું કહી આવ, અને જ્યાં સુધી તે તૈયાર થાય ત્યાં સુધી થોભજે. અને તારી સાથેજ લઈ આવજે, આથી હું તમારી પાસે કહેવા આવ્યો છું." દેવદૂતે સપાટ તૈયારજ કરી રાખી હતી. તેને સાફ કરીને બીજા ચામડાના ટુકડા વધેલા હતા તે એકઠા કરી એક બેંગી બનાવી. સપાટ અને તે બેંગી તે નોકરને હવાલે કરી દીધાં. નોકર તેમને પૈસા ચૂકવી આપી ત્યાંથી ચાલી નીકળ્યો.

પ્રકરણ ૮ મું.

એ ક વર્ષ પૂરું થયું. બે પૂરાં થયાં અને દેવદૂતને નથુએ ત્યાં રહેવાને હવે પાંચ વર્ષ થઇ ગયાં, દેવદૂત અગાઉની માફકજ રહેતો હતો. તે કદી બહાર ગયો નથી. કદી બીનજરૂરી વાત કરી નથી. અને સઘળા વખતમાં ફકત બેજ વાર હસ્યો છે. પહેલી વાર—જ્યારે તે નથુને ઘેર આવ્યો અને નથુની સ્ત્રીએ તેને ખાવાનું આપ્યું ત્યારે; બીજી વાર—જ્યારે તે શેઠીઓ દુકાનમાં આવીને બેઠો હતો ત્યારે. નથુ દેવદત્તના

Gandhi Heritage Portal

કાર્યથી એટલો બધો આનંદ પામ્યો હતો કે તેને ફકત એટલીજ ચિંતા હતી કે દેવદૂત તેની પાસેથી ચાલ્યો ન જાય. નથુએ તેને કદી પૂછ્યું નહિં કે તું કયાંથી આવે છે?

એક દિવસ તેઓ ઘરમાં બેઠા હતા. નથુની સ્ત્રી ઘરકામમાં હતી અને છોકરાંઓ બહાર રમતાં હતાં. નથુ પોતાનાં હથીઆર ઘસતો હતો અને દેવદૂત સીવવાનાં કામમાં ગુંથાયલો હતો. તેવામાં નથુનો એક છોકરો બહારથી દોડતો આવી દેવદૂતને વળગી કહેવા લાગ્યોઃ- "કાકા, જૂઓ, બહાર એક વેપારીની સ્ત્રી આવે છે અને તેની સાથે બે છોકરીઓ છે. તેમાંથી એક બિચારી લૂલી છે."

છોકરાએ આ કહ્યું કે દેવદૂતે તરતજ પોતાનું કામ પડતું મેલ્યું અને બારીમાંથી આતુરતાથી જોવા લાગ્યો. નથુ આશ્ચર્ય પામ્યો. કારણ કે દેવદુત કદી પણ પોતાનું કામ છોડી કંઇ પણ જોવા ઉઠતો નહતો.

તે સ્ત્રી નથુને ત્યાંજ આવતી જણાઈ. દરવાજો ઉઘાડી તે અંદર આવી બંને છોકરીઓ માની પાસે પાસે બેઠી. એક છોકરી લૂલી હતી. તેઓને સ્વચ્છ કપડાં પહેરાવેલાં હતાં. નથુએ આવકાર આપી બાંકડા પર બેસાડયાં. તે સ્ત્રીએ કહ્યું કે—"આ બંને છોકરીઓ માટે જોડા બનાવવાના છે. તમો બનાવી શકશો?"

નથુએ કહ્યુંઃ-"ઘણી સારી વાત. મેં કોઇ દિવસ બનાવ્યા નથી. પણ આ મારો માણસ છે તે બનાવી શકશે. માટે એને આપો."

નથુ દેવદૂતના તરફ જોવા લાગ્યો. દેવદૂત પોતાનું કામ એક બાજુએ પડતું મૂકી બંને છોકરીઓ તરફ તાકી તાકીને જોયા કરતો હતો. નથુ આથી આશ્ચર્ય પામ્યો. બંને નાની છોકરીઓ ઘણીજ સુંદર હતી છતાં પણ નથુ સમજી શકયો નહિ કે દેવદૂત આટલું બધું તાકી તાકીને છોડીઓને શામાટે જૂએ છે? નથુએ તે બંને

Gandhi Heritage Portal

છોકરીઓનાં માપાં લીધાં. સ્ત્રીએ કહ્યું કેઃ-"છોકરીનો એક પગ વાંકો છે. માટે એક જોડો બીજાથી ન્હાનો કરવાનો છે. અને ત્રણ સરખાજ કરવાના છે. કારણ કે બંને છોકરીના પગ સરખાજ છે. તેઓ જોડે જન્મેલાં બચ્ચાંઓ છે."

નથુએ માપ લીધા બાદ સ્ત્રીને પૂછયું કે-"આ છોકરીનો પગ લૂલો શાથી થયો? શું જન્મથીજ તે એવો હતો?"

તે સ્ત્રીએ કહ્યુંઃ-" ના. એની માથી ભાંગી ગયો હતો."

નથુની સ્ત્રી પણ એજ વાતમાં ભળી અને તેણે પૂછયુંઃ—

" ત્યારે તમે એમનાં મા નથી?"

તે સ્ત્રીએ જવાબ આપ્યોઃ-" ના. બહેન, હું એની મા નથી. તેમજ કંઇ સગી પણ નથી. એ છોકરાંઓ મને તદ્દન અજાણ્યાં હતાં. મેં તેમને દત્તક લીધાં છે."

" ત્યારે તે તમારાં છોકરાં નથી છતાં તમે એને એટલાં બધાં ચાહો છો?"

" હું એમને ચાહ્યા વિના કેમ રહું? મેં મારૂં દુધ પાઈને એમને ઉછેર્યાં છે, મારૂં એક પોતાનું છોકરૂં પણ હતું. પરંતુ તેને ઇશ્વરે પાછું લઇ લીધું."

" ત્યારે આ છોકરાં ખરી રીતે કોનાં છે?"

પ્રકરણ ૯ મું.

તે સ્ત્રીએ પછી બન્ને છોકરાંની વાત કરવા માંડીઃ " સાત વર્ષ ઉપર આ છોકરાંઓ એકજ અઠવાડીઆમાં માબાપ વગરનાં થઈ ગયાં. એમના પિતાનો અગ્નિદાહ મંગળવારે થયો હતો. અને માનો શુક્રવારે થયો હતો. એમનો

Gandhi Heritage Portal

જન્મ એમના પિતા ગુજરી જવા પછી ત્રણ દિવસે થયો હતો. અને મા એકજ દિવસ જીવતી રહી હતી.

" તે વખતે હું મારા પતિ સાથે તેજ ગામમાં રહેતી હતી. એમનું ઘર અમારા ઘરની નજીકમાંજ હતું. એમનો બાપ ગરીબ સ્થિતિનો હતો. અને જંગલમાં લાકડાં કાપવાનું કામ કરતો હતો. એક દિવસે તે એક ઝાડ કાપતો હતો, તે વખતે એકાએક તે ઝાડ તેના ઉપર પડયું. અને તે છુંદાઈને મરી ગયો. જંગલમાંથી ઘેર લાવતાં સુધી પણ તે જીવ્યો નહિ. "

જે અઠવાડીઆમાં તે ગુજરી ગયો તેજ અઠવાડીઆમાં તેની સ્ત્રીએ એક સાથે બે બચ્ચાંને જન્મ આપ્યો. તે ગરીબ બિચારી સ્ત્રી કોઇના પણ આધાર વગરની થઇ ગઇ હતી. જે દિવસે તેણે છોકરાંને જન્મ આપ્યો તેજ દિવસે હું તેને જોવા ગઈ; અને તેનું શરીર મને એકદમ ઠંડું લાગ્યું. તે બિચારી મરવાની અણીપર હતી. દુઃખને લીધે કદાચ તે પથારીમાં આમ તેમ પાસું બદલતી હશે તેમાં આ છોકરીનો કુમળો પગ છુંદાઈ ગયો હશે. પાડોશીઓ તરતજ ત્યાં આવ્યા. અને શરીરને ધોયું. અને મૃતક દેહને વાસ્તે બીજી સર્વ તૈયારીઓ તેમણે કરી અને તે સ્ત્રીને અગ્નિદાહ દીધો.

"પડોશીઓ સર્વ ભલાં માણસ હતાં તેમણે હવે વિચાર્યું કે આ કોમળ બાળકોનું શું કરવું ? સર્વ લોકોએ એકઠા થઇ વિચાર્યું કે છોકરાં હાલ તુરત તો મને સોંપવાં કારણ કે તે વખતે મને એક નાનું છોકરું હતું, એટલે હું દુધ આપી શકતી હતી. પછી શું કરવું તે સર્વ લોકોએ મળી વિચાર કરવાનું રાખ્યું. મેં બન્ને છોકરાંઓને દુધ આપ્યું; અને ત્રીજું મારું હતું તેને પણ. હું તે વખતે યુવાન અને મજબુત હતી, અને સારો ખોરાક લેતી હતી.

Gandhi Heritage Portal

એથી પરમાત્માએ મને એટલું બધું દુઃખ આપ્યું કે હું ત્રણે છોકરાંને ઉછેરી શકી.

" પરંતુ મારૂં છોકરૂં બે વર્ષની ઉમ્મરનું થઇને ગુજરી ગયું. અને ત્યાર પછી ઇશ્વરે મને બીજું છોકરૂં આપ્યું નથી. પડોશી લોકોએ પણ પાછળથી વિચાર કરી ઠરાવ્યું કે એ છોકરાંને હંમેશ મારેજ રાખવાં. હવે એ મારાં છોકરાંઓને ચાહ્યા સિવાય હું કેવી રીતે રહું ? જેવી રીતે મીણબત્તીને જેટલું મીણ છે તેવી રીતે આ છોકરીઓ મને છે. " ત્યાર પછી તેણે લૂલી છોકરીને પોતાની પાસે લીધી અને આંખમાંના આંસુ લૂછી નાંખ્યા.

આ વાત સાંભળી નથુની સ્ત્રીને તે છોકરાંઓ પ્રત્યે અત્યંત દયા ઉપજી. અને તે કહેવા લાગીઃ-" બહેન, એક કહેવત છે તે ખોટી નથી, કે માબાપ સિવાય બીજું પણ ચાહી શકે છે પરંતુ જીવાડવું તો ઇશ્વરનાજ હાથમાં છે. "

આ રીતે જ્યારે તેઓ વાત કરતાં હતાં ત્યારે એકાએક જાણે દેવદૂત બેઠો છે તે ખૂણામાંથી આવતા પ્રકાશથી ઓરડો પ્રકાશમય થઇ ગયો. તેઓ બધાં દેવદૂત તરફ જોવા લાગ્યાં. અને દેવદૂત પોતાના બે હાથ જોડી ઉંચું જોઇ હસ્યા કરતો હતો.

પ્રકરણ ૧૦ મું.

સ્ત્રી છોકરાંઓને સાથે લઇ ચાલી ગઈ. દેવદૂત પોતાના બાંકડા ઉપરથી ઉભો થયો, પોતાનું કામ એક બાજુએ છોડી દીધું. નથુ અને તેની સ્ત્રીને તેણે વાંકા વળી નમન કર્યું; અને બોલ્યોઃ-" હવે હું આપની પાસેથી રજા માગું છું. ઇશ્વરે મને હવે માફી આપી છે. મેં કંઇ પણ બોટું

Gandhi Heritage Portal

કર્યું હોય તો આપ પણ મને માફી આપશો. " અને તેઓ બંનેએ જોયું કે દેવદૂતના શરીરમાંથી પ્રકાશ નીકળતો હતો.

નથુ તુરતજ ઉભો થયો, દેવદૂતને નમન કર્યું અને બોલ્યોઃ " ભાઇ દેવદૂત, હું જોઉં છું કે આપ કંઇ સાધારણ માણસ નથી. આપને હું રહેવાની ફરજ પાડતો નથી યા કંઇ સવાલ પૂછતો નથી. છતાં એટલું તો ફકત મને કહોજ કે જ્યારે હું આપને મળ્યો અને મારે ઘેર બોલાવી લાવ્યો ત્યારે દિલગીર હતા. અને મારી સ્ત્રીએ બાવાનું આપ્યું ત્યારે હસી પડયા; અને આપ તેજસ્વી દેખાવા લાગ્યા. વળી પાછું જ્યારે તે શેઠીઓ આવ્યો ત્યારે પણ આપ બીજી વખત હસ્યા અને વધુ પ્રકાશમાન દેખાવા લાગ્યા. અને હવે જ્યારે આ સ્ત્રી નાની છોકરીઓને લઇને આવી ત્યારે ત્રીજી વખત શામાટે હસ્યા ? અને હવે આટલા બધા તેજસ્વી કેમ લાગો છે ? ભાઇ દેવદૂત, આપ મને કહો કે આપનામાંથી આટલું બધું તેજ કેમ પ્રકાશે છે ? અને આપ શામાટે ત્રણ વાર હસ્યા ? "

દેવદૂતે કહ્યું:-"હાલમાં મારામાંથી તેજ પ્રકાશે છે તેનું કારણ એટલું જ કે મને જે શિક્ષા થઇ હતી તેની હવે ઇશ્વરે મને માફી બક્ષી છે. અને હું ત્રણ વખત એટલા માટે હસ્યો કે ઇશ્વરના ત્રણ શબ્દો મારે શીખવા જોઇએ, એવી આજ્ઞા મને થઇ હતી. અને હવે એ ત્રણ શબ્દો હું જાણું છું. પહેલો શબ્દ જ્યારે આપની સ્ત્રીએ મારા પર દયા કરી ત્યારે હું શિખ્યો; અને તેથી તે વખતે પહેલી વાર હસ્યો. બીજો શબ્દ જ્યારે પેલો પૈસાદાર શેઠીઓ જોડા બનાવવાનો હુકમ આપી ગયો ત્યારે હું શિખ્યો. અને તેથી બીજી વાર હસ્યો. અને હવે જ્યારે મેં આ છોડીઓને જોઇ ત્યારે ત્રીજો શબ્દ શિખ્યો. અને તે છેલ્લો હતો. અને તેથી ત્રીજી વખતે હસ્યો."

Gandhi Heritage Portal

કરી અને છેવટે સ્થિતિ એવી થઇ કે વડી સરકારને વચ્ચે પડવું પડયું. કમીશન તો નીમાયું પણ તેથી દાદ મળે એવી બહુ આશા રાખી શકાય તેમ નહતું; કેમકે તેમાંના ત્રણમાંથી બે ગ્રહસ્થો હિંદી વિરૂદ્ધની લાગણી બતાવનારા હતા એવું હિંદીઓએ અગાઉના અનુભવે જોયેલું હતું. આ વખતેજ સરકારે હિંદી આગેવાનોને જેલની મુદત પૂરી થયા પહેલાં છોડી મૂકયા. તેમણે પણ કમીશન કબુલ ન રાખી શકાય એવું છે તેમ સલાહ આપી. અને સંતોષકારક દાદ ન મળે તો ૧૯૧૪ ના નવા વર્ષની પ્રભાતે ડર્બનથી મોટી કુચ ઉપાડવાની ગોઠવણો થઈ, અને સરકારને તેની અગર પણ અપાઈ ગઈ. પણ તેવામાં હિંદુસ્થાનથી મી. એંડરૂસ અને પીઅર્સન નીકળી ચુકયાના અગર મળેલા અને વાઇસરોયના પ્રતિનિધિ સર બેંજામીન રોબર્ટસન મુંબઇથી બાસ સ્ટીમરમાં ઉપડયા. તેઓ ડર્બન આવે ત્યાં સુધી માર્ચ શરૂ કરવાનું કામ થોભાવવાનું નક્કી થયું. તેઓ આવ્યા અને વિષ્ટિનું કામ શરૂ થયું. કમીશને પણ પોતાનું કામ શરૂ કર્યું, પણ હિંદીઓ પોતે લીધેલા સોગનથી કેમ ચળી શકે? કમીશન સન્મુખ જુબાની આપવાની તેઓએ ચોખ્ખી ના પાડી. આ અરસામાં બધા સત્યાગ્રહી કેદીઓ યુનીઅનની જુદી જુદી જેલોમાંથી છુટયા. તેમાંથી એક, બેન વાલીઆમા જે તા. ૨૨ મી ડીસેમ્બરે પોતાની માતા સાથે ત્રણ માસની

Gandhi Heritage Portal

જેલમાં હતી તે જેલમાંથી લાવેલી માંદગીને લીધે છુટી થયા પછી તુરતજ મરણ પામી. છેવટની વિધિ હજી ચાલતી હતી તેવામાં રેલ્વેની મહાન હડતાલ પડી. આથી વળી પાછી ઢીલ થઈ. પણ હિંદી આગેવાનોએ ત્રીજી લડત શરૂ થઇ તે પહેલાં જેમ સબુરી પકડી હતી તેમ આ વખતે પણ સબુરી પકડી. હડતાલ થોડા વખત પછી શાંત પડી અને કેપટાઉનમાં તુરતજ પાર્લામેંટ મળી. આ વેળા મી. એન્ડરૂસ કેપટાઉનમાંજ હતા. મી. ગાંધી પણ ત્યાં ગયા. આ પ્રસંગે જાહેરમત કેળવવાના જે સંજોગો ભેળા થયા હતા તે અગાઉ કદિ આવ્યા ન હતા, અને તેમાં મી. એન્ડરૂસનું સીટી હોલનું ભાષણ કે જેમાં લોર્ડ ગ્લેડસ્ટને હાજરી આપી હતી અને મેયરે પ્રમુખપદ લીધું હતું તેથી હિંદી આદર્શો વધારે પ્રકાશમાં આવ્યા.

કમીશનનો રીપોર્ટ અને નવો કાયદો

આ વખતે કમીશનનો રીપોર્ટ બહાર પડયો. તેણે સત્યાગ્રહીઓની બધી માંગણી વાજબી જણાવી દાદ આપવાની સરકારને ભલામણ કરી. થોડાં અઠવાડીઆં પછી 'રીલીફ બીલ' નામનો કાયદો બહાર પડયો. પાર્લામેંટમાંથી તે પાસ કરાવવાને સરકારે જે દ્રઢતા અને ઇંતેજારી બતાવી હતી તેની છાપ કોના ઉપર નહિ પડી હોય? પા. ૩ નો કર ગયો. લગ્નના સવાલનો સંતોષકારક ફડચો થયો અને કાયદામાંથી જાતિભેદ દૂર થયો. આટલું તો બહુ ઉંડા

Gandhi Heritage Portal

ઉતર્યા સિવાય નજરે આવી શકે તેમ છે. પરંતુ તેથી પણ-

વધારે અગત્યનો એક લાભ

થયો છે. જેમ જેમ સત્યાગ્રહની લડત મજબુત અને પવિત્ર થતી ગઇ તેમ તેમ હિંદી અને યુરોપીઅન પ્રજા વચ્ચે ગાઢો સંબંધ બંધાતો ગયો. તેઓ એક બીજા સાથે વધુ નજીક આવતા ગયા. લડતના દરેક નવા દેખાવ સમયે નવી કૃતેહ અને નવા મિત્રો મળતા ગયા. હિંદીઓ તરફ ધિક્કાર અને અવિશ્વાસ બતાવવામાં આવતાં હતાં–આવી વર્તણુંક સામે જે લાગણી બતાવવા ખાતર લડતની શરૂઆત થઈ હતી, તે અવિશ્વાસ અને ધિક્કાર આજે વિશ્વાસ અને માનના રૂપમાં ફેરવાયાં છે. હિંદીઓના ભલાંની વાત હોય યા તેમને લાગૂ પડતી કોઇ બીના હોય તો આજે તેઓના આગેવાનોની સાથે પ્રથમ મસલત કરવામાં આવે છે. અને સત્યાગ્રહ એ એક એવું હથિઆર સાબીત થયું કે જેની મદદથી ટુંક સમયમાં કોમે વોટથી મેળવી શકાય તેથી પણ વિશેષ મેળવ્યું છે. ૧૯૦૭ નો કાયદો રદ કરાવવો ત્યાંથી પ્રથમ હિલચાલ શરુ થઈ. તે કાયદો રદ થયો અને તેનાજ જેવા કાયદા બીજા કોલોનીમાં થશે એવી જે ધાસ્તી રહેતી હતી તે પણ દૂર થઇ. શરુઆતમાં કોલોનીઓમાંથી હિંદીઓની જડમૂળ કાઢી નાંખવા જાતિ લેહવાળા કાયદા ઘડાવાની હમેશાં ધાસ્તી રાખવામાં આવતી હતી· આ સમાધાનથી આખા સામ્રાજ્યમાં જાતિ લેહવાળા કાયદા

Gandhi Heritage Portal

થાય એવો સંભવ નથી. હિંદુસ્તાનમાંથી આવતી ગીરમી-
ટીઆ મજુરીનો દ. આફ્રિકામાં અટકાવ થયો છે. આવા
અનેક લાભો કોમે સત્યાગ્રહ ધારણ કરવાથી મેળવ્યા છે.

પૂર્ણાહૂતિ.

અમારે જણાવવું જોઇએ કે જે લાભો ઉપર ગણાવ્યા તેથી પણ ઉત્તમ લાભ હિંદી પ્રજાએ એ ઉઠાવ્યો છે કે સત્યાગ્રહીઓએ ભોગવેલાં દુઃખો, તેમણે વેઠેલી અનેક હાડમારીઓ, અને તેઓએ આપેલા મહાન આત્મભોગથી શાંતરૂપી નવીન જુસ્સો સર્વત્ર પ્રસરી રહ્યો છે. કાયદેસર પ્રજાકીય સમાનતાનો વાવટો ઉડતો રાખવામાં આવ્યો છે, અને હવે કબુલ રાખવામાં આવ્યું છે કે હિંદી પ્રજા પણ ઉચ્ચ સ્થાને લાયક છે, અને તેની અવગણના થઇ શકે એમ નથી. સત્યાગ્રહની લડતે સાબીત કરી દર્શાવી આપ્યું છે કે શારિરીક બળ કરતાં આત્મિક બળ સર્વોત્તમ છે, તિરસ્કાર ના કરતાં પ્યાર એ ઉત્તમ છે અને બળના કરતાં હક એ સરસ વસ્તુ છે. જગતની પ્રજાઓમાં હિંદુસ્તાનનો દરજ્જો વધ્યો છે. તેનાં બાળકો દ. આફ્રિકામાં પ્રતિષ્ઠા મેળવી શકયાં છે. સુલેહ અને શાંતિના માર્ગે તેઓ હવે પોતાની ઉન્નતિ કરે અને દ. આફ્રિકામાં જે નવીન મહાન પ્રજા હાલ ઉછરે છે તેને ખીલવવામાં દરેક જણ પોતપોતાનો ફાળો આપે એવી અંતની પ્રાર્થના ×. અસ્તુ.

Gandhi Heritage Portal

જીવનદોરી

મહાત્મા ટોલ્સ્ટોયની એક રસીલી વાર્તા પરથી

દ. આફ્રિકાના ઇંડિયન ઓપિનિયનમાં

ગુજરાતીમાં લખનાર:– રા. પ્રાગજી ખંડુભાઇ દેસાઇ.

પ્રકરણ ૧લું.

એક શહેરમાં નથુ નામે મોચી રહેતો હતો. તે ગરીબ સ્થિતિનો હતો. શહેરમાં એક ઘર ભાડે રાખી તે પોતાની સ્ત્રી તથા છોકરાંઓ સાથે રહેતો હતો. પોતાના ધંધામાંથી જે કંઇ પેદાશ થતી તેમાંથી ભાગ્યેજ પોતાના કુટુંબનું તે પોષણ કરી શકતો. શહેરની અંદર મજૂરી અત્યંત સસ્તી હતી, અને કામ ઘણુંજ થોડું મળતું હતું. વળી શહેરમાં મોંઘવારી પુષ્કળ હોવાથી પોતાના કુટુંબનું પોષણ કરવું તે મહા મુશીબતનું કામ હતું પોતાને તથા પોતાની સ્ત્રી અને છોકરાંઓને માટે ભાગ્યેજ પૂરતાં કપડાં પહેરવાનાં પણ ખરીદી શકતો. જ્યાં ખાવાનાજ વાંધા પડે ત્યાં બચવડનું પૂછવુંજ શું ?

પોતાની પાસે એક જૂની બંડી–લગભગ ત્રણ વરસની હતી, ને હવે તદ્દન ફાટી ગઇ હતી. તે બીજી ખરીદવાના વિચારમાં હતો કારણ કે શિયાળાની ઋતુ આવી પહોંચી હતી. શિયાળાની ઋતુ

Gandhi Heritage Portal

નજીક આવતી હોવાથી પોતાને માટે તથા પોતાની સ્ત્રી તથા છોકરા તથા છોકરીઓ માટે કપડાં ખરીદવા વાસ્તે તેણે અગાઉથીજ પૈસાનો સંગ્રહ કરવાનો નિશ્ચય કરેલો હતો. અને તે નિશ્ચય પ્રમાણે તે થોડા-ઘણા પૈસા મહા મુશીબતે એકઠા કરી શકયો હતો. પરંતુ તે કપડાં લેવા માટે પૂરતા તો નજ હતા.

શહેરની અંદર એક બે ઘરાકો પાસે તે પૈસા માંગતો હતો, જેથી તેણે વિચાર કર્યો કે જો હું ઉઘરાણી લઇ શકું તો પૂરતા કપડાં ખરીદી શકીશ. આમ વિચાર કરી તે પોતાના ઘરાકોમાં ઉઘરાણી કરવા માટે નીકળ્યો. તેની સ્ત્રીએ સવારમાં આવવાનું કરી તેને પોતાને માટે તથા છોકરાઓ માટે શું શું કપડાં લેવા તેની યાદિ કરી આપી તેમજ પૈસાનો કપડાં લેવા સિવાય બીજા કોઇ પણ કામમાં ઉપયોગ ન કરવો, એ વિષે સખત સૂચના કરી. કારણ કે નથુ મોચીને દારૂ પીવાની ટેવ હતી; અને શિયાળામાં દારૂના વ્યસનીઓ તે વિશેષ પીએ છે. નથુ પોતાની સ્ત્રીની સલાહ સ્વીકારી શહેરમાં ઉઘરાણી કરવા નીકળી પડયો.

પ્રથમ એક ઘરાકને ઘેર ગયો. ત્યાં ઘરનો ધણી હાજર ન હતો. પરંતુ તેની સ્ત્રી ઘરમાં હતી. તેણે કહ્યું કે આવતા અઠવાડીઆમાં પૈસા મોકલી આપશે. એટલે ત્યાંથી નિરાશ થઇ બીજા ઘરાક પાસે ગયો. તેણે સોગનપૂર્વક કહ્યું કે તેની પાસે તે વખતે એક કુડી બદામ પણ નહતી. નથુએ તેને ઘણોએ સમજાવ્યો કે પોતાને કપડાં લેવાં છે. પણ ઘરાકે લાચારી બતાવી.

આ ઉપરથી નથુ તદ્દન નિરાશ થઈ ઘરાકને ત્યાંથી ચાલી નીકળ્યો. કોઇ વેપારી ઉધાર માલ આપે એવું પણ નહતું. કપડાં ખરીદવાનો મુખ્ય આધાર ઉઘરાણીના પૈસા પર હતો. પણ ઉઘરાણી

Gandhi Heritage Portal

બીલકુલ ન મળવાથી તે નિરાશ થઇ ગયો. અને રસ્તે ચાલતાં વિચાર કરવા લાગ્યો કે હવે મારે શું કરવું? તે ચાલતાં ચાલતાં પોતાના ભાગ્યને દોષ દેવા લાગ્યો. ને એક દારૂના પીઠા આગળ આવી પહોંચ્યો.

કપડાં ખરીદવાને પાસે પૂરતા પૈસા ન હોવાથી વિચારવા લાગ્યોઃ—મારી પાસે પૈસા છે એ જૂજ છે, અને એમાંથી કપડાં ખરીદી શકાય એમ છેજ નહિ. માટે ઉત્તમ રસ્તો તો એજ છે કે પીઠામાં જઇ દારૂ પી ઘેર પાછા ચાલ્યા જઇએ અને એમ વિચાર કરી પોતાની પાસે જે જૂજ પૈસા હતા, તે દારૂ પીવામાં વાપરી દીધા અને ઘર તરફ પાછું ચાલવા માંડયું.

ઠંડી અત્યંત જોસથી પડતી હતી. પરંતુ દારૂ લેવાથી હવે તો શરીરમાં ગરમી આવતી હતી, જેથી નથુએ મનમાં ખ્યાલ કર્યો, કે "હવે કપડાંની શી જરૂર છે? હવે ઠંડી સિવાય ગરમી થાય છે. માટે એજ ઉત્તમ રસ્તો છે કે વિશેષ ઠંડી હોય તે દિવસે દારૂ પી લેવો, એટલે કપડાંની જરૂર રહેશે નહિ. હવે તો આખી જીંદગી કપડા સિવાય હું સુખ શાંતિમાં ગાળી શકીશ. ફકત ઘરમાં સ્ત્રી છે, એ જરા મ્હોં મરડશે પણ તેને તો દબાવી દઇશું. સ્ત્રીઓ એ બાબતમાં શું સમજે? કમાવા વાળા તો આપણેજ છીએ ને?"

નથુ દારૂની ધૂનમાં આવા વિચારો કરતો કરતો રસ્તામાં એક ગલીની અંદર આવી પહોંચ્યો, અંધારૂં થવા આવ્યું હતું. અને ગલીમાં બત્તીનાં કોઇ પણ જાતનાં સાધન ન હોવાથી ત્યા બધે અંધકાર હતો. ત્યાં આગળ તેણે કેટલેક છેટે દિવાલની નજીક હવેલી પાસે કંઇક સફેદ આકૃતિ જોઇ. નથુ આગળ વધતો અટકી બારીકાઇથી જોવા લાગ્યો. પરંતુ તે શું છે તે જાણી શક્યો નહિ. પરિચયવાળો હોવાથી

Gandhi Heritage Portal

વિચાર કરવા લાગ્યો કે-"આ જગ્યાએ કંઈ પત્થર જેવું તો દિવસે જોવામાં આવતું નથી. તો આ શું છે? કાંઇ જાનવર છે? એ તો કંઇ લાગતું નથી. મસ્તક તો મનુષ્યના જેવું લાગે છે. પરંતુ આ સમયે આવા અંધકારમાં અત્રે મનુષ્ય શા માટે આવે?"

નથુ ચાલતો ચાલતો હવે તો છેક નજીક આવી પહોંચ્યો, અને ચોકખી રીતે જોઇ શકતો હતો. હવે તેની ચોકખી ખાત્રી થઇ કે એ તો નક્કી કોઇ મનુષ્યજ છે. પછી મરી ગયેલું હોય કે જીવતું, વળી તે જોઇ શક્યો કે તેના શરીર પર બીલકુલ વસ્ત્ર પણ નથી. અને તદ્દન નગ્નાવસ્થામાં છે. અને તે માણસ ભીંતને ટેકવીને સ્તબ્ધ ઉભો રહ્યો છે. આ વિચિત્રતા જોઇ નથુ મનમાં ગભરાયો અને વિચાર કરવા લાગ્યો કે કોઇએ આ માણસને મારી નાંખી ભીંત સાથે ટેકવી ઉભો રાખ્યો છે.

ઘણાએ વિચાર કરીને નથુ આખરે ત્યાંથી ચાલવા લાગ્યો. અને થોડેક છેટે ગયા બાદ પાછું ફરી જોયું, તો તે માણસને એસી અને આમતેમ હાલતો જોયો નથુ જરા નજીક પાછો આવીને જોવા લાગ્યો તો તે માણસ પોતાના તરફ તાકીને જોતો માલૂમ પડયો. નથુ અગાઉના કરતાં વધું બ્હીવા લાગ્યો. એણે વિચાર્યું કે-"શું હું અહીંથી ચાલ્યો જાઉં? કે આ મનુષ્યની સાથે કાંઇ બોલું! હું એની પાસે જાઉં તો એ શું કરશે? પરમાત્મા જાણે કે એ કોણ છે? અને અત્રે આવા અંધકારમાં બેસીને શું કરે છે? હું ધારું છું કે હું અહીંઆથી ચાલ્યોજ જાઉં. આવા નગ્ન ભિખારી જેવા પાસે જઇ મારે શું કરવું?"

આમ વિચાર કરી તે પાછો ચાલવા લાગ્યો અને થોડેક છેટે ગયા બાદ પાછો ઉભો રહ્યો. અને પોતાના અંતઃકરણ સાથે વિચાર કરવા લાગ્યોઃ-"અરે, હું શું કરું છું? એક તદ્દન નગ્નાવસ્થામાં

Gandhi Heritage Portal

પડેલાં અને ગરીબ ભિખારી નિરાધાર મનુષ્યની પાસે થઈને કંઈ પણ લાગણી સિવાય શું હું ચાલ્યો જાઉં? શું મનુષ્ય જાતિને માટે મારા અંતઃકરણમાં કંઈજ લાગણી નથી? ગરીબ અને નિરાધારને મદદ કરવી એ શું મનુષ્ય કર્તવ્ય નથી? ને એ મનુષ્યની દરજ્જે હોય તો મારી ફરજ છે કે તે મનુષ્ય પાસે જઈ તેને પૂછવું કે તે કોણ છે? એ શું કરે છે?"

નથુનું અંતઃકરણ તે મનુષ્યની આવી સ્થિતિ જોઈ પ્રેમ અને દયાથી ઉભરાઈ આવ્યું. અને હિંમત ધરી તે માણસ ભણી ચાલવા લાગ્યો.

પ્રકરણ ૨ જું.

નથુ હવે તે માણસની તદ્દન નજીક આવી પહોંચ્યો અને તેને બારીકાઈથી જોવા લાગ્યો. તે મનુષ્ય તદ્દન યુવાન અને મજબૂત બાંધાનો હતો. તેના શરીર ઉપર કંઈ પણ ઘા જેવું લાગતું નહોતું. ફકત તે ભયભીત થયેલો અને ઠંડીથી અકડાઈ ગયેલો લાગતો હતો. તે નથુના તરફ દૃષ્ટિ પણ કરતો ન હતો. કેમ જાણે કે પોતાની આંખ ઉઘાડવાને પણ અશકત હોય! નથુ તેની એકદમ નજીક આવ્યો, અને એકાએક તે મનુષ્યને નગ્ન થઈ ગયેલો અને ગંભીરતાથી પોતાના તરફ જોતો જોયો.

નથુના અંતઃકરણમાં તેને પોતાના તરફ અમીદૃષ્ટિથી જોતો જોઈ અત્યંત સ્નેહ ઉપજી આવ્યો. પોતે પહેરે લો" જૂની બંડી ઉતારી નાંખી; પગમાંથી જોડા ઉતારી નાંખ્યા અને કહ્યું:-" કંઈ પણ

Gandhi Heritage Portal

વ્યર્થ વાતમાં વખત ગુમાવવો એ નકામું છે. માટે જલદી કરો અને આ બંડી અને પગરખાં પહેરી લો." નથુએ તેનું નામ પૂછતાં તેણે જણાવ્યું કે "મારૂ નામ દેવદૂત છે."

નથુએ તેને ઉઠાડવામાં મદદ કરી અને જોડા તથા બંડી પહેરાવ્યાં. દેવદૂતની મુખાકૃતિ અત્યંત તેજસ્વી હતી. અને શરીર પણ મજબૂત બાંધાનું હતું. તેને જોતાંજ નથુના અંત:કરણમાં અત્યંત સ્નેહ થઇ આવ્યો. નથુએ તેને પોતાનાં કપડાં, બૂટ પહેરાવ્યાં પછી કહ્યું:-"ભાઇ દેવદૂત, હવે તારે કોઇ પણ જાતની ચિંતા રાખવી નહિ તું મારી સાથે ચાલી શકશે?" નથુનું બોલવું દેવદૂત હવે સમજી શકયો અને એક પણ શબ્દ બોલ્યા વિના તેની સાથે ચાલવા લાગ્યો.

બંનેએ નથુના ઘર તરફનો રસ્તો લીધો

નથુએ તેને પૂછ્યું:-"ભાઇ દેવદૂત, તું કેમ કંઇ બોલતો નથી? આપણે હવે ઘેર જઇએ છીએ, જો તારાથી ચાલી ન શકાતું હોય તો આ લાકડી લે અને એના ટેકાથી ધીમે ધીમે ચાલ."

દેવદૂત લાકડી હાથમાં લઇ ધીમે ધીમે ચાલવા લાગ્યો. રસ્તે ચાલતાં નથુએ પૂછ્યું:-"વ્હાલાભાઇ દેવદૂત, તું કયાં આગળથી આવે છે?"

દેવદૂતે જણાવ્યું:-"હું આ ભાગોમાંથી આવ્યો નથી."

નથુએ કહ્યું:-"હા. આટલામાં તો હું બધાને ઓળખું છું. પણ પ્રથમ તું મારા જોવામાં કદી આવ્યો ન હતો. આ ગલીની અંદર હવેલી આગળ તું કેવી રીતે આવી ચઢયો?"

દેવદૂતે કહ્યું:-"તે હું કહી શકતો નથી."

નથુએ કહ્યું:-"હું ધારૂં છું કે તને કોઇએ ઇજા કરી છે."

દેવદૂતતે કહ્યું:-"કોઇ પણ મનુષ્યે મને ઇજા કરી નથી, પરંતુ પરમાત્માએ મને શિક્ષા કરી છે."

Gandhi Heritage Portal

નથુએ કહ્યું:-"હા. મનુષ્યની સ્થિતિ પોતાના કર્તવ્ય અનુ સારજ મળે છે અને પરમાત્મા હંમેશાં ન્યાયી અને દયાળુ છે. તારૂં જીવન હવે તું કેમ ગાળવા માંગે છે? અને તું કયાં જવા ધારે છે?"

દેવદૂતે જણાવ્યું:-"મને બધું સરખું જ છે." નથુ જરા આશ્ચર્ય પામ્યો અને પોતાના અંતઃકરણ સાથે વિચારવા લાગ્યો કે-"આ મનુષ્ય કોઇ પણ પ્રકારે દુરાચારી લાગતો નથી. એનું બોલવું તદ્દન શાંતિભરેલું છે. પરંતુ પોતાની હકીકત કહેતાં એ ડરે છે. હશે, ગમે એ હોય. હું એને મારે ઘેર તો તેડીજ જઇશ." એમ વિચારી દેવદૂતને કહ્યું:-" ભાઇ તું મારી સાથે મારે ઘેર ચાલ. અને ઠંડીથી તું અકળાઇ ગયેલો છે માટે અગ્નિ પાસે બેસી જરા આરામ લે. પછી તારે જે કહેવા કરવાનું હોય તે નિરાંતે મને કહેજે. "

હવે નથુનું ઘર નજીક આવવા લાગ્યું એટલે તેને પોતાની સ્ત્રી સાંભરી આવી. તે મનમાં વિચાર કરવા લાગ્યો:-" સ્ત્રીને છોકરાં માટે હું કપડાં ખરીદવા ગયો કમભાગ્યે પૈસા ન મળવાથી કપડાં લઇ ન શકયો, અને પાસે જે જૂજ પૈસા હતા તેનો આવી ઠંડીમાં દારૂ પી લીધો. રસ્તે ચાલતાં આ નગ્ન ભિખારીને સાથે ઉપાડી લાવ્યો. ઘરમાં ખાવાનું પણ પૂરતું નહિ હોય. એટલે સ્ત્રી ગુસ્સો તો કરવાનીજ. હરિ! હરિ!! જે બને તે ખરૂં."

નથુ જ્યારે જ્યારે દેવદૂતના મોંઢા સામું જોતો એટલે તેના અંતઃકરણમાં કુદરતી પ્રેમ ઉત્પન્ન થઇ આવતો હતો. તેથી બધા વિચારો તે ભૂલી જતો હતો. આવી રીતે વિચારમાં ચાલતાં ચાલતાં દેવદૂત આવે નથુ ઘરની નજીક આવી પહોંચ્યો.

Gandhi Heritage Portal

પ્રકરણ ૩ જું.

નથુની બીએ ઘરનું સર્વે કામકાજ આટોપી લીધું હતું. પોતે બળતણ પાણી વગેરે લઇ આવી હતી. અને છોકરાંઓને બહરાવી કામકાજમાંથી પરવારી હતી. પોતે પણ થોડુંક બાઇને વિચાર કરતી બેઠી હતીઃ-"નથુ ગામમાં ગયેલ છે એટલે ગમે તે જગ્યાએ બાઇનેજ આવશે. એટલે તેના ભાગનું બાવાનું બાકી રહેશે તેથી આવતી કાલે બધાંને ચાલી રહે એટલું બાવાનું તો છે."

આમ વિચારી કરી તે પોતાના ધણીનું એક જૂનું કુડતું જે તદન ફાટી ગયું હતું તે સીવવા બેઠી. અને તરંગો કરવા લાગીઃ- "મારો ધણી હમણાં આવશે અને મારે સારૂ તેમજ છોકરાંઓને સારૂં કપડાં લઇ આવશે. હું ધારૂં છું કે ઉધરાણી મળી હશે. અને જરૂર કપડાં લઇ આવશે. પહેરવાનાં કપડાં ન હોવાથી મારાથી તેમજ છોકરાંઓથી બહાર પણ નીકળાતું નથી. જો ઉધરાણી નહિ મળી હોય તો પાસે જે જૂજ પૈસા છે તે ધારૂ પીવામાં તો ન ઉડાડી દે! આટલીજ મને ધાસ્તી છે."

આમ બોડા દોડાવતી હતી તેવામાં બારણે ઓટલા ઉપર પગલાંનો અવાજ સંભળાયો. તે કુડતું એક બાજુએ મૂકી ઉઠી, એટલે નથુને એક માણસ સાથે બારણાંમાં પેસતો જોયો પોતાના ધણીના જોડા અને અંગરખું પણ તે પુરૂષે પહેરેલા જોઇને તે વિચાર વમળમાં પડી. પોતાના ધણીની પાસે ઉભી રહેતાં તુરતજ તેને દારૂની વાસ આવી વળી નાથુની પાસે કંઇ પણ સામાન નહિ જોયો તેનો ચહેરો

Gandhi Heritage Portal

દિલાસીન અને ફિક્કો પડી ગયેલો જોઇ વિચાર્યું કે પોતાની પાસેના પૈસાનો દારૂ પી ગયો છે. અને સાથે આ રસ્તે ચાલતા ભિખારી દારૂડીઆને પણ ઉપાડી લાવ્યો છે!

નથુ અને દેવદૂત આગળ ઓરડા તરફ ચાલવા લાગ્યા. અને સ્ત્રી પણ પાછળ વિચાર કરતી ચાલીઃ-"એણે પોતાનું અંગરખું આને પહેરાવ્યું છે અને એની પાસે નીચે કુડતું પણ દેખાતું નથી. એને માથા પર ટોપી પણ નથી." દેવદૂત ઓરડામાં પેઠો કે એક જગ્યાએ હાલ્યા ચાલ્યા સિવાય ફકત નીચી નજર રાખી ઉભો રહ્યો. નથુની સ્ત્રીએ વિચર્યું કે એ સારો માણસ નથી અને બીવેલા જેવો લાગે છે. એમ વિચાર બાંધી પોતે રસોડામાં ગઇ અને શું વાતચિત થાય છે તે સાંભળવા લાગી.

નથુ પોતાની ટોપી ઉતારી બાંકડા પર બેસી ગયો તે સમજ્યા કે ઘરમાં સ્ત્રીનો મિજાસ ગયો છે. થોડી વાર ગઇ પોતાની સ્ત્રીને કહ્યુંઃ-"અમને હવે કંઇ ખાવાનું તું આપશે?" પણ તેણે સાંભળ્યું જ ન હોય તેમ તે બરબડી અને રસોડામાંથી ચૂલા પાસેથી ઉઠીજ નહિ. તે તો પોતાના ધણી તરફ જોઇ નિઃશ્વાસ નાંખ્યા કરતી હતી.

નથુએ આ બાબત કંઇ ધ્યાન પરજ લીધી નહિ. તે દેવદૂત પાસે જઇ કહેવા લાગ્યોઃ-"ભાઇ, અહીં એક બાજુએ શું કામ ઉભો રહ્યો છે? આવ, અને આ ગુણીઆ પર બેસ. આપણે હવે વાળુ કરીશું." પોતાની સ્ત્રીને પૂછવા લાગ્યોઃ-"કેમ આજે કંઇ રાંધ્યું છે કે નહિ?"

સ્ત્રીએ કહ્યુંઃ-"રાંધ્યું છે. પરંતુ તમારે માટે તે નથી. દારૂ પી પીને તમે તમારી બુદ્ધિજ ગુમાવી છે! તમે શહેરમાં મારે સારૂ તથા છોકરાંઓ સારૂ કપડાં લેવા ગયા તે ન લાવતાં દારૂ પીને રસ્તે

Gandhi Heritage Portal

ચાલતા આ નગ્ન રખડતા ભિખારીને સાથે ઉપાડી લાવ્યા. તમને કંઇ શરમ નથી આવતી ? તમારા જેવા પીધેલને માટે મારી પાસે આવાનું નથી."

નથુ જરા ગુસ્સાના આવેશમાં બોલ્યોઃ-"હવે એટલું બસ થશે. જરા જીભને ટુંકી કર. પ્રથમ તું પૂછ તો ખરી કે એ કેવો માણસ છે ?"

સ્ત્રીએ કહ્યુંઃ-"તમે તે પૈસાનું શું કર્યું તે તો કહો !" દારૂ પીતાં થોડા પૈસા બાકી રહ્યા હતા તે નથુએ તેના તરફ ફેંકી દીધા. અને જણાવ્યું કેઃ-"ઉધરાણી બીલકુલ મળી નહિ. આવતા અઠવાડીઆમાં વાયદો કર્યો છે. ત્યારે કપડાં વિષે જોઇશું."

આ સાંભળી સ્ત્રી વધુ ગુસ્સે થઇ અને એક નગ્ન ભિખારીને ઘરમાં આણેલો જોઇ તે નથુ પર ગાળો વરસાવવા લાગી. પાસે પડેલા પૈસા લઇ તે નથુને કહેવા લાગીઃ-"મારી પાસે આવાનું નથી. આવા રઝળતા ભિખારીઓને તમે ઘરમાં લાવ્યા કરશો અને હું આવાનું કયાંથી આપીશ ?"

નથુએ ગુસ્સાથી કહ્યુંઃ-"તું એકદમ ચૂપ રહે.. અને મારે જે કહેવાનું છેઃ તે સાંભળ."

સ્ત્રી કહેવા લાગી કે "તમારા જેવા પીધેલ એવકૂફ પાસેથી શું અક્કલની વાત સાંભળવી હતી ? પૈસા લઇ કપડાં લેવા ગયા અને તેનો દારૂ પી રસ્તામાંથી રઝળતા ભિખારીને ઉપાડી લઇ ઘેર આવ્યા; અને હવે માફું કર અને મારા પુનીઆનું પણ કર !! આ તમારી કુટેવો હું સહન કરી શકતી નથી." અત્યંત ગુસ્સાના આવેશથી તે સળગી ઉઠી હતી, અને જેટલાં વેણ કહેવાય તેટલાં બધાં કહ્યાં.

Gandhi Heritage Portal

નથુ આ સર્વ શાંત ચિત્તથી સાંભળી રહ્યો, કારણ કે આ દેખાવ કંઈ તેને નવો ન હતો. ગુસ્સામાં ને ગુસ્સામાં સ્ત્રીએ ત્યાંથી ચાલી જવાનો વિચાર કર્યો. પરંતુ આ અજાણ્યો પુરૂષ કોણ હતો તે જાણવાની તેને ઘણી ઉત્કંઠા હતી તેથી તે રસોડામાંજ બેઠી.

પ્રકરણ ૪ થું.

નથુ તથા દેવદૂત બાંકડા ઉપર બોલ્યા ચાલ્યા સિવાય બેસી રહ્યા હતા. સ્ત્રીએ પોતાના મનનો ઉભરો વચનબાણ વડે ખાલી કર્યો, અને આખરે થોડોક સમય વીત્યા બાદ તે શાંત પડી અને નથુને કહેવા લાગી કે "જો આ ભલો મનુષ્ય હોય તો આવી નગ્નાવસ્થા અને અધમાવસ્થામાં કેમ હોય? પાસે પહેરવાનું એક પહેરણ પણ નથી. આવું ઉત્તમ પુરૂષરત્ન તમે ક્યાંથી શોધી લાવ્યા?"

નથુ બોલ્યો–"હું તને પ્રથમથીજ આ મનુષ્ય વિષે કહેવાની કોશીષમાં હતો. પરંતુ તારો ઉભરો ખાલી કર્યા સિવાય તું કોઇનું સાંભળે એમ ક્યાં છે? હું સામે છેડની ગલીમાં થઇને અંધારામાંથી ચાલ્યો આવતો હતો ત્યાં આગળ પેલા દેવળ નજદીક ભીંતને અઢેલી તદ્દન નગ્નવસ્થામાં બેઠેલા આ માણસને મેં જોયો. ઠંડીથી એ તદ્દન અકડાઇ ગયેલો હતો. પ્રથમ તો મને આવી સ્થિતિમાં મનુષ્યને જોઇ ધાસ્તી લાગી અને હું ઘર તરફ ચાલ્યો આવવા લાગ્યો.

"પરંતુ પરમાત્માએ મને પ્રેરણા કરી કે એક દુઃખી મનુષ્યને આવી સ્થિતિમાં જોઇ તેના વિષે કંઈ પણ તજવીજ કર્યા સિવાય ચાલી જવાયજ નહિ. તેથી હું પાછો ફર્યો અને તેના પાસે ગયો.

Gandhi Heritage Portal

ઈશ્વરેજ મને એની પાસે મોકલ્યો. નહિ તો એ ઠંડીમાં અકડાઇને મરી જાત. આપણે કેવી રીતે કલ્પના કરી શકીએ કે એની ઉપર શું મહાન કષ્ટ ઉતરી પડયું છે? જેથી મેં એને મારૂં અંગરખું અને પગરખાં પહેરાવ્યાં. અને અહીંઆ લઇ આવ્યો. હવે તારા અંતઃકરણમાં જરા દયા રાખ. આપણે સર્વને એક વખત મરવું તો છેજ. તો પાપાચરણ કરતાં તરત અટકવું જોઇએ."

આ સાંભળી સ્ત્રીના અંતઃકરણમાં પાછો ઠપકો દેવાનું મન થઇ આવતું હતું. પરંતુ તેણે નવા આવેલા શખ્સની સામે જોયું. અને કંઇ બોલી નહિ દેવદૂત બાંકડાના એક ખૂણા ઉપર આંખો મિંચી મસ્તક નીચું રાખી હાલ્યા ચાલ્યા સિવાય ઉંડા વિચારમાં નિમગ્ન થઇ બેઠેલો હતો. નથુની સ્ત્રી પણ શાંત થઇને બોલ્યા ચાલ્યા સિવાય ઉભી રહી હતી.

નથુએ કહ્યું:-" શું તારા અંતઃકરણમાં ઇશ્વરનો વાસ નથી?" આ શબ્દોથી સ્ત્રીનું અંતઃકરણ એકાએક નરમ થઇ ગયું. અને તે દેવદૂતના તરફ જોવા લાગી. તેને તેના તરફ પ્રેમવૃત્તિ ઉત્પન્ન થઇ. તે તરતજ રસોડામાં ગઇ અને બંનેને માટે ખાવાનું લઇ આવી નથુએ દેવદૂતને પાસે બોલાવ્યો. અને રોટલી ખાવા આપી અને બંને જણા સાથે બેસી ખાવા લાગ્યા.

નથુની સ્ત્રી પણ એક બાજુ ઉભી રહી દેવદુતને બારીકાઇથી જોવા લાગી. એને તેને માટે દિલમાં સદ્‌ભાવ ઉત્પન્ન થયો. એકાએક દેવદૂતના મ્હોં ઉપર પ્રકાશ ઉત્પન્ન થયો. તેની આંખો ચળકવા લાગી અને તે સ્ત્રીને જોઇ તેણે મ્હોં મલકાવ્યું. નથુ તથા તેની સ્ત્રી બંને આશ્ચર્ય પામ્યાં, દેવદુત અને નથુ બંને જમી રહ્યા પછી સ્ત્રીએ વાસણ ધોયાં. અને તે પછી દેવદૂત પાસે આવીને પૂછવા લાગી:-" ભાઇ, તમે કયાંથી આવો છો?

Gandhi Heritage Portal

" હું આ વિભાગમાં વસતો નથી. " દેવદૂતે કહ્યું.

" તમે આ રસ્તા ઉપર ક્યાંથી આવી ચઢયા ? "

દેવદુત–" હું તે કહી શકતો નથી. "

સ્ત્રી–" શું આપને કોઇએ લૂંટી લીધા છે ? "

દેવદૂત–" પરમાત્માએ મને શિક્ષા કરી છે. "

સ્ત્રી–" શું આપ ત્યાં આગળ છેક નગ્નાવસ્થામાં, બેભાન સ્થિતિમાં પડયા હતા ? "

દેવદૂત–" હા, હું તદ્દન નગ્નાવસ્થામાં જતો હતો. અને ઠંડીથી અત્યંત અકડાઇ ગયો હતો. તમારા ઉદાર અને પરોપકારી ધણીએ મારા ઉપર દયા કરી; અને પોતાનો કોટ મને પહેરાવી અહીં લઇ આવ્યા. અને તમે પણ સ્વાદિષ્ટ ભોજન આપી સંતોષ્યો. અને મારા ઉપર દયા કરી. પરમ દયાળુ પ્રભુ એનો બદલો તમને અવશ્ય આપશે. "

નથુની સ્ત્રીએ પોતાના ધણીનું જે જૂનું પહેરણ સાંધ્યું હતું તે દેવદૂતને પહેરવા આપ્યું. અને એક જૂની ઇજાર પણ આપી. અને કહ્યું કે–" આપને માટે હું રસોડામાં ચૂલાની નજીક પથારી કરું છું ત્યાં સૂઇ જાઓ. રસોડામાં ગરમી હોવાથી આપને રાત્રે ઠંડી લાગશે નહિ. "

દેવદૂત કપડાં પહેરી રસોડામાં સૂઇ ગયો. નથુ અને તેની સ્ત્રી પણ સૂઇ ગયાં. નથુની સ્ત્રી સૂઇ ગઇ પણ તેને બીલકુલ નિદ્રા આવી નહિ. દેવદૂત વિષેના વિચાર તેના મનમાંથી બીલકુલ ખસતા નહોતા. વળી તેને આવતી કાલની ચિંતા થઇ કારણ કે ઘરમાં રોટલી બીલકુલ રહી નહોતી. વળી પોતાના ધણીની ઇજાર અને પહેરણ પણ દેવદૂતને આપી દીધાં હતાં. આથી તે નિરાશ થઇ. પરંતુ દેવદૂતની

Gandhi Heritage Portal

દયામણી સ્થિતિ જોઇ તેના દિલમાં લાગણી પણ ઉત્પન્ન થઇ આવતી. આવા વિચારમાં ને વિચારમાં તે મોડી રાત સુધી ઉંઘી નહિ. તેણે પોતાના ધણીને પણ જાગતો જોયો. નથુએ પૂછ્યું:-"કેમ ? તું પણ જાગે છે કે ? "

સ્ત્રીએ કહ્યું:-" હા તમે બંને જણાએ બધી રોટલી અલ્લાસ કરી છે. તેથી હવે કાલે શું કરીશું તેના વિચારમાં હું પડી છું. હું ધારું છું કે કાલે પાડોશીને ત્યાંથી રોટલી ઉછિની લાવવી પડશે તે સિવાય બીજો રસ્તો નથી. "

નથુએ કહ્યું:—"જ્યાં સુધી આપણે જીવીએ છીએ ત્યાં સુધીની આપણી ફિકર તે પરમ દયાળુ પિતાનેજ છે. 'કીડીને કણ અને હાથીને મણ.' એમ સૌ સૌની જરૂરીઆત પ્રમાણે તે આપે છે. તો તારી અને મારી ચિંતા શું કામની ?"

સ્ત્રી આ સાંભળી શાંત થઇ અને થોડી વાર પછી પૂછવા લાગી:—"આ દેવદૂત ભલો માણસ દેખાય છે. પરંતુ એ પોતાના વિષેની હકીકત કેમ આપણને જણાવતો નથી ?"

નથુએ કહ્યું:—"એ નહિ જણાવી શકે એવી સ્થિતિમાં હશે. એટલે આપણે જાણવાની શી જરૂર છે ?"

સ્ત્રીએ કહ્યું:-" એ તો ઠીક. પરંતુ આપણે બીજાઓને આપણી સ્થિતિ પ્રમાણે મદદ આપીએ છીએ. ત્યારે આપણને કેમ કોઇ આપતું નથી ? "

નથુને આ પ્રશ્નનો જવાબ શું આપવો, એ સૂઝયું નહિ. તેથી કહ્યું:-" બસ હવે વાતો બંધ કર, અને સૂઇ જા. મને ઉંઘ આવે છે. " એમ કહી નથુ બોલતો બંધ પડયો; અને થોડી વારમાં સૌ નિદ્રાવશ થયાં.

Gandhi Heritage Portal

પ્રકરણ ૫ મું.

નથુ સવારના પહોરમાં જલદી ઉઠ્યો. તેની સ્ત્રી પાડોશીને ત્યાંથી ઉછીની રોટલી લેવા ગઇ. દેવદૂત ઉઠીને મ્હોં વગેરે ધોઇ બાંકડા ઉપર બેઠો હતો. તેનો ચહેરો આજે ઘણોજ તેજવાન લાગતો હતો. નથુએ પૂછ્યું:–" વહાલા ભાઈ દેવદૂત, આપણાં પેટ ખાવાનું માંગશે અને શરીર પહેરવાનાં કપડાં માંગશે. માટે તમારે તે સાધનો મેળવવા કામ કરવું પડશે. તમો શું કામ કરી શકો એમ છો ?"

" હું કંઇ પણ જાણતો નથી. " દેવદૂતે કહ્યું.

નથુ અજાયબ થયો. પણ કહ્યું, કે " તમો કંઇ જાણતા નથી એ ઠીક, પરંતુ મનુષ્ય પોતાની દૃઢ ઇચ્છાથી બધું શીખી શકે છે. "

" બીજા કરે છે તેમ હું પણ કરીશ " દેવદૂતે કહ્યું.

" ભાઇ દેવદૂત, તું તારી કોઇ પણ હકીકત કહેતો નથી એ તારી મરજી. પરંતુ તારી જાત નિભાવવા માટે—તારી જીંદગીનાં સાધન મેળવવા માટે–તારે કમાવું જોઇશે. હું જેમ બતાવીશ એમ તું કામ કરશે તો હું તને મારે ત્યાંજ રાખીશ. "

" ઇશ્વર તમને તેનો બદલો આપશે. હું કામ કરીશ. મારે શું કરવું તે મને બતાવો. "

નથુએ દોરી લીધી અને પોતાની આંગણી વચ્ચે રાખી તેને મીણ કેમ લગાડવું તે બતાવ્યું. દેવદૂત અત્યંત ચાલાક માણસ હતો. કોઇ પણ કામ તેને એક વખત બતાવ્યું કે તે તરતજ ધ્યાનમાં

Gandhi Heritage Portal

લઇ શીખી જતો હતો. નથુએ તેને જોડાનાં તળીઆં કેમ સીવવાં, ચુંકો કેમ મારવી, વગેરે બતાવ્યું. અને દેવદૂત તે તરતજ શિખી ગયો. ત્રણ દિવસમાં તો એક હુશીયાર મોચીની સાથે હરિફાઇ કરી શકે એટલું તેને આવડી ગયું. નથુ તેની ચાલાકી જોઇ અત્યંત રાજી થયો.

હવે દેવદૂત આરામ લીધા સિવાય અત્યંત ઉલટથી કામ કરવા લાગ્યો. એને ખાવાનું પણ તદ્દન થોડુંજ જોઇતું હતું. જ્યારે કામ બલાસ થતું, ત્યારે તે તદ્દન શાંત થઇ બેસતો અને આકાશ તરફ જોયા કરતો. તે કવચિતજ ઘરમાંથી બહાર રસ્તા ઉપર નીકળ્યો હશે. જરૂર હોય તેનાથી કદી વધુ વાત કરી નથી. કદી હસ્યો પણ નથી. કે કદી કોઇની મશ્કરી કરી નથી. નથુ અને તેની સ્ત્રીએ ફકત એકજ વખત તેને હસતો જોયો હતો. અને તે જ્યારે પહેલવહેલે દિવસે નથુ સાથે રાતના આવ્યો અને તેની સ્ત્રીએ જ્યારે પ્રથમ આવાનું આપ્યું ત્યારેજ.

પ્રકરણ ૬ ઠું.

દિવસ ઉપર દિવસ, અઠવાડીઆં ઉપર અઠવાડીઆં એમ પસાર થવા લાગ્યાં. અને દેવદૂત નથુને ત્યાંજ રહેતો, ખાતો અને કામ કરતો. દેવદૂતના આવ્યા પછી નથુના કાર્યની ખ્યાતિ શહેર બહાર પણ પ્રસરવા લાગી. લોકો વાત કરવા લાગ્યા કે નથુ મોચીના જેવા જોડા બીજું કોઇ બનાવી શકે એમ નથી. કામ ઘણુંજ મજબૂત ટકાઉ અને ચોકખું થાય છે. અને એને લીધે પાડોશના

Gandhi Heritage Portal

શહેર ગામડામાંથી પણ નથુને પગરખાં વગેરે બનાવવાની વરદી દિન પ્રતિદિન વધુને વધુ મળવા લાગી.

એક દિવસ નથુ અને દેવદૂત પોતાના કામમાં બેઠા હતા. ત્યાં આગળ એક ગાડું આવીને ઉભું રહ્યું. તેમણે બારીમાંથી બહાર જોયું તો ગાડું પોતાનાજ ઘર આગળ ઉભું રહેતું જોયું. ગાડામાંથી એક માણસ નીચે ઉતર્યો એટલે ભારે કપડાં પહેરેલ એક શેઠીઓ બહાર નીકળ્યો. નથુ બારણું ઉઘાડી સામો ઉતાવળથી ગયો. અને તે શેઠીઓ નીચો વળી બારણામાં પેઠો. પોતે શરીરે હૃષ્ટપુષ્ટ હતો. બાંકડા ઉપર બેઠો. અને પૂછ્યું:-"દુકાનનો ધણી કોણ છે?"

નથુ આવકાર સહિત બોલ્યો:-"હું છું; મહેરબાન, કાંઇ હુકમ?"

શેઠીઆએ પોતાના નોકરને બોલાવ્યો અને ગાડીમાંથી ચામડું લઈ આવવાની આજ્ઞા કરી. નોકર તે લઇ આવ્યો. અને શેઠીએ તે છોડી નથુને આપ્યું, અને કહ્યું:-"આ ચામડું તેં જોયું? તું સમજે છે કે એ કઇ જાતનું ચામડું છે?"

નથુએ કહ્યું:—સાહેબ, બહુજ સુંદર ચામડું છે."

શેઠીઆએ કહ્યું:—"તારી જીંદગીમાં પણ આવું ચામડું તેં જોયું નહિ હોય. એ બહુજ કીંમતી છે. હવે આમાંથી તું મારે માટે જોડા બનાવી શકશે?"

નથુએ કહ્યું:-"હા સાહેબ."

શેઠીઓ બોલ્યો:-આટલું તારે બરાબર યાદ રાખવાનું છે કે તું કેવા સરસ ચામડામાંથી અને કોને સારૂ જોડા બનાવવાનો છે. તારે એવા સરસ જોડા બનાવવા પડશે કે તે એક વરસ સુધી ઘાટ બદલાયા સિવાય ચાલે. તારાથી એવી રીતે બનતું હોય તોજ ચામડું કાપજે; નહિ તો રહેવા દેજે. હું બીજી જગ્યાએ આપીશ. જો એક

Gandhi Heritage Portal

વરસની મુદતમાં જોડા ફાટી ગયા, કે આકાર બદલાયો તો હું તને જેલમાં મોકલીશ. એ ધ્યાનમાં રાખીને જોડા બનાવવાનું માથે લેજે. અને જો એક વરસ સુધી આકાર બદલાયા વિના ચાલશે તો તેને માટે તને બમણું દામ આપીશ."

નથુ તો આથી ગભરાઇ ગયો. તે દેવદૂત પાસે જઇ કાનમાં કહેવા લાગ્યો કે " કેમ, આ કામ લઇએને ? "

દેવદૂતે હા પાડી એટલે નથુએ શેઠીઆને કહ્યું:-"તમારી શરત મુજબ જોડા બનાવી શકીશ." શેઠીએ પગનું માપ લેવાનું કહ્યું. નથુ માપ લેતો હતો એટલામાં તે શેઠીઆએ દેવદૂત ભણી નજર નાંખી પૂછ્યું:-"આ કોણ છે ?" નથુએ જણાવ્યું, કે " મારો નોકર છે. " શેઠીએ કહ્યું, કે "એવા સરસ જોડા બનાવજે કે એક વરસ સુધી ચાલે."

દેવદૂતે સાંભળ્યા કર્યું. તેની નજર શેઠીઆની ઉપર હતી. અને કેટલીક વખત તે તેના માથાની ઉપર ઉંચે જોયાં કરતો હતો. કેટલોક વખત એમ જોયા પછી તે હસી પડયો. અને તેનો આખો ચહેરો પ્રકાશમાન જણાવા લાગ્યો.

શેઠીએ દેવદૂતને કહ્યું:-"તું શું હસે છે ? કંઇ જંગલી જેવો લાગે છે. એટલું બરોબર ધ્યાન રાખજે કે વખતસર જોડા તૈયાર કરવાના છે."

દેવદૂતે કહ્યું:-"આપને જ્યારે જોઇએ ત્યારે હું હાજર કરીશ."

શેઠીઆએ બીજી આપવા જેવી સૂચના આપી અને પછી પોતાના માર્ગમાં બેસી ત્યાંથી વિદાય થયો.

Gandhi Heritage Portal

પ્રકરણ ૭ મું.

ન્યુએ દેવદૂતને જણાવ્યું, કે " જો આપણે આ કામ હાથમાં લીધું છે, પરંતુ એવા સરસ જોડા બનાવવા જોઇએ કે આપણે કાંઇ હરકતમાં આવી ન પડીએ. આ ચામડું ઘણુંજ ઉત્તમ છે. અને શેડીઓ ઘણોજ કડક મગજનો લાગે છે. કોઇ પણ જાતની ભૂલ ન થાય એને માટે અત્યંત કાળજી રાખવાની છે. તું મારા કરતાં વિશેષ હુશીઆર છે માટે એ કામ તુંજ હાથમાં લે. "

દેવદૂતે સરસ જોડા બનાવવાનું કામ પોતાના ઉપર લીધું; અને ચામડું લઈ તેને નરમ બનાવવા લાગ્યો. પછી તેને કાપવાનું શરૂ કીધું. નથુની સ્ત્રી તેની પાસે આવીને બેઠી, અને દેવદૂત શું કરે છે તે જોવા લાગી. અને અજાયબ થઇ કે દેવદૂત કેવી રીતે કાપે છે ! કારણકે નથુની સ્ત્રીને પણ તે કામનો કંઇક મહાવરો હતો. તે જોઇ શકી કે દેવદૂતે તે જોડાને માટે ચામડું કાપવાનું મૂકી સપાટ બનાવવાના કકડા કાપ્યા. છતાં તેણે વિચાર કર્યો કે કદાચ મરદના જોડા કેવી રીતે બનાવવા તેની મને ખબર ન હશે. દેવદૂત અમારા બધા કરતાં હુશીઆર છે માટે જેમ એની મરજીમાં આવે તેમ કરવા દેવું.

હવે દેવદૂત સપાટને માટે ચામડું કાપી રહ્યો. અને એકવડા દોરાથી તે સીવવા લાગ્યો. નથુની સ્ત્રી ફરી અજાયબ થઈ. કારણ કે તે જાણતી હતી કે જોડા બનાવવા માટે તો બેવડો દોરો વાપરવો પડે છે. પરંતુ હજી પણ તે ચૂપ બેસી રહીને દેવદૂત શું કરે છે તે

Gandhi Heritage Portal

જોવા લાગી. થોડીવાર પછી નથુ આવ્યો અને તેણે જોયું કે તે શેઠીઆના ચામડામાંથી જોડા બનાવવાનું મૂકો દેવદૂત સપાટ બનાવે છે!

નથુ એકદમ દીલગીર થઈ ગયો અને વિચાર્યું કે દેવદૂત એક વર્ષ થયા કામ કરે છે અને કોઇ દિવસ કાંઇ પણ ભૂલ કરી નથી અને આજે આ શું કરે છે? તે શેઠીઆએ જોડા બનાવવાનું કહ્યું છે ને આ તો સપાટ બનાવે છે. હવે તો એણે ચામડું પણ કાપીને બગાડયું છે! અને હું તે શેઠીઆને શું જવાબ દઇશ? એમ મોટી ફીકરમાં પડયો. કારણ કે એવું ચામડું બીજી જગ્યાએથી મળી શકે એમ પણ ન હતું.

અત્યંત શોકાતુર થઈ તેણે દેવદૂતને કહ્યું:-"મારા દોસ્તદાર, આ તેં શું કર્યું? તેં મારા સર્વસ્વનો હવે નાશ કર્યો છે. તે શેઠીઆએ જોડા બનાવવાનો હુકમ આપ્યો છે અને તેં તો સપાટ બનાવ્યા. હવે હું શું કરીશ? તે શેઠીઓ કોઇ મોટો પુરૂષ છે; અને તે મને કેદમાં નાંખશે. મારાં બાયડી છોકરાંનું શું થશે?..."

નથુ આમ વાતચિત કરે છે એટલામાંજ બારણે કોઇનો અવાજ સંભળાયો. બારીમાંથી નથુએ બહાર જોયું. તો કોઇ ઘોડા ઉપરથી ઉતરીદુકાનમાં આવે છે. તેણે જઇ બારણું ઉઘાડયું તો તજ શેઠીઆનો નોકર આવ્યો. તે કહેવા લાગ્યો કે-"મારી શેઠાણીએ જોડા વિષે કંઇ સૂચના કરવા મને મોકલ્યો છે."

નથુએ પૂછ્યું:—"શું છે?"

નોકરે કહ્યું:—"શેઠ તે દિવસે આવ્યા હતા, તેને માટે જોડા બનાવવાના હતા. પરંતુ તે એકાએક ગુજરી ગયા છે."

નથુએ કહ્યું:—"એવું તું શું બોલે છે?"

Gandhi Heritage Portal

નોકરે કહ્યું:—"શેઠ ગાડીમાં બેસી તારે ઘેરથી ગયા કે રસ્તા-માંજ ગાંડામાં તેઓ એકાએક ગુજરી ગયા. ગાડું ઘર આગળ પહોંચ્યું, ત્યારે હું પાસે ગયો અને જોઉં છું તો શેઠ ચત્તાપાટ પડેલા અને શ્વાસ પણ બંધ થઇ ગયેલો ! અમોએ ગાડામાંથી નીચે ઉતાર્યા. પરંતુ તેમનામાં જીવ નહોતો. આ આશ્ચર્યકારક તેમજ ખેદકારક બનાવ છે. મારી શેઠાણીએ તરતજ મને કહ્યું કે 'મોચીને ત્યાં પાછો જા. અને જોડા બનાવવાનો હુકમ આપ્યો છે તેને બદલે તેજ ચામડા-માંથી શબને વાસ્તે સપાટ બનાવવાનું કહી આવ, અને જ્યાં સુધી તે તૈયાર થાય ત્યાં સુધી થોભજે. અને તારી સાથેજ લઈ આવજે, આથી હું તમારી પાસે કહેવા આવ્યો છું." દેવદૂતે સપાટ તૈયારજ કરી રાખી હતી. તેને સાફ કરીને બીજા ચામડાના ટુકડા વધેલા હતા તે એકઠા કરી એક બેંગી બનાવી. સપાટ અને તે બેંગી તે નોકરને હવાલે કરી દીધાં. નોકર તેમને પૈસા ચૂકવી આપી ત્યાંથી ચાલી નીકળ્યો.

પ્રકરણ ૮ મું.

એ ક વર્ષ પૂરું થયું. બે પૂરાં થયાં અને દેવદૂતને નથુએ ત્યાં રહેવાને હવે પાંચ વર્ષ થઇ ગયાં, દેવદૂત અગાઉની માફકજ રહેતો હતો. તે કદી બહાર ગયો નથી. કદી બીનજરૂરી વાત કરી નથી. અને સઘળા વખતમાં ફકત બેજ વાર હસ્યો છે. પહેલી વાર—જ્યારે તે નથુને ઘેર આવ્યો અને નથુની સ્ત્રીએ તેને ખાવાનું આપ્યું ત્યારે; બીજી વાર—જ્યારે તે શેઠીઓ દુકાનમાં આવીને બેઠો હતો ત્યારે. નથુ દેવદત્તના

Gandhi Heritage Portal

કાર્યથી એટલો બધો આનંદ પામ્યો હતો કે તેને ફકત એટલીજ ચિંતા હતી કે દેવદૂત તેની પાસેથી ચાલ્યો ન જાય. નથુએ તેને કદી પૂછ્યું નહિં કે તું કયાંથી આવે છે?

એક દિવસ તેઓ ઘરમાં બેઠા હતા. નથુની સ્ત્રી ઘરકામમાં હતી અને છોકરાંઓ બહાર રમતાં હતાં. નથુ પોતાનાં હથીઆર ઘસતો હતો અને દેવદૂત સીવવાનાં કામમાં ગુંથાયલો હતો. તેવામાં નથુનો એક છોકરો બહારથી દોડતો આવી દેવદૂતને વળગી કહેવા લાગ્યોઃ- "કાકા, જૂઓ, બહાર એક વેપારીની સ્ત્રી આવે છે અને તેની સાથે બે છોકરીઓ છે. તેમાંથી એક બિચારી લૂલી છે."

છોકરાએ આ કહ્યું કે દેવદૂતે તરતજ પોતાનું કામ પડતું મેલ્યું અને બારીમાંથી આતુરતાથી જોવા લાગ્યો. નથુ આશ્ચર્ય પામ્યો. કારણ કે દેવદુત કદી પણ પોતાનું કામ છોડી કંઇ પણ જોવા ઉઠતો નહતો.

તે સ્ત્રી નથુને ત્યાંજ આવતી જણાઈ. દરવાજો ઉઘાડી તે અંદર આવી બંને છોકરીઓ માની પાસે પાસે બેઠી. એક છોકરી લૂલી હતી. તેઓને સ્વચ્છ કપડાં પહેરાવેલાં હતાં. નથુએ આવકાર આપી બાંકડા પર બેસાડયાં. તે સ્ત્રીએ કહ્યું કે—"આ બંને છોકરીઓ માટે જોડા બનાવવાના છે. તમો બનાવી શકશો?"

નથુએ કહ્યુંઃ-"ઘણી સારી વાત. મેં કોઇ દિવસ બનાવ્યા નથી. પણ આ મારો માણસ છે તે બનાવી શકશે. માટે એને આપો."

નથુ દેવદૂતના તરફ જોવા લાગ્યો. દેવદૂત પોતાનું કામ એક બાજુએ પડતું મૂકી બંને છોકરીઓ તરફ તાકી તાકીને જોયા કરતો હતો. નથુ આથી આશ્ચર્ય પામ્યો. બંને નાની છોકરીઓ ઘણીજ સુંદર હતી છતાં પણ નથુ સમજી શકયો નહિ કે દેવદૂત આટલું બધું તાકી તાકીને છોડીઓને શામાટે જૂએ છે? નથુએ તે બંને

Gandhi Heritage Portal

છોકરીઓનાં માપાં લીધાં. સ્ત્રીએ કહ્યું કેઃ-"છોકરીનો એક પગ વાંકો છે. માટે એક જોડો બીજાથી ન્હાનો કરવાનો છે. અને ત્રણ સરખાજ કરવાના છે. કારણ કે બંને છોકરીના પગ સરખાજ છે. તેઓ જોડે જન્મેલાં બચ્ચાંઓ છે."

નથુએ માપ લીધા બાદ સ્ત્રીને પૂછયું કે-"આ છોકરીનો પગ લૂલો શાથી થયો? શું જન્મથીજ તે એવો હતો?"

તે સ્ત્રીએ કહ્યુંઃ-" ના. એની માથી ભાંગી ગયો હતો."

નથુની સ્ત્રી પણ એજ વાતમાં ભળી અને તેણે પૂછયુંઃ—

" ત્યારે તમે એમનાં મા નથી?"

તે સ્ત્રીએ જવાબ આપ્યોઃ-" ના. બહેન, હું એની મા નથી. તેમજ કંઇ સગી પણ નથી. એ છોકરાંઓ મને તદ્દન અજાણ્યાં હતાં. મેં તેમને દત્તક લીધાં છે."

" ત્યારે તે તમારાં છોકરાં નથી છતાં તમે એને એટલાં બધાં ચાહો છો?"

" હું એમને ચાહ્યા વિના કેમ રહું? મેં મારૂં દુધ પાઈને એમને ઉછેર્યાં છે, મારૂં એક પોતાનું છોકરૂં પણ હતું. પરંતુ તેને ઇશ્વરે પાછું લઇ લીધું."

" ત્યારે આ છોકરાં ખરી રીતે કોનાં છે?"

પ્રકરણ ૯ મું.

તે સ્ત્રીએ પછી બન્ને છોકરાંની વાત કરવા માંડીઃ " સાત વર્ષ ઉપર આ છોકરાંઓ એકજ અઠવાડીઆમાં માબાપ વગરનાં થઈ ગયાં. એમના પિતાનો અગ્નિદાહ મંગળવારે થયો હતો. અને માનો શુક્રવારે થયો હતો. એમનો

Gandhi Heritage Portal

જન્મ એમના પિતા ગુજરી જવા પછી ત્રણ દિવસે થયો હતો. અને મા એકજ દિવસ જીવતી રહી હતી.

" તે વખતે હું મારા પતિ સાથે તેજ ગામમાં રહેતી હતી. એમનું ઘર અમારા ઘરની નજીકમાંજ હતું. એમનો બાપ ગરીબ સ્થિતિનો હતો. અને જંગલમાં લાકડાં કાપવાનું કામ કરતો હતો. એક દિવસે તે એક ઝાડ કાપતો હતો, તે વખતે એકાએક તે ઝાડ તેના ઉપર પડયું. અને તે છુંદાઈને મરી ગયો. જંગલમાંથી ઘેર લાવતાં સુધી પણ તે જીવ્યો નહિ. "

જે અઠવાડીઆમાં તે ગુજરી ગયો તેજ અઠવાડીઆમાં તેની સ્ત્રીએ એક સાથે બે બચ્ચાંને જન્મ આપ્યો. તે ગરીબ બિચારી સ્ત્રી કોઇના પણ આધાર વગરની થઇ ગઇ હતી. જે દિવસે તેણે છોકરાંને જન્મ આપ્યો તેજ દિવસે હું તેને જોવા ગઈ; અને તેનું શરીર મને એકદમ ઠંડું લાગ્યું. તે બિચારી મરવાની અણીપર હતી. દુઃખને લીધે કદાચ તે પથારીમાં આમ તેમ પાસું બદલતી હશે તેમાં આ છોકરીનો કુમળો પગ છુંદાઈ ગયો હશે. પાડોશીઓ તરતજ ત્યાં આવ્યા. અને શરીરને ધોયું. અને મૃતક દેહને વાસ્તે બીજી સર્વ તૈયારીઓ તેમણે કરી અને તે સ્ત્રીને અગ્નિદાહ દીધો.

"પડોશીઓ સર્વ ભલાં માણસ હતાં તેમણે હવે વિચાર્યું કે આ કોમળ બાળકોનું શું કરવું ? સર્વ લોકોએ એકઠા થઇ વિચાર્યું કે છોકરાં હાલ તુરત તો મને સોંપવાં કારણ કે તે વખતે મને એક નાનું છોકરું હતું, એટલે હું દુધ આપી શકતી હતી. પછી શું કરવું તે સર્વ લોકોએ મળી વિચાર કરવાનું રાખ્યું. મેં બન્ને છોકરાંઓને દુધ આપ્યું; અને ત્રીજું મારું હતું તેને પણ. હું તે વખતે યુવાન અને મજબુત હતી, અને સારો ખોરાક લેતી હતી.

Gandhi Heritage Portal

એથી પરમાત્માએ મને એટલું બધું દુઃખ આપ્યું કે હું ત્રણે છોકરાંને ઉછેરી શકી.

" પરંતુ મારૂં છોકરૂં બે વર્ષની ઉમ્મરનું થઇને ચુજરી ગયું. અને ત્યાર પછી ઇશ્વરે મને બીજું છોકરૂં આપ્યું નથી. પડોશી લોકોએ પણ પાછળથી વિચાર કરી ઠરાવ્યું કે એ છોકરાંને હંમેશ મારેજ રાખવાં. હવે એ મારાં છોકરાંઓને ચાહ્યા સિવાય હું કેવી રીતે રહું ? જેવી રીતે મીણબત્તીને જેટલું મીણ છે તેવી રીતે આ છોકરીઓ મને છે. " ત્યાર પછી તેણે લૂલી છોકરીને પોતાની પાસે લીધી અને આંખમાંના આંસુ લૂછી નાંખ્યા.

આ વાત સાંભળી નથુની સ્ત્રીને તે છોકરાંઓ પ્રત્યે અત્યંત દયા ઉપજી. અને તે કહેવા લાગીઃ-" બહેન, એક કહેવત છે તે ખોટી નથી, કે માબાપ સિવાય બીજું પણ ચાહી શકે છે પરંતુ જીવાડવું તો ઇશ્વરનાજ હાથમાં છે. "

આ રીતે જ્યારે તેઓ વાત કરતાં હતાં ત્યારે એકાએક જાણે દેવદૂત બેઠો છે તે ખૂણામાંથી આવતા પ્રકાશથી ઓરડો પ્રકાશમય થઇ ગયો. તેઓ બધાં દેવદૂત તરફ જોવા લાગ્યાં. અને દેવદૂત પોતાના બે હાથ જોડી ઉંચું જોઇ હસ્યા કરતો હતો.

પ્રકરણ ૧૦ મું.

સ્ત્રી છોકરાંઓને સાથે લઇ ચાલી ગઈ. દેવદૂત પોતાના બાંકડા ઉપરથી ઉભો થયો, પોતાનું કામ એક બાજુએ છોડી દીધું. નથુ અને તેની સ્ત્રીને તેણે વાંકા વળી નમન કર્યું; અને બોલ્યોઃ-" હવે હું આપની પાસેથી રજા માગું છું. ઇશ્વરે મને હવે માફી આપી છે. મેં કંઇ પણ બોટું

Gandhi Heritage Portal

કર્યું હોય તો આપ પણ મને માફી આપશો. " અને તેઓ બંનેએ જોયું કે દેવદૂતના શરીરમાંથી પ્રકાશ નીકળતો હતો.

નથુ તુરતજ ઉભો થયો, દેવદૂતને નમન કર્યું અને બોલ્યોઃ " ભાઇ દેવદૂત, હું જોઉં છું કે આપ કંઇ સાધારણ માણસ નથી. આપને હું રહેવાની ફરજ પાડતો નથી યા કંઇ સવાલ પૂછતો નથી. છતાં એટલું તો ફકત મને કહોજ કે જ્યારે હું આપને મળ્યો અને મારે ઘેર બોલાવી લાવ્યો ત્યારે દિલગીર હતા. અને મારી સ્ત્રીએ બાવાનું આપ્યું ત્યારે હસી પડયા; અને આપ તેજસ્વી દેખાવા લાગ્યા. વળી પાછું જ્યારે તે શેઠીઓ આવ્યો ત્યારે પણ આપ બીજી વખત હસ્યા અને વધુ પ્રકાશમાન દેખાવા લાગ્યા. અને હવે જ્યારે આ સ્ત્રી નાની છોકરીઓને લઇને આવી ત્યારે ત્રીજી વખત શામાટે હસ્યા ? અને હવે આટલા બધા તેજસ્વી કેમ લાગો છે ? ભાઇ દેવદૂત, આપ મને કહો કે આપનામાંથી આટલું બધું તેજ કેમ પ્રકાશે છે ? અને આપ શામાટે ત્રણ વાર હસ્યા ? "

દેવદૂતે કહ્યું:-"હાલમાં મારામાંથી તેજ પ્રકાશે છે તેનું કારણ એટલું જ કે મને જે શિક્ષા થઇ હતી તેની હવે ઇશ્વરે મને માફી બક્ષી છે. અને હું ત્રણ વખત એટલા માટે હસ્યો કે ઇશ્વરના ત્રણ શબ્દો મારે શીખવા જોઇએ, એવી આજ્ઞા મને થઇ હતી. અને હવે એ ત્રણ શબ્દો હું જાણું છું. પહેલો શબ્દ જ્યારે આપની સ્ત્રીએ મારા પર દયા કરી ત્યારે હું શિખ્યો; અને તેથી તે વખતે પહેલી વાર હસ્યો. બીજો શબ્દ જ્યારે પેલો પૈસાદાર શેઠીઓ જોડા બનાવવાનો હુકમ આપી ગયો ત્યારે હું શિખ્યો. અને તેથી બીજી વાર હસ્યો. અને હવે જ્યારે મેં આ છોડીઓને જોઇ ત્યારે ત્રીજો શબ્દ શિખ્યો. અને તે છેલ્લો હતો. અને તેથી ત્રીજી વખતે હસ્યો."

Gandhi Heritage Portal

નથુએ પૂછયુ:-"ભાઇ દેવદૂત, ઇશ્વરે તને શામાટે શિક્ષા કરી ? અને ત્રણ શબ્દો તે કયા છે ? તે કહેા તેા હું પણ તે જાણી કંઇક તેમાંથી શિખી શકું. "

દેવદૂતે કહ્યું:-" ઇશ્વરે મને સજા એટલા માટે કરી કે હું તેની આજ્ઞા વિરૂદ્ધ ચાલ્યેા. હું સ્વર્ગમાંનેા ફીરેસ્તેા હતેા. અને હું ઇશ્વરની આજ્ઞા વિરૂદ્ધ ચાલ્યેા હતેા. હું જે વખતે સ્વર્ગમાં ફીરેસ્તેા હતેા તે વખતે ઇશ્વરે મને એક સ્ત્રીનેા આત્મા લઇ આવવાની આજ્ઞા કરી. હું પૃથ્વી પર આવ્યેા, અને તે સ્ત્રી પાસે ગયેા. તે એકલી અને માંદી હતી- તે બિચારીએ તરતજ બે નાની છેાકરીઓને જન્મ આપ્યેા હતેા. બંને છેાકરીઓ અત્યંત દયામણી રીતે રેાતી હતી. મા તેા એટલી નબળી હતી કે તે બિચારી પેાતાનાં બચ્ચાંઓને લઇ ધવડાવી શકતી નહેાતી. તેણે મને જોયેા અને તરતજ તે સમજી ગઈ કે ઇશ્વરે મને તેનેા પ્રાણ લેવા મેાકલ્યેા છે. તેથી તે અત્યંત રેાઇને કહેવા લાગી:

" ઇશ્વરના ફીરેસ્તા, મારેા ધણી એક બે દિવસ ઉપરજ ગુજરી ગયેા છે. જંગલમાં એક ઝાડ તેમના ઉપર પડયું અને તરતજ તેમના પ્રાણ ગયા. મારે મા નથી. માશી નથી કે બહેન નથી. કે તે આ છેાકરાંની સંભાળ લે. માટે મારેા આત્મા તું ન લે. મારાં છેાકરાંને ઉછેરી મેાટાં કરવા દે. અને આ સંસારમાં તેઓ પેાતાની જીંદગી શરૂ કરી દે એવી સ્થિતિમાં આવવા દે. આ ગરીબ છેાકરાંઓ માબાપ વિના કેવી રીતે જીવી શકશે ? ' એમ કહી તે સ્ત્રીએ એક છેાકરીને તેની છાતી ઉપર મૂકાવી અને બીજીને બીજા હાથમાં આપી. અને હું સ્વર્ગ તરફ પાછેા ફર્યેા.

ઇશ્વરની પાસે જઇ મેં કહ્યું કે-'હું તે સ્ત્રીનેા પ્રાણ લઇ આવી

Gandhi Heritage Portal

શકયો નથી. તેનો ધણી જંગલમાં એકાએક ગુજરી ગયો અને તેને બે નોડે જન્મેલાં બચ્ચાં છે. આથી તેનો આત્મા હાલમાં ન લેવો એમ તે વિનંતિ કરે છે. અને કહે છે કે મને છોકરાંને ઉછેરીને મોટાં કરવા દે. માબાપ સિવાય તે કેવી રીતે જીવી શકે? આ જોઇ મારાથી તેના પ્રાણને લઇ શકાયો નહિ.'

ઇશ્વરે કહ્યું:—' તું તરતજ પાછો ચાલ્યો જા. અને તે સ્ત્રીનો પ્રાણ લઇ આવ. તારે હજુ ત્રણ શબ્દો શિખવાના છે: (૧) **મનુષ્યમાં શું સમાયલું છે? (૨) મનુષ્યને શું અક્ષવામાં આવ્યું નથી? (૩) અને મનુષ્યો શાથી જીવી શકે છે?** જ્યારે તું આ શબ્દો શિખી રહે ત્યારેજ—ત્યાર પછીજ—તું સ્વર્ગમાં આવજે." હું પૃથ્વી પર તરતજ ચાલ્યો આવ્યો. અને મેં તે સ્ત્રીના પ્રાણ લીધા. બચ્ચાંઓ માની છાતીઓથી છૂટાં પડ્યાં.

હું તે સ્ત્રીના આત્માને લઇ ઇશ્વર પાસે જવા ઉંચો ચઢ્યો. પરંતુ ભારે પવન ફુંકાતો હોવાથી મારાથી ઉંચે ચઢી શકાયું નહિ. મારી પાંખો તૂટી પડી. તે સ્ત્રીનો આત્મા મારી પાસેથી છટકીને એકલોજ ઇશ્વર પાસે ચાલ્યો ગયો. અને હું, આપે જે દેવળની સામે રસ્તાની બાજુએ પડેલો મને જોયો ત્યાં, નગ્નાવસ્થામાં પડ્યો.

Gandhi Heritage Portal

પ્રકરણ ૧૧મું.

વે નથુ અને તેની સ્ત્રી જોઇ શકયાં કે તેમણે કેવા મનુષ્યને પોતાના ઘરમાં રાખ્યો હતો. અને કેવા મનુષ્યની સાથે તેઓ રહેતાં હતાં. થોડો વખત થયા પછી દેવદ્રતે કહ્યું:-" હું તે ગલીમાં દેવળ પાસે નગ્નાવસ્થામાં પડયો હતો. સંસારમાં મનુષ્ય પ્રાણીઓને શેની શેની જરૂર છે? દરિદ્રતા અને ભૂખ, ઠંડી અને ગરમી એ શું છે? તે અને દુકાંમાં મનુષ્ય પ્રાણીને શું શું આવસ્યકતા છે તેની મને કંઇજ સમજણ નહોતી. અને તમારી સાથે રહ્યાથી હવે હું મનુષ્ય થયો છુ. દેવળ નજીક હું અત્યંત ઠંડીથી અકળાઇ ગયો હતો. પરંતુ મને ખબર નહોતી કે મારે શું કરવું? હું દેવળમાં જવાનો ઇરાદો રાખતો હતો. પરંતુ દરવાજાને તાળું હોવાથી હું અંદર જઈ શકયો નહિ. તેથી હું આખરે દેવળની ભીંતની નજીક બેસી ગયો.

" સાંજ પડી ગઇ અને મને ઠંડી તથા ભૂખ લાગવા માંડી. એવામાં એકાએક મેં રસ્તાની બાજુએ એક માણસને આવતાં જોયો. તે આપજ હતા. હું પૃથ્વી પર મનુષ્ય થઇને પડયા પછી કોઇપણ માણસને મેં પ્રથમ જોયો હોય તો તે આપજ હતા. પ્રથમ તો આપનો ચહેરો જોઇ મને અત્યંત ભય ઉત્પન્ન થયો અને હું પાછળ ફરીને બેઠો. આપ આપની સાથેજ વાત કરતા હતા કે આવી સખત ઠંડીમાંથી કેવી રીતે બચવું, સ્ત્રી અને છોકરાંઓ સારૂ ખાવાનું કેવી રીતે મેળવવું? આ સર્વ હું સાંભળતો હતો. અને મેં વિચાર્યું કે હું પણ ઠંડી અને ભૂખથી અત્યંત પીડાઉં છું. આપે મને જોયો અને આપને દયા ઉત્પન્ન થઇ; ને થોડી વાર વિચાર કરી આપે ચાલવા માંડયું. આ જોઇ હું અત્યંત નિરાસ થઇ ગયો.

Gandhi Heritage Portal

એવામાં એકાએકજ આપ મારી તરફ પાછા વળ્યા અને મારી નજીક આવ્યા. પ્રથમ તો આપનો ચહેરો ઘણોજ શાંત દેખાતો હતો. અને આપના અંતઃકરણમાં ઈશ્વર અને દયાનો વાસ છે એમ હું જોઇ શકયો. આપે મને કપડાં પહેરાવ્યાં. અને મને આપને ઘેર લઇ આવ્યા. અહીં આગળ મેં આપની સ્ત્રીને પ્રથમ જોઇ ત્યારે તો તે આપના કરતાં પણ મને અત્યંત ભયંકર લાગી. તેની ઇચ્છા મને પોતાના ઘરમાંથી બહાર ભયંકર ઠંડીમાં કાઢી મૂકવાની હતી. અને મેં જાણ્યું કે જો તે એમ કરશે તો તેનું મૃત્યુ નજીકજ છે.

" આપે તેને પરમાત્મા વિષે યાદ આપી. અને મનુષ્ય શરીર નાશવંત છે તે પણ જણાવ્યું. તે સાંભળી તેની વૃત્તિ એકદમ બદલાઇ ગઇ. તેણે જ્યારે મને ખાવાનું આપ્યું અને મારા તરફ પ્રેમવૃત્તિથી જોવા લાગી ત્યારે મેં તેના તરફ જોયું. અને તેના ચહેરા પરથી મને દીસ્યું કે તેને માટે મૃત્યુ ઘણું દૂર છે. તેના અંતઃકરણમાં ઇશ્વરનો વાસ છે. તે પણ મેં જોયું. અને ઇશ્વરનો પહેલો શબ્દઃ **'મનુષ્યની અંદર શું રહેલું છે તે તું શિખશે'** એ મને તરતજ યાદ આવ્યો. અને હું સમજ્યો કે **મનુષ્યના હૃદયમાં અપૂર્વ પ્રેમ રહેલો છે.** એ જાણીને હું અત્યંત રાજી થયો. પરમાત્માએ મને જે વચન આપ્યું તે તેણે મારી આગળ પ્રકાશિત કર્યું હતું તેથી હું પહેલી વાર હસ્યો. પરંતુ **મનુષ્યને શું નથી આપવામાં આવ્યું ? અને મનુષ્યો શાથી જીવે છે ?** આ બે બાબત મેં જાણી નહોતી. હું આપની સાથે રહેવા લાગ્યો. આપની સાથે રહેતાં એક વર્ષ થયું કે એક દિવસ એક ગૃહસ્થ આપની દુકાનમાં બૂટ બનાવવાનો હુકમ આપવા આવ્યો. તેણે જોડા બરાબર એક વર્ષ સુધી-આકાર બદલાયા સિવાય-ચાલે એવી જામીની સાથે બૂટ બનાવવાનું કહ્યું.

Gandhi Heritage Portal

મેં તે ગૃહસ્થના તરફ જોયું અને એકાએક તેની પછવાડે અંતરીક્ષમાં મેં મારા મિત્ર યમરાજ=(જીવ લેનાર દૂત) ને જોયા. મારા સિવાય બીજા કોઇએ તેને જોયા નહતા. અને મેં જાણ્યું કે સંધ્યાકાળ પહેલાં આ પૈસાદાર ગૃહસ્થનો પ્રાણ મારા મિત્ર યમરાજ લેશે. અને મેં તેજ વખતે વિચાર કર્યો કે આ ગૃહસ્થ, જોડા વર્ષ દિવસ સુધી પહોંચવા જોઇએ એમ કહેવા માંગે છે પરંતુ તે પામર મનુષ્ય જાણતો નથી કે આજે સંધ્યાકાળ અગાઉ તો તેનું મૃત્યુ છે. મને તરતજ ઇશ્વરનો બીજો શબ્દ યાદ આવ્યો: **'મનુષ્યને શું નથી આપવામાં આવ્યું તે તું શિખીશ.'**

મનુષ્યનામાં શું રહેલું છે તેની તો મને ખબર પડીજ હતી. હવે મનુષ્યને શું આપવામાં નથી આવ્યું તે પણ મને સમજાયું. **મનુષ્યને એ જાણવાની શક્તિ આપવામાં આવી નથી કે તેમના દેહને માટે તેમને શાની જરૂર પડશે.** એ જાણવાથી હું બીજી વખત ડરયો. મારા મિત્ર યમરાજને જોવાથી હું અત્યંત રાજી થયો હતો; તેમજ પરમાત્માએ મને જણાવેલા બીજા શબ્દ વિષે પણ મારા પર પ્રકાશ પડયો તેથી હું અત્યંત રાજી થયો.

પરંતુ હજુ પણ ઇશ્વરનો ત્રીજો શબ્દ, મનુષ્ય શાથી જીવે છે? એ હું સમજ્યો ન હતો. એ શબ્દનો અર્થ મને પરમાત્મા પ્રકાશિત કરી બતાવે ત્યાં સુધી મેં થોભવાનોજ વિચાર રાખ્યો. અને છ વર્ષે બે સાથેજ જન્મેલી છોકરીઓને લઇ એક સ્ત્રી દુકાનમાં આવી. મેં તેમને ઓળખ્યાં. અને તે બચ્ચાંઓ કેવી રીતે જીવી શકયાં તે પણ મેં જાણ્યું. હું જ્યારે તે છોકરાંઓની માનો પ્રાણ લેવા ગયો હતો ત્યારે તે સ્ત્રી આજીજીથી કહેતી હતી, કે 'માબાપ સિવાય આ બચ્ચાંઓ કેવી રીતે જીવી શકે?' અને હું પણ એમ માનતો હતો

Gandhi Heritage Portal

કે 'બાપ સિવાય તરતના જન્મેલાં બચ્ચાં જીવી શકે નહિ.' અને છતાં પણ એક તદ્દન અજાણી સ્ત્રીએ તે છોકરાંની સારવાર કરી તેમને ઉછેર્યાં. અને તે સ્ત્રી છોકરીઓના દુર્દૈવ માટે વિલાપ કરી કહેતી હતી કે તે બાળકો તેનાં નથી. છતાં તે બચ્ચાંઓ પ્રત્યે તેનો અનહદ પ્યાર અને માયા મેં જોયાં. અને હું જોઇ શકયો કે તેના અંતઃકરણમાં ઈશ્વરનો વાસ છે. અને 'મનુષ્યો શાથી જીવી શકે છે.' તે પણ જાણ્યું. પરમાત્માએ ત્રીજા શબ્દનો ભાવાર્થ પણ આમ મને સમજાવ્યો અને મને માફી મળી ગઇ તેથી છેવટે હું ત્રીજીવાર હસ્યો."

પ્રકરણ ૧૨ મું

વદૂતે આટલી વાત કર્યા પછી તેના શરીર ઉપરથી બધાં કપડાં નીચે પડી ગયાં, અને તેના શરીરમાંથી એટલો બધો પ્રકાશ પડવા લાગ્યો કે તેની સામું પણ જોઇ શકાય નહિ. જ્યારે દેવદૂત બોલતો હતો ત્યારે તેનો અવાજ જાણે ઉંચે સ્વર્ગમાંથી આવતો હોય એમ લાગતું હતું.

હવે દેવદૂત પાછો બોલવા લાગ્યોઃ-" હવે હું શિખ્યો છું કે દરેક મનુષ્ય માત્ર પોતાનીજ સંભાળથી જીવી શકતો નથી, પરંતુ એક બીજા સાથેની પ્યારની લાગણીથી જીવે છે. પોતાના વહાલાં બચ્ચાંઓની જીંદગી વાસ્તે શાનીશાની જરૂર પડશે, તે તેમની માતાને પણ જાણવાની શક્તિ આપેલી નથી. પૈસાદાર ગૃહસ્થને પણ ખબર નથી કે પોતાની જીંદગી વાસ્તે તેને શું શું જોઇએ છે.

Gandhi Heritage Portal

કોઇ પણ મનુષ્યને એ જાણવાની શક્તિ આપી નથી, કે પોતાની જીંદગી વાસ્તે તેને શું શું જોઇએ છે! કોઇ પણ મનુષ્યને એ જાણવાની શક્તિ આપી નથી કે પોતાના જીવિત દેહને માટે તેણે કપડાં ખરીદવાની જરૂર છે, કે સાંજના પોતાના મૃતક દેહને ઓઢાડવા રેશમનાં કપડાંની જરૂર પડશે?

જ્યારે હું મનુષ્ય તરીકે દેવળની પાસે નગ્નાવસ્થામાં પડયો હતો ત્યારે હું મારી પોતાની સંભાળથી કંઇ જીવી શકયો ન હોત. પરંતુ આપ તથા આપની સ્ત્રીએ મારા ઉપર અત્યંત સ્નેહ બતાવ્યો, અને આપના અંતઃકરણમાં પ્યાર અને દયાની લાગણી હતી, તેથીજ આપે મારી સારવાર કરી અને સુખી કર્યો. પેલાં જોડે જન્મેલાં માબાપ વિનાનાં બાળકો શા માટે જીવી શકયાં? કારણ કે અજાણી સ્ત્રીએ તેમના પર પ્યાર રાખી અત્યંત સ્નેહથી ઉછેર્યાં. આ ઉપરથી આપણે જોઈ શકીએ છીએ, કે મનુષ્ય માત્ર ફકત પોતાનીજ સંભાળથી જીવી શકતાં નથી. પરંતુ જે સ્વાભાવિક પ્યાર એક બીજાનાં અંતરમાં વસી રહેલો છે, તેથીજ જીવી શકે છે.

પ્રથમ હું જાણતો ન હતો કે પરમાત્માએ દરેક મનુષ્યને જીંદગી અર્પણ કરી છે અને તેનીજ ઇચ્છાથી જીવે છે. હવે હું એક બીજી વાત પણ સમજ્યો છું કે મનુષ્યો સ્વાર્થ સારૂજ ન જીવે એમ ઇશ્વરે ઇચ્છયું, અને તેટલા માટે દરેક મનુષ્યને પોતાની જાતને માટે શાની જરૂર છે, તે પ્રસિદ્ધ ન કર્યું. મનુષ્યો એમ સમજેલાં દેખાય છે કે તેઓ દરેક પોતપોતાની સંભાળ રાખવાથીજ જીવે છે. પરંતુ સત્ય રીતે જોઇએ તો બધર પડશે કે દરેક મનુષ્ય એક બીજાના પ્રત્યે પ્રેમવૃત્તિ રાખવાથીજ અને એકત્ર રહેવાથી જીવી શકે છે. જે મનુષ્ય બધી સ્થિતિમાં પ્રેમનો કાયદો પાળી તે મુજબ વર્તન

Gandhi Heritage Portal

રાખે છે, તે મનુષ્યમાં ઇશ્વરનો વાસ છે. કારણ કે

ઇશ્વર એજ પ્યાર છે.

દેવદૂત આટલું બોલી ઇશ્વરના ગુણોની સ્તુતિ કરવા લાગ્યો. અને તેના અવાજથી નથુનું ઘર ગાજી રહ્યું. એટલામાં એકાએક નથુના ઘરના છાપરાના બે વિભાગ થઇ ગયા અને ઘરની અંદર દેવદૂત ઉભો હતો તે જગ્યા એકદમ ફાટી અને તેમાંથી અગ્નિની જવાળા નીકળી ઉંચે આકાશમાં જવા લાગી. નથુ, તેની સ્ત્રી અને છોકરાંઓ તો આ બનાવથી બેભાન થઇ જમીન પર પડી ગયાં. દેવદૂતના બભા ઉપર બે પાંખો નીકળી આવી. તેનું શરીર અત્યંત પ્રકાશમાન દેખાવા લાગ્યું. અને તે ઉભો હતો તે જગ્યાએથી એકદમ ઉંચે ઉડી ગયો, અને દેખાતો બંધ થઇ ગયો.

નથુ થોડીવારે ઉઠીને જૂએ છે તો જમીન હતી તેવી સરખી થઇ ગઇ હતી અને ઘરનું છાપરૂં પણ સરખું થઇ ગયું હતું. તેણે દેવદૂતને પણ ઘરમાં ન જોયો. તેણે પોતાની સ્ત્રીને જાગૃત કરી. અને દેવદૂત ત્યાં ન હોવાનું જણાવ્યું. તે જાણી બંને અત્યંત દીલગીર થયાં. દેવદૂતના આવ્યા પછી નથુની સ્થિતિ ઘણીજ સારી થઇ હતી. તેણે દારૂ પીવાનું પણ છોડી દીધું હતું. દેવદૂતની બધી સ્થિતિ અને હકીકત સંભારી નથુને પણ જ્ઞાન ઉત્પન્ન થયું, અને તે પોતાની સર્વ સ્થિતિમાં પ્રેમનો કાયદો અંતઃકરણપૂર્વક પાળવાનો નિશ્ચય કરી તે મુજબ વર્તવા લાગ્યો.

Gandhi Heritage Portal